RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 15-10-2026 I VOL : 12 I Issue : 210 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઑફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

સુવિચાર

ભૂલો જીવનના શ્રેષ્ઠ શિક્ષક છે. સારા સંસ્કાર સૌથી મોટી સંપત્તિ છે.

3  રાજકોટના માસ્ટરમાઇન્ડ અલ્પેશ ડોંગાની ચુંગાલમાંથી મુક્ત થયેલી 100....

4 

મેરઠના ચર્ચાસ્પદ 'બ્લૂ ડ્રમ' હત્યાકાંડમાં પત્ની મુસ્કાન અને પ્રેમી...

6  જેલર 2ના આ સીન માટે વિદ્યા બાલનને આપવા પડ્યા હતા એક પછી...

7  15 ઓક્ટોબરે યોજાનારી IPLની રિવ્યૂ મિટિંગ મોકૂફ

## એક નજર...

### નિક્કી તંબોલીએ કેમેરા સામે આપ્યા બોલ્ડ પોઝ



બિગ બોસ ફેમ એક્ટ્રેસ નિક્કી તંબોલીએ ફરી એકવાર ફોટોશૂટ કરાવ્યું છે. નિક્કી તંબોલીએ પોતાની બોલ્ડ તસવીરો શેર કરી છે. અભિનેત્રી નિક્કી તંબોલી જ્યારથી ટીવીના લોકપ્રિય રિયાલિટી શો બિગ બોસની સિઝન 14માં જોવા મળી ત્યારથી તે હેડલાઈનમાં રહે છે. નિક્કી તંબોલીએ ફરી એકવાર તેનું બોલ્ડ ફોટોશૂટ કરાવ્યું છે અને તેની કિલર સ્ટાઈલથી ચાહકોને ચોંકાવી દીધા છે.

## NEWS TRACK

### સાઉદીમાં વિશ્વની સૌથી મોટી ઓઇલ કંપની અરામકો પર ભીષણ મિસાઈલ હુમલો

સાઉદી અરેબિયા અને યમનના ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓ વચ્ચે ચાલી રહેલો સંઘર્ષ હવે અત્યંત ખતરનાક તબક્કામાં પહોંચી ગયો છે. મંગળવારે મોડી રાત્રે સાઉદી અરેબિયાના પૂર્વીય શહેર ધહરાન માં આવેલી વિશ્વની સૌથી મોટી ઓઈલ કંપની 'સાઉદી અરામકો' ના વહીવટી સંકુલ ને બેલિસ્ટિક મિસાઈલથી નિશાન બનાવવામાં આવ્યું છે. સાઉદી સરકારી સમાચાર એજન્સી (SPA) અને ઊર્જા મંત્રાલયના અધિકારીઓના જણાવ્યા અનુસાર, મિસાઈલ હુમલા બાદ અરામકોના મુખ્ય ભવનમાં આગ ફાટી નીકળી હતી. ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, આ હુમલામાં કંપનીની ઓફિસ બિલ્ડિંગના ઉપરના ત્રણ માળ ક્ષતિગ્રસ્ત થયા છે. જોકે, સત્તાવાર સૂત્રોના હવાલેથી રાહતની વાત એ છે કે આ હુમલામાં કોઈ જાનહાનિ થઈ નથી. અરામકોનું આ સંકુલ કંપનીના મુખ્ય ઓપરેશનલ હબ તરીકે કામ કરે છે. અરામકોના ઓઈલ કૂવા, પાઈપલાઈન, રિફાઈનરીઓ અને એક્સપોર્ટ ટર્મિનલ્સ સાઉદી અરેબિયાની અર્થવ્યવસ્થાનો મુખ્ય આધાર છે.

### અમેરિકામાં ભારતીયોને વધુ એક ફટકો: વર્ક પરમિટનો 540 દિવસનો ગ્રેસ પીરિયડ કાયમ માટે નાબૂદ

યુએસ ડિપાર્ટમેન્ટ ઑફ હોમલેન્ડ સિક્યોરિટી દ્વારા ઈમિગ્રન્ટ્સના હિતમાં મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. એક અહેવાલ મુજબ, DHS દ્વારા એવી નીતિને કાયમી ધોરણે સમાપ્ત કરવાનો નિર્ણય લીધો છે, જેની મદદથી ઘણા ઈમિગ્રન્ટ્સ તેમની વર્ક પરમિટ એક્સપાયર થયા પછી પણ, રિન્યુઅલ અરજી પેન્ડિંગ હોય ત્યારે વધારાના 540 દિવસ સુધી કામ ચાલુ રાખી શકતા હતા. આ નવો અંતિમ નિયમ 14 ઑક્ટોબરે ફેડરલ રજિસ્ટરમાં પ્રકાશિત થવાની સાથે જ લાગુ થઈ ગયો છે. નવા નિયમમાં શું કહેવામાં આવ્યું છે? આ નવા ફેરફાર બાદ હવે ઈમિગ્રન્ટ્સ માટેના નિયમો વધુ કડક બન્યા છે: ઓટોમેટિક એક્સટેન્શન બંધ: વર્ક પરમિટ રિન્યુઅલ માટે અરજી પેન્ડિંગ હોય તે દરમિયાન મળતું ઓટોમેટિક એક્સટેન્શન હવે નાબૂદ કરવામાં આવ્યું છે. એટલે કે, પરમિટની મુદત પૂરી થતાં જ કામદારનો કામ કરવાનો અધિકાર (Work Authorization) પણ સમાપ્ત થઈ જશે, ભલે તેનું રિન્યુઅલ પેન્ડિંગ કેમ ન હોય.

## રાહુલ વિરોધ પ્રદર્શનમાં ઘાયલ થયેલા વિદ્યાર્થીઓને સાથે લાવ્યા

# "શું અમે આ દેશના નાગરિક નથી?"

## રાહુલ ગાંધીની પત્રકાર પરિષદમાં પીડિત વિદ્યાર્થીઓનો આક્રોશ, આંસુ અને સળગતા સવાલો!

નવી દિલ્હી

દેશની લોકશાહી અને યુવાનોના ભવિષ્ય સાથે થઈ રહેલા કથિત અસહ્ય વર્તન સામે આજે દિલ્હીના રાજકારણમાં એક અત્યંત ભાવુક અને સનસનાટીભર્યો માહોલ જોવા મળ્યો હતો. લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ આજે એક ખાસ પત્રકાર પરિષદનું આયોજન કરીને વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ અને તંત્રના દમનનો ભોગ બનેલા પીડિત વિદ્યાર્થીઓને દેશ સમક્ષ અવાજ ઉઠાવવા માટે એક મોટું મંચ પૂરું પાડ્યું હતું. પ્રેસ કોન્ફરન્સમાં પહોંચેલા દેશના ભવિષ્ય સમાન યુવાનોના ચહેરા પર છવાયેલી વેદના, ભય અને આક્રોશ જોઈને ઉપસ્થિત તમામ લોકો સ્તબ્ધ થઈ ગયા હતા. રડી પડેલા વિદ્યાર્થીઓના આત્માને હચમચાવી નાખતા સવાલો પત્રકાર પરિષદમાં દેશભરમાંથી આવેલા પીડિત વિદ્યાર્થીઓએ એકપછી એક પોતાની આપવીતી અને દર્દનાક અનુભવો રાષ્ટ્ર સમક્ષ રજૂ કર્યા હતા. ભાવનાત્મક ચહેરાઓ અને સજળ નેત્રે વિદ્યાર્થીઓએ દેશના શાસકો અને સત્તાધીશો સામે સળગતા સવાલો ફેંક્યા હતા, જેણે સમગ્ર દેશને વિચારવા માટે મજબૂર કરી દીધો છે: 'અમને આટલી બેરહમીથી માર કેમ મારવામાં આવ્યો?' 'શું અમે આ દેશના બાળકો નથી? શું અમે ભારત દેશના નાગરિક નથી?' 'શું આ દેશમાં અન્યાય સામે અવાજ ઉઠાવવો, વિરોધ કરવો અને સરકારની નીતિઓની ટીકા કરવી એ અમારો બંધારણીય અધિકાર નથી?' વિદ્યાર્થીઓએ આંસુ સાથે વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલા પોલીસ અત્યાચાર, માનસિક અને શારીરિક યાતનાઓની કાળી સચ્ચાઈ રજૂ કરી હતી. રાહુલ ગાંધીએ બજાવી 'મોટા ભાઈ' તરીકેની ફરજ પીડિત યુવાનોની પીડા સાંભળ્યા બાદ રાહુલ ગાંધીએ તમામ વિદ્યાર્થીઓને હિંમત આપતાં પ્રોત્સાહિત કર્યા હતા અને તેમની લડાઈમાં ખંભેથી ખંભો મિલાવીને ઊભા રહેવાની ખાતરી આપી હતી.

**વિદ્યાર્થીએ કહ્યું- ગુંડાઓના કહેવાથી અમને કસ્ટડીમાં લીધા**



### વિરોધ કરનાર યુવાનો પર લાઠીચાર્જ અને દમન સામે વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ પીડિત વિદ્યાર્થીઓને આપ્યું મંચ: "મોટા ભાઈ" તરીકે પોતાની નૈતિક ફરજ બજાવી ન્યાયની લડાઈને આપ્યો નવો વેગ!

લોકશાહીમાં વિપક્ષની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ હોય છે, કારણ કે દેશના પીડિત નાગરિકો પર વિપક્ષનો પણ એટલો જ અધિકાર છે જેટલો શાસક પક્ષનો છે. રાહુલ ગાંધીએ આજે દેશના યુવાનોના વાલી અને 'મોટા ભાઈ' તરીકેની પોતાની નૈતિક ફરજ સંપૂર્ણ નિષ્ઠાથી બજાવી હોવાની ચર્ચાઓ રાજકીય ગલિયારામાં જોરશોરથી ચાલી રહી છે.

### કેન્દ્રીય કેબિનેટના મોટા નિર્ણય

## હવે દિવ્યાંગોને જન્મથી પેન્શન, રેલવે કર્મીઓને 78 દિવસનું બોનસ

નવી દિલ્હી

કેન્દ્રની મોદી સરકારે દેશના લાખો રેલવે કર્મચારીઓને દિવાળી પહેલા મોટી ભેટ આપી છે. આજે બુધવારે મળેલી મોદી કેબિનેટે ત્રણ મોટા નિર્ણયો લીધા છે. જે હેઠળ રેલવેના કર્મચારીઓ માટે 78 દિવસના પરફોર્મન્સ લિંક્ડ બોનસને મંજૂરી આપવામાં આવી છે. દિવાળી પહેલા આશરે સાડા અગિયાર લાખ કર્મચારીઓને આ બોનસ આપવામાં આવશે, જેના માટે 2009 કરોડ રૂપિયાની મંજૂરી આપવામાં આવી છે. દિવ્યાંગો માટે પહેલા 80 ટકા થ્રેશોલ્ડ હતો તેને હવે અડધો કરીને 40 ટકા પર જ આપવામાં આવશે. સાથે જ હવે જન્મથી જ દિવ્યાંગોને પેન્શન આપવામાં આવશે. પહેલા 18 વર્ષની ઉંમરથી આપવામાં આવતું હતું. સોશિયલ સિક્યોરિટી નેટને વધારીને 53,428 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી. સરકારે આજે ત્રણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ નિર્ણયો લીધા છે. જેમાંથી પહેલો નિર્ણય રેલવેના લગભગ 11.40 લાખ કર્મચારીઓને 78 દિવસનું બોનસ આપવાનો છે.

### 'PM મોદીએ મને 10 વખત કૉલ કર્યા પણ મેં ન ઉપાડ્યા...', રાજ્યપાલ બનેલા નેતાનો દાવો!

ઝારખંડના પલામુ લોકસભા મતવિસ્તારના પૂર્વ સાંસદ બ્રજમોહન રામને ઓડિશાના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ નિયુક્તિ અંગે વાત કરતાં તેમણે ખુલાસો કર્યો કે મંગળવારે સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને ખાનગી નંબર પરથી એક પછી એક 10 વખત ફોન કર્યો હતો, પરંતુ નંબર ઓળખી ન શકવાને કારણે તેમણે ફોન ઉપાડ્યો નહોતો. બાદમાં ફોન કરનાર વડાપ્રધાન હોવાનું જાણવા મળતાં તેમણે વાત કરી હતી. આ દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ તેમને ફોન કરીને નવી જવાબદારી અંગે જાણ કરી હતી.

### દીપકેએ કહ્યું- જેલમાં નાખી દો, પરવા નથી

## કોકરોચ પાર્ટી 16 ઓક્ટોબરે દિલ્હીમાં ફરી વિરોધ પ્રદર્શન કરશે

નવી દિલ્હી

કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સ્થાપક અભિજિત દીપકેએ 16 ઓક્ટોબરે પ્રદર્શનની જાહેરાત કરી. દીપકેએ બુધવારે વીડિયો સંદેશ જાહેર કરીને કહ્યું કે, બધા લોકો 16 ઓક્ટોબરે સાંજે 5 વાગ્યે તિરંગો લઈને કનોટ પ્લેસ પહોંચે. આ લોકો મને પણ જેલમાં નાખી શકે છે, પરંતુ મને તેની પરવા નથી. દીપકે બુધવારે બપોરે દિલ્હી પહોંચ્યા હતા. એરપોર્ટની બહાર નીકળતી વખતે ભીડ તેમના પર બૂમો પાડવા લાગી. એક મુસાફરે કહ્યું- ભાઈ, દેશને કેમ ખરાબ કરી રહ્યો છે? તેના પર દીપકેએ માત્ર થમ્સ અપનો ઈશારો કર્યો અને ચૂપચાપ જતા રહ્યા. બીજી તરફ, CJPના પ્રવક્તા આશુતોષ રાંકા અને સૌરવ દાસને દિલ્હીની સ્પેશિયલ કોર્ટે 5 દિવસની ન્યાયિક કસ્ટડીમાં તિહાડ જેલ મોકલી દીધા છે. જ્યારે અજિંક્ય શિંદેને ખાનગી બોન્ડ પર મુક્ત કરી દેવામાં આવ્યા હતા. ત્રણેયને મંગળવાર સવારે જંતર-મંતર પર પ્રદર્શન દરમિયાન કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. રાત્રે 3 વાગ્યે તેમને સાવચેતીના પગલા તરીકે ધરપકડ કરવામાં આવી હતી. બુધવારે સવારે તેમને સ્પેશિયલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. આ અંગે રાહુલ ગાંધીએ કહ્યું કે જંતર-મંતર પર તિરંગો લહેરાવવો કોઈ ગુનો નથી.

# "ક્યાં સંતાઈ ગયા છે કહેવાતા ગૌરક્ષકો?"

## નિતિન ગડકરીની કંપની અને ગૌમાંસ (Beef) નિકાસ કરતી કંપની વચ્ચેના બિઝનેસ રિલેશનનો સનસનાટીભર્યો ખુલાસો!

પાક્કો ગુજરાત

દેશમાં જ્યારે પણ ગૌરક્ષા, ગૌમાતા કે ગૌવંશની વાત આવે છે ત્યારે રાજકીય મંચો પરથી મોટા મોટા ભાષણો આપવામાં આવે છે. ગૌરક્ષાના નામે સામાન્ય નાગરિકો, ખેડૂતો અને નાના વેપારીઓ પર કાયદો હાથમાં લઈને દાદાગીરી કરતી મંડળીઓ શેરીઓ અને રોડ-રસ્તાઓ પર અચાનક સક્રિય થઈ જતી હોય છે. પરંતુ જ્યારે સત્તાના ઉચ્ચ સ્થાને બેઠેલા મોટા નેતાઓ કે મંત્રીઓની કંપનીઓ ગૌમાંસ (Beef) નો ધંધો કરતી અને તેની નિકાસ (Export) કરતી આંતરરાષ્ટ્રીય કંપનીઓ સાથે કરોડો રૂપિયાના બિઝનેસ રિલેશન અને ભાગીદારી ધરાવતી હોય, ત્યારે આ કહેવાતા ગૌરક્ષકો કયા ઘરમાં જઈને છુપાઈ જાય છે? આ આજે આખા દેશ માટે એક સળગતો સવાલ બની ગયો છે!

### નિતિન ગડકરીની કંપની અને ગૌમાંસ નિકાસ કરતી 'અલ્લાના' ગૃપ વચ્ચેનો સંબંધ!

કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરી અને તેમના પરિવાર સાથે સંકળાયેલી કંપની પૂર્તિ પાવર એન્ડ સુગર લિમિટેડ (Purti Power and Sugar Ltd) ના શેરહોલ્ડિંગ અને રોકાણના આંકડા સામે આવ્યા ત્યારે રાજકીય ક્ષેત્રે મોટો ભૂકંપ આવ્યો હતો. દસ્તાવેજી પુરાવા અને કોર્પોરેટ વિગતો મુજબ:

ગૌમાંસ (Beef) અને મીટ પ્રોસેસિંગ ક્ષેત્રે ભારતની સૌથી મોટી નિકાસકાર કંપની ગણાતી અલ્લાના એક્સપોર્ટ / અલાના ગૃપ (Allanasons / Allana Group) ની સહયોગી કંપનીઓ દ્વારા પૂર્તિ ગૃપમાં કરોડો રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું હતું.

ગૌમાંસની નિકાસ કરીને અબજો રૂપિયા કમાતી કંપનીઓ અને સત્તાધારી પક્ષના વરિષ્ઠ નેતાની કંપની વચ્ચેના આ નાણાકીય લેવડ-દેવડ અને બિઝનેસ રિલેશને 'ગૌરક્ષા' ના મોટા મોટા દાવાઓ કરનારા શાસકોનો અસલી ચહેરો દેશ સામે ખુલ્લો પાડી દીધો હતો.

### ધર્મના નામે રાજકારણ અને વેપારના નામે કરોડોની કમાણી!

એક તરફ ગૌરક્ષાના નામે નાગરિકોને ધાર્મિક લાગણીઓમાં ઉશ્કેરીને વોટબેંકનું રાજકારણ ખેલવામાં આવે છે, તો બીજી તરફ તે જ ગૌમાંસની નિકાસ કરતી કંપનીઓ પાસેથી પોતાની કંપનીઓમાં કરોડો રૂપિયાનું ભંડોળ અને રોકાણ મેળવવામાં આવે છે.

**ગૌમાતાના નામે વોટબેંક અને રાજકારણ ચમકાવનારા નેતાઓનો પર્દાફાશ: ધર્મના નામે સામાન્ય પ્રજાને ઉશ્કેરતી મંડળીઓ સત્તાધીશોના કરોડોના બિઝનેસ જોઈને મૌન કેમ સેવી ગઈ?**

સવાલ એ થાય છે કે શું ધર્મ, ગૌમાતા અને આસ્થા માત્ર ગરીબ અને સામાન્ય જનતા માટે જ છે? જ્યારે મોટા નેતાઓ ગૌમાંસના કાળો કારોબાર કરતી કંપનીઓ સાથે હાથ મિલાવે કે તેમની સાથે આર્થિક સંબંધો રાખે, ત્યારે તેમની ધાર્મિક આસ્થા ક્યાં ગાયબ થઈ જાય છે?

### ગૌરક્ષકોની 'સિલેક્ટિવ' ચુપકીદી સામે પ્રજાનો આક્રોશ

આજે સમગ્ર દેશ અને ગુજરાતની જનતા એ પ્રશ્ન પૂછી રહી છે કે:

નાની-મોટી બાબતોમાં રસ્તા પર ઉતરી આવતા ગૌરક્ષક સંગઠનો આટલા મોટા ખુલાસા પછી કેમ મૌન ધારણ કરીને બેસી ગયા છે?

શું ગૌરક્ષાના નામે ચાલતી લડાઈ માત્ર નબળા લોકો સામે જ છે? સત્તાધારી નેતાઓ અને તેમની કંપનીઓ સામે અવાજ ઉઠાવવામાં ગૌરક્ષકોના પગ કેમ ધ્રૂજે છે?

### 'પાક્કો ગુજરાત' નો સીધો અને નીડર સવાલ

'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર હંમેશા કોઈપણ ભય વગર સત્ય પ્રજા સમક્ષ લાવવામાં માને છે. અમારો સ્પષ્ટ સંદેશ છે કે ગૌમાતાના નામે ભ્રમ ફેલાવવાનું અને બેવડી નીતિ રાખવાનું હવે બંધ થવું જોઈએ. જો ખરેખર ગૌવંશ પ્રત્યે સંવેદના હોય તો સત્તાધીશોએ પોતાની કંપનીઓ અને ગૌમાંસના નિકાસકારો વચ્ચેના આ સંબંધો પર દેશ સમક્ષ સ્પષ્ટતા કરવી પડશે–બાકી જનતા નેતાઓના આ દંભ અને બેવડા ધોરણોને બરાબર ઓળખી ગઈ છે!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## સાગબારાના પાટ ગામના વળાંક પર બાઇક લોખંડના પાઇપ અને ઝાડ સાથે અથડાતાં બે યુવાનોના મોત

**નર્મદા**

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના પાટ ગામ પાસે મોટરસાઈકલ પરનો કાબૂ ગુમાવતાં બે યુવાનોના મોત નીપજ્યાં છે. દેવમોગરાથી ઘરે પરત ફરતી વખતે બાઈક રોડના વળાંક પર અકસ્માતનો ભોગ બની હતી. મળતી માહિતી અનુસાર, દત્તવાડા ગામના અંકિતકુમાર સદાશીવભાઈ વસાવા (ઉં.વ. 23) અને રોનકકુમાર મધુકરભાઈ વસાવા, બંને રહે. દત્તવાડા, તા. સાગબારા, જિ. નર્મદા, મોટરસાઈકલ નંબર પર દેવમોગરા ગયા હતા. ત્યાંથી ઘરે પરત ફરતી વખતે પાટ ગામના વળાંક પાસે અંકિતકુમારે મોટરસાઈકલ પરનો કાબૂ ગુમાવ્યો હતો.

ઝડપે આવતી મોટરસાઈકલ વળાંક ન લઈ શકતાં રોડની બાજુમાં આવેલા લોખંડના પાઈપ સાથે અથડાઈ હતી અને ત્યારબાદ ઝાડ સાથે અથડાતાં બંને યુવાનોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માતમાં અંકિતકુમાર અને પાછળ બેઠેલા રોનકકુમારનાં મોત નીપજ્યાં હતાં.

## ગરુડેશ્વરના વઘરાલી ગામની સીમમાં જુગાર રમતા સાત શખ્સો ઝડપાયા

**નર્મદા**

નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના વઘરાલી ગામની સીમમાં જુગાર રમતા સાત શખ્સોને ગરુડેશ્વર પોલીસે દરોડો પાડી ઝડપી લીધા હતા. પોલીસની કાર્યવાહી દરમિયાન દાવ પરના અને આરોપીઓની અંગઝડતીમાંથી મળી કુલ 11,490ની રોકડ જપ્ત કરવામાં આવી હતી. વઘરાલી ગામની સીમમાં બનિલભાઈ રમેશભાઈ તડવીના તુવેરના ખેતરના સેઢા પર લીમડાના ઝાડ નીચે જાહેરમાં પત્તાં વડે હારજીતનો જુગાર રમાતો હોવાની કાર્યવાહી દરમિયાન સાત શખ્સો ઝડપાયા હતા. પકડાયેલા આરોપીઓમાં પુનાભાઈ રામાભાઈ તડવી, અશ્વીનભાઈ ગોવિંદભાઈ તડવી, વિષ્ણુભાઈ અરવિંદભાઈ તડવી, ભરતભાઈ હિંમતભાઈ તડવી, વિપુલભાઈ દિનેશભાઈ તડવી, કવિરામભાઈ ગુલાબભાઈ તડવી અને અર્જુનભાઈ બચુભાઈ તડવીનો સમાવેશ થાય છે.

## જૂની નોટના ₹12 લાખની લાલચ આપી સાયબર ઠગો ₹750ની રજિસ્ટ્રેશન ફી વસૂલે છે

**નર્મદા**

સોશિયલ મીડિયા પર જૂની ચલણી નોટો અને સિક્કાના બદલામાં લાખો રૂપિયા આપવાની લાલચ આપી લોકો સાથે છેતરપિંડી કરવાનો નવો કીમિયો સામે આવ્યો છે. સાયબર ઠગો ખાસ જૂની નોટો અને સિક્કાના ફોટા મૂકીને લોકોને આકર્ષે છે અને ત્યારબાદ રજિસ્ટ્રેશન ફીના નામે નાણાં પડાવે છે.

એક રૂપિયાની ખાસ જૂની ચલણી નોટના બદલામાં અંદાજે 12 લાખ આપવાની લાલચ આપવામાં આવે છે. આ ઉપરાંત અન્ય જૂની ચલણી નોટોના પણ વધુ રૂપિયા આપવાની વાત કરવામાં આવે છે. લાખો રૂપિયા મેળવવાની લાલચમાં આવી લોકો આપેલા નંબર પર સંપર્ક કરે છે, ત્યારે તેમની પાસેથી 750 રજિસ્ટ્રેશન ફી માગવામાં આવે છે. રજિસ્ટ્રેશન ફીના નામે રૂપિયા મેળવી લીધા બાદ ઠગો સંપર્ક તોડી નાખે છે અને લોકો છેતરપિંડીનો ભોગ બને છે. ખાસ કરીને મધ્યમ અને ગરીબ વર્ગના લોકો મોટી રકમ મેળવવાની લાલચમાં આવી પોતાની મહેનતની કમાણી ગુમાવવાનું જોખમ વહોરી રહ્યા છે. પોલીસ વિભાગ દ્વારા વારંવાર સાયબર ફ્રોડ અંગે જાગૃતિ ફેલાવવામાં આવતી હોવા છતાં લોકો લાલચમાં આવી ઠગાઈનો ભોગ બને છે.

## મહીસાગરના પાણીનાં સ્ત્રોતો પરના કામ માટે રૂ.35.81 લાખ વધુ ચૂકવાશે

**વડોદરા**

વડોદરા શહેરને પાણી પૂરું પાડતા મહીસાગર નદી કાંઠે આવેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ પાણીના સ્ત્રોતો ખાતે ઈલેક્ટ્રિકલ, મિકેનિકલ અને સિવિલ કામગીરીના નવીનીકરણ સાથે સુરક્ષાનાં સાધનો બેસાડવા માટે અંદાજ કરતાં વધુ રકમ ચૂકવવાની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે. આ કામ માટે રૂ.12.47 કરોડની અંદાજિત રકમ સામે આર.સી.પટેલનું રૂ.12.83 કરોડનું ભાવપત્રક રજૂ થયું છે. આમ, અંદાજ કરતાં રૂ.35.81 લાખ વધુ ચૂકવવા પડશે.

મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક મહીસાગર નદી કાંઠે ફાજલપુર, પોઈચા, રાયકા, દોડકા આરસીડબલ્યુ, દોડકા ઈન્ટેકવેલ અને દોડકા ડબલ્યુટીપી ખાતેની વ્યવસ્થા મારફતે શહેરમાં પાણી પુરવઠો પૂરો પાડવામાં આવે છે. આ સ્થળોએ પમ્પિંગ મશીનરીને વીજળી પૂરી પાડતા પીએમસીસી પેનલથી પંપ સેટ સુધીના પાવર કેબલ જૂના થઈ ગયા હોવાથી અવારનવાર ફોલ્ટ સર્જાય છે. તેના કારણે પાણી વિતરણ વ્યવસ્થા પર પણ અસર પડે છે. હવે આ સમસ્યાના ઉકેલ માટે નવીનીકરણની કામગીરી હાથ ધરવાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે.

## વડોદરામાં ટેન્કર રાજ : ટેન્કરથી પાણી પહોંચાડવાનો ખર્ચ રૂપિયા 4 કરોડે પહોંચ્યો

**વડોદરા**

સ્માર્ટ સિટી વડોદરામાં 24 કલાક પાણી વિતરણની વાતો વચ્ચે અનેક વિસ્તારોમાં પાણીની અછત સર્જાય ત્યારે ટેન્કરથી પાણી પહોંચાડવાનીવ્યવસ્થા યથાવત્ છે. હવે પાણી પુરવઠા શાખાના ટેન્કર ઈજારાની નાણાકીય મર્યાદા રૂ.3.50 કરોડથી વધારીને રૂ.4 કરોડ કરવાની દરખાસ્ત મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્થાયી સમિતિ સમક્ષ મંજૂરી માટે રજૂ કરવામાં આવી છે. પાણીની લાઈનમાં ભંગાણ, ઓછા દબાણે પાણી મળવું, વાલ્વ બગડવા અને પાણીમાં દૂષિતતા જેવી સમસ્યાઓના કારણે પાણી વિતરણ ખોરવાય ત્યારે ટેન્કરનો સહારો લેવો પડે છે. ત્યારે પાણીની કાયમી સમસ્યાના ઉકેલને બદલે ટેન્કર વ્યવસ્થાનો ખર્ચ વધારવાની સ્થિતિ ઊભી થઈ છે.

પાણી પુરવઠા શાખા દ્વારા પાણીની અછતના સમયે વિવિધ વિસ્તારોમાં પાણી પહોંચાડવા ખાનગી ટેન્કર ભાડે મેળવવા વાર્ષિક ઈજારો આપવામાં આવ્યો છે. આ ઈજારામાં અગાઉ રૂ.350 લાખની નાણાકીય મર્યાદા મંજૂર કરવામાં આવી હતી.

### અમદાવાદ રેલવેમાં ફરિયાદોનો ડુંગર છતાં તંત્ર ઘસઘસાઈને ઊંઘે છે!

# 6 મહિનામાં 15,045 ફરિયાદો નોંધાતા મુસાફરોની હાલાકીની પોલ ખુલી...!!!

**કોચની દયનીય સફાઇ, એસી-પંખા બંધ રહેવાની કુંભકર્ણી નિંદ્રા અને જાળવણીના નામે શૂન્ય સન્નાટો: મુસાફરોના પરસેવાની કમાણી લૂંટતા રેલવે તંત્ર સામે રોષનો જ્વાળામુખી**

**અમદાવાદ**

ગુજરાતનું હાર્દ ગણાતું અને દેશના સૌથી વ્યસ્ત રેલવે જંકશનોમાં સ્થાન ધરાવતું અમદાવાદ રેલવે સ્ટેશન અને તેના અંતર્ગત આવતું રેલવે તંત્ર હાલ ભારે વિવાદોના ઘેરાવામાં આવી ગયું છે. એક તરફ સરકાર દ્વારા બુલેટ ટ્રેન અને આધુનિક રેલવે સ્ટેશનો બનાવવાની મોટી મોટી જાહેરાતો કરવામાં આવી રહી છે, તો બીજી તરફ જમીની વાસ્તવિકતા એ છે કે સામાન્ય મુસાફરો માટે રેલવેની મુસાફરી હવે કોઈ યાતનાથી કમ નથી રહી. તાજેતરમાં સામે આવેલા સત્તાવાર આંકડાઓએ રેલવે વહીવટી તંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઊભા કરી દીધા છે, જે મુજબ છેલ્લા માત્ર ૬ મહિનાની અંદર 'રેલવે મદદ' (Rail Madad) એપ અને પોર્ટલ પર અદભુત રીતે ૧૫,૦૪૫ જેટલી જંગી ફરિયાદો નોંધાઈ ચૂકી છે!

મુસાફરો દ્વારા નોંધાવવામાં આવેલી આ હજારો ફરિયાદો કોઈ નાનીમોટી બાબતો માટે નથી, પરંતુ રોજબરોજની પાયાની સુવિધાઓના અભાવને દર્શાવે છે:

**કોચની દયનીય સફાઈ:** ટ્રેનોમાં એન્ટ્રી કરતાં જ ગંદકીના ગંજ, કચરાપેટીઓ છલકાયેલી અને ટલેટમાં નર્કાગાર જેવી સ્થિતિ જોવા મળે છે. લાંબા અંતરની મુસાફરી કરતા મુસાફરો માટે શ્વાસ લેવો પણ મુશ્કેલ બની જાય છે.

**એસી અને પંખાની ઘોર બેદરકારી:** ઉનાળા કે ગફલત ભરેલા વાતાવરણમાં ટ્રેનોના એસી (AC) અચાનક બંધ થઈ જવા, પંખા ન ફરવા અને ચાલુ સફરે મુસાફરો પરસેવે રેબઝેબ થઈ જવા છતાં કોઈ સુનાવણી ન થવી એ સામાન્ય બાબત બની ગઈ છે.

**જાળવણી અને સુરક્ષાના ફાંફાં:** રેલવે ડબ્બાની ખરાબ ખિડકીઓ, તૂટેલી બેઠકો અને સલામતીના પૂરતા સાધનોના અભાવે મુસાફરોના જાન-માલનું જોખમ સતત તોળાયેલું રહે છે.

સવાલ એ થાય છે કે જ્યારે રેલવે તંત્ર મુસાફરો પાસેથી ભાડાના નામે તગડી રકમ વસૂલે છે, તો પછી તેમને પાયાની સુવિધાઓ આપવામાં આટલી બધી ઉદાસીનતા કેમ દાખવવામાં આવે છે? માત્ર કાગળ પર સ્વચ્છતા અભિયાનના ફોટા પડાવવાથી કે સ્ટેશન પર મોટા હોર્ડિંગ્સ લગાવી દેવાથી મુસાફરોની વેદના ઓછી નથી થઈ જતી. ૧૫,૦૪૫ ફરિયાદોનો આંકડો એ વાતની સાક્ષી પૂરે છે કે રેલવેના અધિકારીઓ અને મેન્ટેનન્સ વિભાગની આંખ પર પટ્ટા બંધાઈ ગયા છે. આટલી મોટી સંખ્યામાં ફરિયાદો નોંધાવા છતાં જો સંબંધિત રેલવે અધિકારીઓ દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં ન આવતા હોય, તો તે સ્પષ્ટ દર્શાવે છે કે તંત્રને પ્રજાની હાલાકી સાથે કોઈ લેવાદેવા નથી.

'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપરના માધ્યમથી અમારો સીધો સવાલ રેલવે મંત્રાલય અને અમદાવાદ ડિવિઝનના અધિકારીઓને છે કે મુસાફરોની આ હાલાકી માટે જવાબદારી કોણ સ્વીકારશે? શું માત્ર ઓનલાઈન ફરિયાદ નોંધીને ફાઈલો દબાવી દેવામાં આવશે કે પછી ખરેખર જમીન પર ઉતરીને કોચની ગુણવત્તા અને સફાઈ સુધારવા માટે કોઈ કડક એક્શન પ્લાન બનાવાશે? જો સમયસર રેલવે સુવિધાઓમાં સુધારો નહીં થાય, તો મુસાફરોનો આ રોષ ઉગ્ર આંદોલનનું સ્વરૂપ ધારણ કરતા વાર નહીં લગાડે!

### દાંતા-હડાદની શાળાઓમાં પીરસાતા ભોજનમાં 'દાળમાં કંઈક કાળું'?

## ભૂલકાંઓના આરોગ્ય સાથે ચેડાં થતાં વાલીઓમાં ઉકળાટ

**ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ ત્વરિત ત્રાટકે તેવી બુલંદ માંગ! : સરકારી કાગળો પર પૌષ્ટિક આહારની ગુલાબી વાતો, પણ વાસ્તવિકતામાં બાળકોના પેટ પર પાટુ: નિયમ મુજબ નાસ્તો અને જમવાનું ગાયબ હોવાની ચર્ચાઓથી ખળભળાટ**

**દાંતા/હડાદ**

બનાસકાંઠા જિલ્લાના અંતરિયાળ અને આદિવાસી વિસ્તાર ગણાતા દાંતા અને હડાદ તાલુકાની સરકારી શાળાઓમાંથી એક ચોંકાવનારી અને ગંભીર બાબત સામે આવી રહી છે. શાળામાં અભ્યાસ કરતા ગરીબ અને જરૂરિયાતમંદ ભૂલકાંઓને અપાતા મધ્યાહન ભોજનની ગુણવત્તા અને મેનુના પાલન સામે હવે ગંભીર પ્રશ્નાર્થચિહ્નો ઊભા થયા છે. સ્થાનિક સ્તરે ચાલતી ચર્ચાઓ મુજબ, કેટલીક શાળાઓમાં સરકાર દ્વારા નક્કી કરાયેલા મેનુ મુજબ બાળકોને નાસ્તો કે બપોરનું ભોજન પીરસવામાં આવતું નથી, તો કેટલીક જગ્યાએ તો સવારનો નાસ્તો જ ગાયબ કરી દેવાતો હોવાના ગંભીર આક્ષેપો ઊઠવા પામ્યા છે. સરકાર દ્વારા બાળકોને પૂરતું, સ્વચ્છ અને પૌષ્ટિક ભોજન મળે તે માટે કરોડો રૂપિયાનું બજેટ ફાળવવામાં આવે છે. પરંતુ દાંતા અને હડાદ તાલુકાની શાળાઓમાં સ્થિતિ તદ્દન વિપરીત હોવાનું ચર્ચાઈ રહ્યું છે. બાળકોને કાગળ પર દર્શાવેલા નિયમો મુજબનું ભોજન આપવાને બદલે હલકી ગુણવત્તાનું કે અધૂરું ભોજન પીરસીને સંતોષ માની લેવાય છે. જવાબદાર તંત્ર માત્ર કાગળ પરની ચોપડે નોંધો જોઈને સંતોષ માની રહ્યું છે, જ્યારે વાસ્તવિકતામાં બાળકો પોષણથી વંચિત રહી રહ્યા છે. બાળકોના આરોગ્ય સાથે થઈ રહેલા આ સીધા ચેડાં સામે હવે વાલીઓ અને જાગૃત નાગરિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. દાંતા અને હડાદ તાલુકાની તમામ સરકારી શાળાઓમાં બનતા ભોજનની ગુણવત્તા તપાસવા માટે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ ત્વરિત સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરે તેવી બુલંદ માંગ ઊઠી છે. શાળાઓમાંથી ભોજન અને રાંધવામાં વપરાતા મસાલા, તેલ કે અનાજના નમૂના (સેમ્પલ) લઈને લેબોરેટરીમાં મોકલવામાં આવે, જેથી બાળકોને પૌષ્ટિક આહાર મળે છે કે પછી ઝેર સમાન હલકી ગુણવત્તાનું ભોજન પીરસાઈ રહ્યું છે તેનો દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ શકે. શિક્ષણ વિભાગ તેમજ મધ્યાહન ભોજન યોજનાના જવાબદાર અધિકારીઓ માત્ર એરકન્ડિશન્ડ કેબિનોમાં બેસીને કે ચોપડાઓ તપાસીને સંતોષ ન માને. અધિકારીઓ પોતે રૂબરૂ શાળાઓમાં ત્રાટકે, સ્થળ પર જઈને રસોડાની સ્વચ્છતા, અનાજનો જથ્થો અને બાળકોની થાળીમાં પીરસાતા ભોજનની ચકાસણી કરે તે અત્યંત જરૂરી બન્યું છે.

## ગાંધીનગરમાં ભરવાડ યુવા સંગઠન દ્વારા આયોજિત 'યુવા રોજગાર યોજના 2026' માં ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિ

**ગાંધીનગર**



'સશક્ત યુવા, સમૃદ્ધ સમાજ અને આત્મનિર્ભર ભારત, આ જ રાષ્ટ્ર વિકાસનો ખરો સંકલ્પ છે!' આ સચોટ અને ઊંડા વિચારો સાથે ગુજરાતના ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગર ખાતે આયોજિત ભવ્ય કાર્યક્રમમાં યુવાધનને નવો રાહ ચીંધ્યો છે. ગાંધીનગર ખાતે ભરવાડ યુવા સંગઠનના ઉપક્રમે 'યુવા રોજગાર યોજના 2026' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મહત્વપૂર્ણ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહેલા ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ મોટી સંખ્યામાં એકત્રિત થયેલા યુવાનોને સંબોધિત કરી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમને સંબોધતા મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રોજગારીની યોગ્ય તકો યુવાનોને માત્ર આત્મનિર્ભર જ નથી બનાવતી, પરંતુ તેનાથી સમગ્ર સમાજની પ્રગતિનો માર્ગ પણ પ્રશસ્ત થાય છે. આજના યુવાનો પાસે અદભુત શક્તિ, સામર્થ્ય અને સાહસ રહેલું છે. જો આ યુવા શક્તિને યોગ્ય દિશા અને પ્લેટફોર્મ મળી રહે, તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત' ના સ્વપ્નને સાકાર કરવાની ગતિ અનેકગણી તેજ બની જાય છે.

### મોરબી મનપામાં ભ્રષ્ટાચારનો નવો છબરડો

## પંચરના 1500 અને ગ્લાસના 10,700 રૂપિયાનું બિલ મુકી પ્રજાના ટેક્સની લૂંટ!

**બંધ થઈ ગયેલી પેઢીઓના બોગસ બિલ બનાવી કરોડો રૂપિયાં ખંખેરવાનો શરમજનક ખેલ ઉજાગર: ટેબલ પરથી પાસ થતા આ ફિઝિક્સ કેમેસ્ટ્રી વગરના કૌભાંડ સામે જવાબદાર અધિકારીઓની મિલીભગતના ગંભીર આક્ષેપો**

**મોરબી**

ગુજરાતમાં ભ્રષ્ટાચારના કિસ્સાઓ અવારનવાર સામે આવતા રહે છે, પરંતુ મોરબી મહાનગરપાલિકામાંથી જે કારનામું બહાર આવ્યું છે તેણે વહીવટી તંત્રની લજ્જાના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે! પ્રજાના પરસેવાની કમાણી અને ટેક્સના રૂપિયામાંથી ચાલતી મનપાની તિજોરી પર કેવા રીતસરના ડાકુઓ ત્રાટકી રહ્યા છે તેની એક અત્યંત ચોંકાવનારી કાળી સચ્ચાઈ સામે આવી છે. મોરબી મનપાના વાહનમાં સામાન્ય પંચર રિપેર કરાવવાના ૧૫૦૦ રૂપિયા અને ૧૦૦૦ નંગ સામાન્ય ગ્લાસ (કાચ કે પ્યાલા) ખરીદવાના અધધ ૧૦,૭૦૦ રૂપિયાના બિલ રજૂ કરવામાં આવ્યા છે! પ્રાપ્ત વિગતો અનુસાર, મોરબી મનપાના કેટલાક ભ્રષ્ટ કર્મચારીઓ અને બાબુઓની મિલીભગતથી બિલોમાં આંકડાની છેડછાડ કરીને મોટું કૌભાંડ આચરવામાં આવ્યું છે. દુકાનદારોએ આપેલા અસલી બિલોમાં ચેડાં કરીને તેમાં આંકડા વધારી દેવામાં આવ્યા છે. મૂળ કિંમત ૫૦૦ રૂપિયા હોય ત્યાં ચેકો મારીને ૧૫૦૦ કરી દેવા અને જ્યાં બિલ ૭૦૦ રૂપિયાનું હોય ત્યાં ૧૦,૭૦૦ રૂપિયાના આંકડા ઠોકી બેસાડીને સરકારી તિજોરીને ચૂનો ચોપડવામાં આવી રહ્યો છે. આ કૌભાંડ માત્ર એક-બે બિલ પૂરતું સીમિત નથી, પરંતુ વર્ષોથી આ જ પદ્ધતિથી આર્થિક લૂંટ ચલાવાતી હોવાની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. આ કૌભાંડની સૌથી મોટી ધ્રુજારી છોડાવતી હકીકત એ છે કે મોરબી મનપામાં વહીવટી ખર્ચ દર્શાવવા માટે રાજકોટની લાંબા સમયથી બંધ થઈ ચૂકેલી પેઢીઓ અને દુકાનોના બોગસ બિલ વાપરવામાં આવ્યા છે! જે પેઢીનું અસ્તિત્વ જ જમીન પર નથી, તેના નામે લાખો રૂપિયાના સરકારી ફંડની હેરાફેરી કરવામાં આવી રહી છે. આટલી મોટી અનિયમિતતા છતાં મનપાની અંદર બેઠેલા જવાબદાર અધિકારીઓએ આ ફાઈલો પર આંખ આડા કાન કરીને સહીઓ કેવી રીતે કરી દીધી? કર્મચારીઓ દ્વારા બનાવવામાં આવેલા આ બોગસ બિલોને કોઈ પણ ક્રોસ-વેરિફિકેશન વગર આંખો બંધ કરીને પાસ કઈ રીતે કરવામાં આવ્યા? તે સૌથી મોટો સવાલ છે.

### સરકારી બાબુઓની ઘોર બેદરકારીનો પરાકાષ્ઠા

## છોટાઉદેપુર ICDS કચેરીમાં તૂટેલી અને ધારદાર ટાઇલ્સ બની જોખમી

**છોટાઉદેપુર**

ગુજરાત સરકાર ભલે ડિજિટલ ઈન્ડિયા અને સ્માર્ટ ગવર્નન્સના મોટા-મોટા દાવા કરતી હોય, પરંતુ ગ્રાઉન્ડ રિયાલિટી તપાસવામાં આવે તો સરકારી કચેરીઓની હાલત કેટલી દયનીય અને બેજવાબદાર બની ચૂકી છે તેની સાક્ષી પુરાય છે. છોટાઉદેપુર જિલ્લા સેવા સદન ખાતે આવેલી અત્યંત મહત્વપૂર્ણ એવી આઈ.સી.ડી.એસ. (ઈન્ટિગ્રેટેડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સર્વિસીસ) કચેરી હાલ તંત્રની ઘોર ઉદાસીનતા અને નઘરોળ વહીવટનો જીવતો જાગતો નમૂનો બની ગઈ છે. કચેરીની અંદર ફ્લોરિંગની તૂટેલી ટાઈલ્સ અને મોટા ખાડાઓ કર્મચારીઓ અને આવનાર અરજદારો માટે મોતનું પિંજર સાબિત થઈ રહ્યા છે! પ્રાપ્ત વિગતો અનુસાર, ICDS કચેરીના મુખ્ય પ્રવેશદ્વાર પાસે આવેલા પહેલા જ રૂમમાં ફ્લોરિંગની ટાઈલ્સ મોટા પ્રમાણમાં ઉખડી ગઈ છે અને તૂટીને વેરવિખેર થઈ ગઈ છે. પરિણામે રૂમમાં ચાલવાની જગ્યા તો દૂર રહી, પરંતુ ધારદાર અને અણીદાર ટાઈલ્સના ટુકડાઓ ગમે ત્યારે ગંભીર ઈજા પહોંચાડી શકે તેવી ખતરનાક સ્થિતિ સર્જાઈ છે. સરકારી અધિકારીઓ એ જ રસ્તેથી રોજ અવરજવર કરતા હશે, છતાં તેમની આંખ આ બેદરકારી પર કેમ પડતી નથી તે મોટો સવાલ છે! આ કચેરીમાં માત્ર સરકારી દસ્તાવેજોની આપલે નથી થતી, પરંતુ અહીં દરરોજ જિલ્લાભરમાંથી મોટી સંખ્યામાં લોકો આવે છે.






**આંગણવાડી બહેનોની હાલાકી:** ગ્રામીણ વિસ્તારોમાંથી પોતાની ફરજ અને કામ અર્થે આવતી અંદાજે ૪૦ થી ૬૦ જેટલી આંગણવાડી બહેનો અને તેડાગર કાર્યકર્તાઓ રોજ આ કચેરીમાં ધક્કા ખાય છે. મહિલાઓ અને સામાન્ય અરજદારો જ્યારે આ તૂટેલા ફ્લોરિંગ પર ચાલે છે, ત્યારે લપસી પડવાનો અને ગંભીર રીતે ઘાયલ થવાનો ડર સતત સતાવતો રહે છે. કચેરીના પોતાના કર્મચારીઓ પણ આ જોખમી માહોલ વચ્ચે ડરતા-ડરતા ફરજ બજાવવા મજબૂર બન્યા છે.

## માણસાઈ નેવે મુકાઈ?: હોસ્પિટલમાં બ ખાટલે સારવાર હેઠળના જયાબેન ઠાકોરની અટકાયત માટે 100થી વધુ પોલીસનો કાફલો ખડકી દેવાયો!

### તબિયત લથડી હોવા છતાં ખડકાયેલો ચુસ્ત પોલીસ બંદોબસ્ત: "સત્તાના જોરે વિરોધનો અવાજ દબાવી નહીં શકાય" - આક્રોશનો જ્વાળામુખી ફાટ્યો

રાજકીય રોષ અને વિરોધ પ્રદર્શન વચ્ચે એક ચોંકાવનારી અને માનવતાને શરમાવે તેવી ઘટના સામે આવી છે. બીમારીના કારણે હોસ્પિટલમાં ખાટલે સારવાર લઈ રહેલાં આગેવાન જયાબેન ઠાકોરની અટકાયત કરવા માટે ૧૦૦થી વધુ પોલીસકર્મીઓનો ખાખી કાફલો હોસ્પિટલમાં ઉતારી દેવામાં આવતાં વિરોધનો સૂર વધુ તીવ્ર બન્યો છે. સત્તાના જોરે અવાજ દબાવવાની આવી નીતિ સામે વાલીઓ, સમર્થકો અને આમ જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મળતી માહિતી મુજબ, જયાબેન ઠાકોરની તબિયત નાજુક હોવાથી તેઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. તેમ છતાં, તેમની વિરૂદ્ધ પગલાં ભરવા અથવા અટકાયત કરવા માટે ભારે સંખ્યામાં પોલીસ બળ તૈનાત કરી દેવામાં આવ્યું હતું. એક અસાધ્ય કે બીમાર વ્યક્તિ સામે આટલા મોટા પ્રમાણમાં પોલીસ ખડકી દેવાની કાર્યવાહી સામે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. લોકો પૂછી રહ્યા છે કે શું આટલી હદે માનવતા ભૂલીને સત્તાની રાજનીતિ રમાઈ રહી છે? આ ઘટના બાદ જયાબેન ઠાકોરના સમર્થકો અને વિપક્ષી નેતાઓમાં આક્રોશની લહેર ફરી વળી છે. સ્થાનિક સ્તરે અને સોશિયલ મીડિયા પર આ મુદ્દે સત્તાધારી તંત્રની આકરી ટીકા થઈ રહી છે. લોકમુખે ચર્ચા છે કે ખાખીના જોરે અવાજ દબાવવાનો ગમે તેટલો પ્રયાસ કરવામાં આવે, પણ જનતાના હક અને સંઘર્ષની આ લડાઈ અટકવાની નથી. એક તરફ જ્યારે ગંભીર ગુનાઓ આચરતા અસામાજિક તત્વો સામે દાખલો બેસાડવાનો હોય ત્યારે પોલીસ તંત્ર ઘણીવાર વિલંબ કરતું જોવા મળે છે, જ્યારે બીજી તરફ હોસ્પિટલમાં સારવાર લેતા નેતા કે આગેવાન સામે ૧૦૦થી વધુ પોલીસ જવાનો મોકલીને ભયનું વાતાવરણ ઊભું કરવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. આ ઘટના બાદ ઠાકોર સમાજ અને અન્ય સંગઠનોમાં ભારે અસંતોષ વ્યાપી ગયો છે. જયાબેન ઠાકોર સામે કરાયેલી આ આકરા વલણવાળી કાર્યવાહીના વિરોધમાં આગામી સમયમાં મોટા પાયે આંદોલન કે પ્રદર્શન થાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

### ભૂમાફિયાઓ પર ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીનો સૌથી મોટો પ્રહાર

# રાજકોટના માસ્ટરમાઇન્ડ અલ્પેશ ડોંગાની ચુંગાલમાંથી મુક્ત થયેલી 100 કરોડની જમીન ખેડૂતોને પાછી મળશે!

## ગરીબ ખેડૂતોની જમીનો પચાવી પાડનારા જમીન માફિયાઓ સામે રાજ્ય સરકાર અને કાયદાનો સપાટો



રાજકોટ/ગાંધીનગર

ગુજરાતમાં જમીન પચાવી પાડતા કે ગરીબ ખેડૂતોને ડરાવી-ધમકાવી તેમની સંપત્તિઓ હડપ કરી જતા ભૂમાફિયાઓ માટે હવે કાળમુખો સમય શરૂ થઈ ગયો છે. રાજકોટમાં આચરાયેલા કરોડો રૂપિયાના જમીન કૌભાંડ અને જમીન હડપવાના કેસમાં ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીના હસ્તે એક ઐતિહાસિક અને ન્યાયપ્રિય નિર્ણય લેવામાં આવ્યો છે. રાજકોટના કુખ્યાત માસ્ટરમાઈન્ડ અલ્પેશ ડોંગા અને તેની ગેંગ દ્વારા ગેરકાયદેસર રીતે દબાવી દેવામાં આવેલી ૧૦૦ કરોડ રૂપિયાથી પણ વધુ મૂલ્યની જમીન મૂળ અને પીડિત ખેડૂતોને સહીસલામત પરત સોંપવામાં આવી રહી છે!

રાજકોટ અને આસપાસના વિસ્તારોમાં 'જમીન માફિયા' તરીકે છાપ ધરાવતો અલ્પેશ ડોંગા આ સમગ્ર ભૂ-માફિયા કૌભાંડનો મુખ્ય સુત્રધાર અને માસ્ટરમાઈન્ડ છે. બોગસ દસ્તાવેજો, ધમકીઓ અને કાયદાની છટકબારીઓનો ઉપયોગ કરીને અલ્પેશ ડોંગા અને તેની સિન્ડિકેટે ખેડૂતોની કિંમતી જમીનો પર ગેરકાયદેસર કબ્જો જમાવી લીધો હતો.

વર્ષોથી પોતાની પરસેવાની કમાણી અને વારસાગત જમીન ગુમાવી ચૂકેલા નિર્દોષ અને અસહાય ખેડૂતો ન્યાય માટે દર-દરની ઠોકરો ખાઈ રહ્યા હતા.

જ્યારે આ સમગ્ર મામલો ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી સુધી પહોંચ્યો, ત્યારે તેમણે કડક અને આકરા વલણ સાથે રાજકોટ પોલીસ અને વહીવટી તંત્રને સ્પષ્ટ આદેશો આપ્યા હતા. 'રાજ્યમાં કોઈપણ ભૂમાફિયા બચવો ન જોઈએ અને પીડિત ખેડૂતને તેનો એક-એક ઈંચ હક પાછો મળવો જોઈએ' તેવી સ્પષ્ટ નીતિ સાથે પોલીસે સ્પેશિયલ ઓપરેશન હાથ ધર્યું હતું.

તપાસના અંતે ૧૦૦ કરોડની જમીન ભૂમાફિયા અલ્પેશ ડોંગાના સિકંજામાંથી મુક્ત કરાવવામાં આવી છે. ગૃહમંત્રી હર્ષ સંઘવીના હસ્તે સીધા ખેડૂતોને તેમના કાયદેસરના કાગળો અને જમીનનો કબ્જો સોંપવામાં આવતા, પીડિત વાલીઓ અને ખેડૂતોની આંખોમાં આનંદના આંસુ છલકાઈ ગયા હતા. 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપરના માધ્યમથી અમારો સીધો અને સ્પષ્ટ સંદેશ છે કે હવે ગુજરાતમાં 'માફિયારાજ' કે 'દાદાગીરી' ચલાવી લેવામાં નહીં આવે. અલ્પેશ ડોંગા જેવા માસ્ટરમાઈન્ડ્સ સામે લેવાયેલા આ કડક પગલાથી સમગ્ર રાજ્યના ભૂમાફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ગૃહમંત્રી હર્ષ સંઘવી અને પોલીસ તંત્રના આ આક્રમક અને પ્રજાલક્ષી પગલાને સમગ્ર ગુજરાતના ખેડૂતો અને જનતા ચોમેરથી બિરદાવી રહી છે. કાયદાનો દંડો જ્યારે સખ્તાઈથી ફરે છે, ત્યારે જ જનતાને સાચો ન્યાય મળે છે!

### પાટણમાં રાજનીતિનું કલંકિત પ્રકરણ

## ભાજપ-કોંગ્રેસની મહિલાઓ વચ્ચે લોહિયાળ ઘર્ષણ બાદ શાહીકાંડ અને ધરપકડથી ખળભળાટ!

પાટણ

ઉત્તર ગુજરાતના પાટણ શહેરમાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે અગાઉ થયેલા ઉગ્ર વિરોધ પ્રદર્શનો અને શાહી ફેંકવાની ઘટનાએ હવે મોટો રાજકીય વિવાદ સર્જ્યો છે. બંને પક્ષની મહિલા કાર્યકરો વચ્ચે થયેલી આ આમસામી બબાલે સ્થાનિક રાજકારણમાં ભૂકંપ સર્જી દીધો છે, અને હવે કોંગ્રેસના શીર્ષ નેતૃત્વ તથા ધારાસભ્યોએ આક્રમક મિજાજ અપનાવીને તંત્ર સામે 'જોવા જેવી' કરી દેવાની ચીમકી ઉચ્ચારતા માહોલ વધુ તંગ બન્યો છે. મળતી સચોટ વિગતો મુજબ, પાટણમાં એક વિરોધ પ્રદર્શન દરમિયાન ભાજપ મહિલા મોરચાના કાર્યકરો અને કોંગ્રેસના કાર્યકરો -આવી ગયા હતા. વિરોધ પ્રદર્શન ઉગ્ર બનતા મામલો આટલેથી ન અટક્યો, પરંતુ દેખાવો દરમિયાન કોંગ્રેસની મહિલા કાર્યકરો દ્વારા ભાજપના મહિલા નેતાઓ પર શાહી (ઈંક) ફેંકવામાં આવતાં વાતાવરણ એકદમ તણાવપૂર્ણ બની ગયું હતું. આ શાહીકાંડ બાદ બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી, ધક્કામુક્કી અને જોરદાર હોબાળો મચી ગયો હતો. ઘટનાની ગંભીરતા જોઈને પાટણ બી ડિવિઝન પોલીસ તાત્કાલિક હરકતમાં આવી ગઈ હતી. શાહી ફેંકવાના આ ચકચારી પ્રકરણમાં પોલીસે કડક કાર્યવાહી કરીને મહિલા કોંગ્રેસ પ્રમુખ જ્યાબેન ઠાકોર અને અન્ય મહિલા નેતા ભૂમિ પટેલ વિરુદ્ધ ગુનો નોંધીને ધરપકડની કાર્યવાહી હાથ ધરી હતી. આ દોડધામ અને પોલીસ કાર્યવાહી વચ્ચે તબિયત લથડતાં મહિલા નેતાઓને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. હોસ્પિટલના ખાટલેથી જ આ પ્રકારે પોલીસ બળ વાપરીને ધરપકડ કરવાના પગલા સામે કોંગ્રેસ છાવણીમાં રોષનો જ્વાળામુખી ફાટી નીકળ્યો છે.

### માસૂમ બાળકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ખેલ

## સુરતમાં પશુઓની દવા બાળકોને પધરાવવાનું ભયાનક કૌભાંડ પકડાયું, સમગ્ર રાજ્યમાં અરેરાટી!

સુરત

સંસ્કારી અને હીરાનગરી તરીકે ઓળખાતા સુરત શહેરમાંથી એક અત્યંત ચોંકાવનારો, અમાનવીય અને કાળજું કંપાવી દેનારો કિસ્સો સામે આવ્યો છે. માસૂમ બાળકોના સ્વાસ્થ્ય અને જિંદગી સાથે ખુલ્લેઆમ ખેલ ખેલતા એક મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે. સુરતમાં પશુઓ માટે વપરાતી દવાઓ માસૂમ બાળકોના પેટમાં પધરાવવાનું અતિ ગંભીર અને ભયાનક કૌભાંડ ઝડપાતાં સમગ્ર આરોગ્ય તંત્ર અને નાગરિકોમાં ભારે રોષ અને અરેરાટી વ્યાપી ગઈ છે.

મળતી પ્રાથમિક વિગતો અનુસાર, કેટલાક અસામાજિક અને લાલચુ તત્વો દ્વારા આર્થિક ફાયદો મેળવવાની ઘોર લાલચમાં પશુ ચિકિત્સા (વેટરનરી) માટે ઉપયોગમાં લેવાતી અત્યંત ભારે અને જોખમી દવાઓ બાળકોને આપવામાં આવી રહી હતી. તબીબી વિજ્ઞાનના નિયમો અનુસાર પશુઓની દવાઓનો ડોઝ અને ઘટકો માનવ શરીર – ખાસ કરીને માસૂમ બાળકોના નાજુક શરીર માટે અત્યંત ઘાતક અને ઝેરી સાબિત થઈ શકે છે. તેમ છતાં, આવા અમાનુષી




કૃત્યને આચરીને બાળકોના ભવિષ્ય અને જીવ સાથે ખુલ્લેઆમ ખીલવાડ કરવામાં આવી રહ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગ અને સ્થાનિક પોલીસની ટીમે સંયુક્ત રીતે દરોડા પાડીને આ કૌભાંડમાં સામેલ શંકાસ્પદ સ્થળોએથી મોટો દવાનો જથ્થો જપ્ત કર્યો છે. કૌભાંડ સ્થળેથી પશુઓ માટેની દવાઓ, બનાવટી રેપર્સ અને બોટલો કબ્જે કરીને લેબોરેટરી પરીક્ષણ અર્થે મોકલી આપવામાં આવી છે. આ કૌભાંડમાં સંકળાયેલા મુખ્ય સૂત્રધારો, બોગસ તબીબો કે વિતરકોની અટકાયત કરીને તેમની સામે કાનૂની અને ગુનાહિત કારવાઈ હાથ ધરવામાં આવી છે.

બાળકોના પેટમાં પશુઓની દવા ધાબડી દેવાના આ કૃત્યથી સુરત શહેર સહિત સમગ્ર ગુજરાતના વાલીઓમાં ભારે ચિંતા અને આક્રોશનો માહોલ છે. વાલીઓ અને સામાજિક સંગઠનો માંગ કરી રહ્યા છે કે આવા પાપી અને નરાધમો સામે ભારતીય ન્યાય સંહિતા હેઠળ કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે જેથી ભવિષ્યમાં કોઈ પણ વ્યક્તિ માસૂમ બાળકોના આરોગ્ય સાથે રમવાની હિંમત ન કરી શકે.

## સુરતમાં ડોન બનવા નીકળેલા લુખ્ખાની મહિલા પોલીસે જાહેરમાં કાઢી હેકડી!!

### 'સિગ્મા' બનવાના ચક્કરમાં ખાખી આગળ હાથ જોડવા પડ્યા!

સુરત

ગુજરાતના હીરાનગરી સુરતમાં આજકાલ કેટલાક યુવાનો અને લુખ્ખા તત્વોમાં સોશિયલ મીડિયા પર રીલ્સ બનાવીને કે જાહેરમાં દાદાગીરી કરીને પોતાને 'ડોન' કે 'ભાઈ' સાબિત કરવાની ઘેલછા ચઢી છે. પોલીસ અને કાયદાનો ડર રાખ્યા વગર ખુલ્લેઆમ આતંક મચાવનારા આવા જ એક કહેવાતા 'ડોન' ની હેકડી સુરતની સિંહણ જેવી મહિલા પોલીસે જાહેરમાં રસ્તા પર જ બરાબરની કાઢી નાખી છે! બનાવની વિગતો મુજબ, સુરતના એક વિસ્તારમાં પોતાની દાદાગીરી અને રોફ જમાવીને સામાન્ય લોકોમાં ડર પેદા કરતો અને સોશિયલ મીડિયા પર ખોટી કીર્તિ ફેલાવતો એક માથાભારે શખ્સ ખુલ્લેઆમ કાયદાની ધજાગરા ઉડાવી રહ્યો હતો. તેને એવું લાગતું હતું કે કાયદો અને પોલીસ તેની સામે નરમ પડશે.

પરંતુ, તેને કલ્પના પણ નહીં હોય કે ખાખી વર્દીની તાકાત શું છે! જેવો આ લુખ્ખો પોતાની દાદાગીરી બતાવવા નીકળ્યો, તે જ સમયે સુરત પોલીસની ડેશિંગ મહિલા પોલીસ અધિકારી અને તેમની ટીમ ત્વરિત એક્શન મોડમાં આવી ગઈ હતી. મહિલા પોલીસે કોઈપણ પ્રકારનો સંકોચ રાખ્યા વગર આ માથાભારે શખ્સને જાહેરમાં ઘેરી લીધો હતો.

થોડીવાર પહેલાં જે રોફથી ફરતો હતો, તે જ શખ્સની અક્કા પોલીસની સખ્તાઈ જોઈને ઠેકાણે આવી ગઈ હતી. પોલીસની સ્ટ્રીક્ટ એક્શન જોઈને પેલા કહેવાતા 'ડોન' ની હવા ગુલ થઈ ગઈ અને જાહેરમાં તેના તમામ તોર-તરીકા પળભરમાં હવા થઈ ગયા!

### આદિવાસી ઉત્થાન અને સંગઠનની મજબૂતી માટે કેવડિયામાં રણશિંગુ

## પ્રદેશ ભાજપ ST મોરચાની બેઠક પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલની વિશેષ ઉપસ્થિતિમાં સંપન્ન

નર્મદા

સ્ટેચ્યુ ઓફ યુનિટીની ભવ્ય ભૂમિ અને નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે ભારતીય જનતા પાર્ટી પ્રદેશ એસ.ટી. મોરચાની અત્યંત મહત્વપૂર્ણ અને બેઠક યોજાઈ હતી. ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ પંચાલની પ્રેરક ઉપસ્થિતિ અને માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ બેઠકમાં આગામી સંગઠનાત્મક કાર્યો, આદિવાસી અસ્મિતા અને જનકલ્યાણકારી યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટેની રણનીતિ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

રાજ્યના આદિવાસીહિતેષી વિસ્તારોમાં સંગઠનને વધુ ધારદાર બનાવવા અને કેન્દ્ર તથા રાજ્ય સરકારની જનકલ્યાણ યોજનાઓનો લાભ દરેક આદિવાસી પરિવાર સુધી સચોટ રીતે પહોંચે તે માટે આ



બેઠકમાં વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલે બેઠક દરમિયાન કાર્યકર્તાઓ અને હોદ્દેદારોમાં નવો જો ભરતા જણાવ્યું હતું કે, 'ભાજપ સરકાર હંમેશાં આદિવાસી સમાજના ઉત્થાન, શિક્ષણ, રોજગારી અને સાંસ્કૃતિક વારસાના જતન માટે કટિબદ્ધ રહી છે.'

કેવડિયા ખાતે મળેલી આ બેઠકમાં એસ.ટી. મોરચાના મોભીઓ, પ્રદેશના આગેવાનો અને સ્થાનીક સંગઠનના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આગામી સમયમાં આદિવાસી અંચલોમાં સંગઠનને વધુ મજબૂત કરવા માટે વિવિધ લોકસંપર્ક અભિયાનો અને માર્ગદર્શક કાર્યક્રમો યોજવાની રૂપરેખા પણ તૈયાર કરવામાં આવી છે.

આ બેઠકમાં ખાસ કરીને પાયાના સ્તરેથી કાર્યકર્તાઓને સક્રિય કરવા, યુવાનોને જોડવા અને આદિવાસી બંધુઓના પ્રશ્નોના ઝડપી નિરાકરણ લાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. પ્રદેશ અધ્યક્ષ જગદીશ પંચાલ દ્વારા તમામ હોદ્દેદારોને સંગઠનની પ્રવૃત્તિઓ વેગવંતી બનાવવા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું, જેનાથી સમગ્ર કેવડિયા પંથકમાં રાજકીય અને સંગઠનાત્મક ગતિવિધિઓ તેજ બની ગઈ છે.

### સ્થળ પર જ સ્લાઇવા કીટથી થશે લાઇવ ટેસ્ટિંગ

## નવરાત્રીમાં SOG એક્શન મોડમાં: ગરબાના થનગનાટ વચ્ચે ડ્રગ્સ માફિયા અને નશેડીઓ સામે મહાઅભિયાન!

અમદાવાદ:

મા અંબાની આરાધના અને ખેલૈયાઓના મહાપર્વ નવરાત્રી દરમિયાન અમદાવાદ શહેરમાં શાંતિ, સુમતિ અને સલામતી જળવાઈ રહે તે માટે અમદાવાદ શહેર પોલીસ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ મોટો સપાટો બોલાવ્યો છે. ગરબાના કલ્ચરને નશાના દૂષણથી બચાવવા અને નશાખોરો પર કડક લગામ કસવા માટે SOG ની ટીમ મોડી રાત્રે ગ્રાઉન્ડ ઝીરો પર ઉતરીને અગ્રેસિવ ચેકિંગ ડ્રાઈવ ચલાવી રહી છે. નવરાત્રીના ગરબા સ્થળો તરફ જતા કે મોડી રાત્રે રોડ-રસ્તા પર ભટકતા શંકાસ્પદ તત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે. જો કોઈ વ્યક્તિએ કોઈ પણ પ્રકારના નશાકારક કે માદક પદાર્થનું સેવન કર્યું હશે, તો તે હવે પોલીસની ચતુર નજરથી છટકી શકશે નહીં. SOG ની ટીમો દ્વારા સ્થળ પર જ ગરબા રસિકો અને વાહનચાલકોનું ખાસ 'સ્લાઈવા કીટ' (Saliva Kit) થી ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આધુનિક ટેકનોલોજીથી સજ્જ આ સ્લાઈવા કીટ સ્પોટ ટેસ્ટિંગ માટે અત્યંત ઘાતક સાબિત થઈ રહી છે: શંકાસ્પદ વ્યક્તિના થૂંક (સલાઈવા)ના સેમ્પલ લેતાની સાથે જ મિનિટોમાં રિપોર્ટ સામે આવી જાય છે. આ કીટ મારફતે વ્યક્તિએ કયા પ્રકારનું ડ્રગ્સ કે નશો કર્યો છે (જેમ કે એમડી ડ્રગ્સ, ચરસ, ગાંજો કે અન્ય કેમિકલ સબસ્ટન્સ) તેમજ કેટલી માત્રામાં સેવન કર્યું છે, તેની તમામ ચોક્કસ વિગતો સ્પોટ પર જ મળી જાય છે. તહેવારના આ પવિત્ર ટાણે યુવાધનને બરબાદ કરતા ડ્રગ્સના રાક્ષસને ડામવા માટે અમદાવાદ પોલીસ અને SOG ની ટીમો રાત-દિવસ એક કરીને પેટ્રોલીંગ અને સઘન ચેકિંગ કરી રહી છે.

## છોટાઉદેપુરમાં રેતીના રાક્ષસી ટ્રકનો ભયાનક સપાટો: ખડકવાડા પાસે કાળ બનીને ત્રાટકેલા ડમ્પરે બાઇક સવાર બે આશાસ્પદ વિદ્યાર્થીઓનો ભોગ લીધો!

છોટાઉદેપુર

ગુજરાતના માર્ગો પર બેફામ દોડતા ઓવરલોડ અને પૂરપાટ ઝડપે હંકારતા રેતીના ટ્રકો હવે નિર્દોષ નાગરિકો માટે મોતનો પર્યાય બની ગયા છે. છોટાઉદેપુર જિલ્લામાંથી એક અત્યંત અરેરાટીભર્યા અને કાળજું કંપાવનારા અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. છોટાઉદેપુર તાલુકાના ખડકવાડા ગામ નજીક કાળ બનીને આવેલા રેતી ભરેલા ટ્રકે બાઈક સવાર યુવાનોને જોરદાર હડફેટે લેતા બે આશાસ્પદ વિદ્યાર્થીઓના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે એક યુવાન ગંભીર રીતે ઘાયલ થતાં મોત સામે જંગ લડી રહ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, છોટાઉદેપુર તાલુકાના કનાસ



ગામના વતની અને છોટાઉદેપુરની જાણીતી એસ.એફ. હાઈસ્કૂલમાં ધોરણ ૧૨ કોમર્સમાં અભ્યાસ કરતો યુવાન અશ્વિનભાઈ રામસિંગભાઈ રાઠવા પોતાના સાથીદારો સાથે બાઈક પર સવાર થઈને જઈ રહ્યો હતો. તેમની સાથે ધોરણ ૯ માં અભ્યાસ કરતો રાઠવા દિલારામભાઈ દીનાભાઈ પણ બાઈક પર સવાર હતો. ખડકવાડા ગામ નજીકથી આ માસૂમ છાત્રો પસાર થઈ રહ્યા હતા, તે જ સમયે કાળ બનીને બેફામ ઝડપે દોડી આવતા રેતી ભરેલા ટ્રકચાલકે પોતાની બેદરકારીથી બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ ગમખ્વાર અકસ્માતમાં ટક્કર એટલી ખતરનાક હતી કે બાઈક ચાલક અશ્વિનભાઈ રાઠવાને ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે બાઈક પર સવાર બીજો યુવાન દિલારામભાઈ દીનાભાઈ ગંભીર રીતે ઘાયલ હાલતમાં રસ્તા પર ફંગોળાયા હતા. તાત્કાલિક ધોરણે તેમને છોટાઉદેપુર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

### ડભોઈ પંથકમાં કદાવર દીપડાની દહેશત

## નડા-મોટા હબીપુરા માર્ગ પર બિન્ધાસ્ત રસ્તો ઓળંગતો દીપડો CCTVમાં કેદ

ડભોઈ

વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકામાં આવેલ ગ્રામીણ વિસ્તારોમાં અવારનવાર વન્યજીવોના ડેરા-તંબૂ જોવા મળતા હોય છે, પરંતુ હવે આ વન્યજીવો માનવ વસાહતો અને ફેક્ટરીઓની સાવ નજીક પહોંચી જતાં મોટો ભય ઊભો થયો છે. ડભોઈ તાલુકાના નડા અને મોટા હબીપુરા ગામને જોડતા મુખ્ય માર્ગ પર એક અત્યંત કદાવર દીપડો આટાફેરા કરતો જોવા મળતાં સમગ્ર પંથકના ગ્રામજનો, ખેડૂતો અને ઔદ્યોગિક એકમોના કર્મચારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. મળતી ચોંકાવનારી વિગતો મુજબ, નડા-મોટા હબીપુરા રોડ પર આવેલી જાણીતી 'પાનેરી કંપની'ના સીસીટીવી કેમેરામાં રાત્રિના ઘનઘોર



અંધકારમાં એક મોટો દીપડો કંપનીના મુખ્ય ગેટ સામેથી જ અત્યંત બિન્ધાસ્તપણે રસ્તો ઓળંગીને સામેના ઝાડી-ઝાંખરા તરફ જતો સ્પષ્ટપણે નજરે પડી રહ્યો છે. આ સીસીટીવી ફૂટેજ સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર આગની જેમ વાયરલ થતાં જ સમગ્ર ડભોઈ પંથકમાં ભય અને ચિંતાની કાંપારી છૂટી ગઈ છે. નડા અને મોટા હબીપુરાનો આખો વિસ્તાર ખેતીવાડી અને ઉદ્યોગોથી ધમધમતો વિસ્તાર છે. પાનેરી કંપની સહિત આસપાસના એકમોમાં નાઈટ શિફ્ટમાં કામ કરતા શ્રમિકો અને કર્મચારીઓ માટે હવે મોડી રાત્રે આવવા-જવામાં ભારે જીવનું જોખમ ઊભું થયું છે. બીજી તરફ, વિજળી પુરવઠો રાત્રે મળતો હોવાથી ખેતરમાં રાત્રિ દરમિયાન પાણી વાળવા (પિયત માટે) જતા ગરીબ ખેડૂતો માટે આ દીપડો કાળ સમાન બનીને ત્રાટકે તેવો ડર સતાવી રહ્યો છે. રાત્રિના સમયે ગ્રામજનો ઘરની બહાર નીકળતાં પણ ભારે ખચકાટ અનુભવી રહ્યા છે.

### ઉત્તર ગુજરાતમાં આરોગ્ય સેવાઓનો નવો સ્વર્ણિમ અધ્યાય

## વડનગર અને ધારપુર-પાટણ સિવિલ હોસ્પિટલ ખાતે અત્યાધુનિક AI આધારિત MRI સિસ્ટમનું વર્ચ્યુઅલી લોકાર્પણ!

ગાંધીનગર

ગુજરાતના દરેક નાગરિકને ઘરઆંગણે જ વિશ્વસ્તરીય અને સચોટ તબીબી સેવાઓ પૂરી પાડવાના સંકલ્પ સાથે રાજ્યના આરોગ્ય વિભાગે વધુ એક મોટો અને ઐતિહાસિક સપાટો બોલાવ્યો છે. રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ આજે ગાંધીનગરથી વર્ચ્યુઅલ માધ્યમથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીની જન્મભૂમિ વડનગરની GMERS મેડિકલ કોલેજ તેમજ ઐતિહાસિક ભૂમિ પાટણના ધારપુર ખાતે આવેલી



GMERS હોસ્પિટલમાં અત્યાધુનિક MRI સિસ્ટમનું ભવ્ય લોકાર્પણ કર્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સબળ માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યની ૧૪ સરકારી હોસ્પિટલોમાં રૂ. ૧૭૮ કરોડના ભારેખમ ખર્ચે આધુનિક MRI મશીનો મંજૂર કરાયા છે, જેના ભાગરૂપે ઉત્તર ગુજરાતના બે અતિ મહત્વના તબીબી કેન્દ્રોમાં આ સેવા જનતાના ચરણોમાં સમર્પિત કરી દેવાઈ છે.

સામાન્ય રીતે ખાનગી રેડિયોલોજી સેન્ટરો કે કોર્પોરેટ હોસ્પિટલોમાં એક MRI ટેસ્ટ કરાવવા માટે દર્દીઓએ રૂ. ૩,૦૦૦ થી લઈને રૂ. ૧૦,૦૦૦ સુધીનો મોટો બોજ સહન કરવો પડતો હતો. પરંતુ હવે વડનગર અને પાટણ સિવિલ ખાતે સ્થાપિત આ નવીન સુવિધાથી સરકારી નિયમો મુજબ રાહતદરે અને PM-JAY (આયુષ્માન ભારત) કાર્ડ ધરાવતા પાત્રતા ધરાવતા તમામ દર્દીઓને આ મોંઘી તપાસ સંપૂર્ણપણે નિ:શુલ્ક (ફ્રી) મળશે. પરિણામે સ્થાનિક લોકોને હવે અમદાવાદ કે અન્ય મોટા શહેરો સુધી લંબાવું નહીં પડે.

આ અદ્યતન મશીનરીની ટેકનિકલ વિશેષતાઓ ઉત્તર ગુજરાતના તબીબી ક્ષેત્રનું ચિત્ર બદલી નાખશે: જૂના જમાનાના સાંકડા MRI મશીનોમાં દર્દીઓને ગભરામણ થતી હતી. તેના કાયમી ઉકેલરૂપે અહીં ૭૦ સેન્ટીમીટરની વિશાળ જગ્યા ધરાવતું 'વાઈડ બોર્ડ' મશીન મૂકવામાં આવ્યું છે, જે બાળકો, વૃદ્ધો અને વધુ વજન ધરાવતા દર્દીઓ માટે અત્યંત આરામદાયક રહેશે.

સીમેન્સ નીની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત ૧.૫ ટેસ્લા MRI સિસ્ટમથી મગજ, કરોડરજ્જુ, કેન્સર અને ન્યુરોલોજીકલ જટિલ બીમારીઓનું ચોક્કસ અને મિનિટોમાં નિદાન શક્ય બનશે.

## તંત્રી લેખ...

# આશ્રમ શાળાઓમાં બાળકોના હકનો કોણ ભોગ લઈ રહ્યું છે? પાણી જેવા પાતળા શાક અને પથ્થર જેવી રોટલી ખવડાવીને કોના પાપો છુપાવવામાં આવી રહ્યા છે?!

જ્યારે કોઈ નાનું માસૂમ બાળક પોતાનું ઘર અને પરિવાર છોડીને, ઉજ્જવળ ભવિષ્યની આશાએ આશ્રમ શાળાના ભોજનખંડમાં બેસે છે, અને તેની થાળીમાં માત્ર પાણી જેવું પાતળું શાક અને સાવ તોડી પણ ન શકાય એવી કડક રોટલી પીરસવામાં આવે છે, ત્યારે એક જ સવાલ આખા તંત્ર અને સમાજના અસ્તિત્વને હચમચાવી નાખે છે: આ બાળકોનો હક, એમની થાળીનું પોષણ કોણ ખાઈ ગયું?! ગુજરાતના આદિવાસી, અંતરિયાળ અને પછાત વિસ્તારોમાં ચાલતી આશ્રમ શાળાઓ આજે શિક્ષણ અને સંસ્કારના ધામ બનવાને બદલે કેટલાક ભ્રષ્ટ સંચાલકો, મધ્યસ્થીઓ અને બેજવાબદાર અધિકારીઓ માટે કમાણીનું સાધન બની ગઈ હોય તેવું પ્રતીતિ થઈ રહ્યું છે. સરકાર દ્વારા ગરીબ અને વંચિત વર્ગના બાળકોના રહેવા, જમવા અને ભણવા માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવે છે. પરંતુ જમીની વાસ્તવિકતા એ છે કે બાળકોના નામે આવતો પૌષ્ટિક આહાર કાગળ પર જ હડપ કરી લેવાય છે અને બાળકોના ભાગે માત્ર અપોષણ, વેદના અને અસહાયતા આવે છે.

કાગળ પર પૌષ્ટિક આહારની ગુલાબી વાતો, થાળીમાં માત્ર વેદના!

સરકારના નીતિ-નિયમો મુજબ આશ્રમ શાળાઓમાં બાળકોને પૂરતા પ્રમાણમાં દૂધ, તાજા ફળ, પૌષ્ટિક ધાન્ય, લીલા શાકભાજી અને સ્વચ્છ પીવાનું પાણી મળવું અનિવાર્ય છે. પરંતુ મોટાભાગની આશ્રમ શાળાઓમાં ચાલતી વહીવટી મિલીભગત અને ભ્રષ્ટ વ્યવસ્થાના કારણે બાળકોને બે ટંક પૂરતું અન્ન પણ માંડ મળે છે:




પાણી જેવું નામના પૂરતું શાક: જે શાકમાં બટાકા કે શાકભાજી શોધવા છતાં ન જડે, માત્ર મરચાં-હળદરવાળું ઉકાળેલું પાણી જ હોય, તેવું શાક માસૂમ ભૂલકાંઓને પીરસવામાં આવે છે. પથ્થર જેવી કડક રોટલી: અત્યંત હલકી ગુણવત્તાનો અને સડો લાગેલો લોટ વાપરીને એવી રોટલીઓ બનાવવામાં આવે છે, જે નાનકડા બાળકોના દાંતથી તોડી પણ ન શકાય!

પોષણનો સાવ અભાવ: જે ઉંમરે બાળકોને શારીરિક અને માનસિક વિકાસ માટે પ્રોટીન અને વિટામિન્સની સખત જરૂર હોય છે, તે જ ઉંમરે તેમને અડધા પેટ રાખીને તેમના ભવિષ્ય સાથે ઘાતક ચેડાં કરવામાં આવી રહ્યા છે.

સરકારી ગ્રાન્ટ ક્યાં ગાયબ થાય છે? ટ્રસ્ટીઓ અને બાબુઓની મિલીભગત!

સવાલ એ થાય છે કે જો રાજ્ય સરકાર આશ્રમ શાળાઓ માટે કરોડો રૂપિયાનું બજેટ ફાળવે છે, તો પછી આ બાળકોની થાળીમાંથી રોટલીનો ટુકડો કોણ છીનવી રહ્યું છે? આ પાછળ એક મોટું અને સંઘટિત કૌભાંડ ચાલી રહ્યું છે.

સસ્તા અને હલકી કક્ષાના અનાજની ખરીદી કરીને અસલી બિલમાં મોટા આંકડા દર્શાવવામાં આવે છે.

રસોડાની સ્વચ્છતા અને રાંધણ સામગ્રીના નામે આવતા પૈસા ખિસ્સામાં સરકાવી દેવાય છે.

સમયાંતરે તપાસ માટે આવતા શિક્ષણ અને આદિવાસી વિકાસ વિભાગના અધિકારીઓ માત્ર એરકન્ડિશન્ડ ગાડીઓમાં આવી, કાગળ પર 'બધું ઉત્તમ છે' નો રિપોર્ટ લખીને પોતાની જવાબદારીમાંથી મુક્ત થઈ જાય છે! શું આ દેશના ગરીબ અને આદિવાસી બાળકોને માણસ તરીકે જીવવાનો અને પૌષ્ટિક ભોજન મેળવવાનો હક નથી? શું તેમના હકનું અનાજ લૂંટીને પોતાની તિજોરીઓ ભરનારા ભ્રષ્ટાચારીઓનું પેટ ક્યારેય નહીં ભરાય?

હવે ગાંધીનગરના સંવેદનશીલ તંત્ર સુધી અવાજ પહોંચાડવાનો સમય છે!

આ મામલો માત્ર એક કે બે શાળાઓ પૂરતો સીમિત નથી, પરંતુ રાજ્યભરની આશ્રમ શાળાઓમાં ચાલતી દયનીય સ્થિતિનો ચિંતોજનક દર્પણ છે. જો હવે આ અમાનવીય અને ભ્રષ્ટ વ્યવસ્થા સામે આકરો અવાજ નહીં ઉઠાવવામાં આવે, તો આ દમનકારી સિસ્ટમ આપણા લાખો બાળકોના ભવિષ્યને અંધકારમાં ધકેલી દેશે.

'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપરના માધ્યમથી સરકાર, શિક્ષણ વિભાગ અને આદિવાસી વિકાસ વિભાગના સત્તાધીશોને અમારી સીધી અને બુલંદ માંગણી છે:

૧. રાજ્યની તમામ આશ્રમ શાળાઓમાં અચાનક (સરપ્રાઈઝ) સરકારી ટુકડીઓ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવે.

૨. ભોજન અને વપરાતા અનાજના નમૂનાઓ લઈને લેબોરેટરીમાં મોકલવામાં આવે.

૩. બાળકોના હક પર તરાપ મારનારા ભ્રષ્ટ સંચાલકો, ટ્રસ્ટીઓ અને આંખ આડા કાન કરનારા અધિકારીઓ સામે તાત્કાલિક એફ.આઈ.આર. (FIR) નોંધીને જેલભેગા કરવામાં આવે!

જ્યાં સુધી આદિવાસી અને ગરીબ બાળકને તેની થાળીમાં સન્માનજનક અને પૌષ્ટિક ભોજન નહીં મળે, ત્યાં સુધી આ લડાઈ અટકશે નહીં!

**- ગ્રુપ એડિટર પવન માકન**

## સિમેન્ટમાં ધરબાયેલું પાપ આખરે ફાંસીના માંચડા સુધી પહોંચ્યું!

# મેરઠના ચર્ચાસ્પદ 'બ્લૂ ડ્રમ' હત્યાકાંડમાં પત્ની મુસ્કાન અને પ્રેમી સાહિલને મૃત્યુદંડની સજા

### ઉત્તર પ્રદેશના મેરઠ શહેરના અતિ સંવેદનશીલ અને સમગ્ર દેશમાં સનસનાટી મચાવનારા 'બ્લૂ ડ્રમ' હત્યાકાંડમાં અદાલતે ઐતિહાસિક અને આકરો ચુકાદો સંભળાવ્યો છે.

ઉત્તર પ્રદેશના મેરઠ શહેરના અતિ સંવેદનશીલ અને સમગ્ર દેશમાં સનસનાટી મચાવનારા 'બ્લૂ ડ્રમ' હત્યાકાંડમાં અદાલતે ઐતિહાસિક અને આકરો ચુકાદો સંભળાવ્યો છે. માર્ચ ૨૦૨૫માં આચરવામાં આવેલા આ અત્યંત ક્રૂર અને ગંભીર ગુનામાં મેરઠ ડિસ્ટ્રિક્ટ કોર્ટે ગુનેગારોને કોઈ પણ પ્રકારની દયા દાખવ્યા વિના પત્ની મુસ્કાન રસ્તોગી અને તેના પ્રેમી સાહિલ શુક્લાને ફાંસી (મૃત્યુદંડ) ની મહત્તમ સજા ફટકારી છે.

મર્ચન્ટ નેવીમાં ફરજ બજાવતા પતિ સૌરભ રાજપૂતની નિર્મમ હત્યા કરીને તેની લાશના ટુકડા બ્લૂ કલરના પ્લાસ્ટિકના ડ્રમમાં મૂકી ઉપર સિમેન્ટ ચણી દેનારા આ પાપી જોડાને કાયદાના હથોડાએ આખરે યોગ્ય પાઠ ભણાવ્યો છે.

### શું હતો સમગ્ર કંપાવી દેનારો હત્યાકાંડ?

ઘટનાની વિગતો અનુસાર, મુસ્કાને પ્રેમી સાહિલ શુક્લા સાથે મળીને પોતાના જ પતિ સૌરભ રાજપૂતને રસ્તામાંથી હટાવવા માટે ઘોર કાવતરું ઘડ્યું હતું. સૌરભ લંડનથી પોતાના ઘરે પાછો ફર્યો ત્યારે તેને જમવામાં નશીલો પદાર્થ આપીને બેભાન કરી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ મુસ્કાન અને સાહિલે મળીને અત્યંત ઘાતકી રીતે તેની હત્યા કરી નાખી હતી.




ગુનાનો પુરાવો કાયમ માટે મિટાવી દેવાના ઈરાદાથી આ બંને આરોપીઓએ સૌરભના શરીરના ટુકડા કર્યા હતા. પ્લાસ્ટિકના એક મોટા બ્લૂ ડ્રમમાં લાશના ટુકડા નાખીને તેના પર સિમેન્ટ અને રેતીનું મિશ્રણ ભરી દેવામાં આવ્યું હતું જેથી દુર્ગંધ ન આવે અને કોઈને ક્યારેય શંકા ન જાય.

**૧૩ મહિનાની સુનાવણી અને ૨૨ સાક્ષીઓ: કાયદાના શંખનાદ સામે કાવતરું નિષ્ફળ**

પોલીસે માર્ચ ૨૦૨૫માં જ સઘન તપાસ બાદ ડ્રમમાંથી સીલ કરેલી લાશ રિકવર કરીને મુસ્કાન અને સાહિલની ધરપકડ કરી હતી. કોર્ટમાં આશરે ૧૩ મહિના સુધી ચાલેલી કાનૂની લડાઈ, ૧૨૬ થી વધુ સુનાવણીઓ અને ૨૨ જેટલા સરકારી સાક્ષીઓની જુબાનીઓ બાદ અદાલતે આ કેસને 'રેરેસ્ટ ઓફ રેર' (દુર્લભમાંથી દુર્લભ) ગણાવ્યો હતો.

ડિસ્ટ્રિક્ટ જજ અરવિંદ કુમાર મિશ્રાની કોર્ટે તમામ વૈજ્ઞાનિક, ફોરેન્સિક અને સંજોગોવશાત પુરાવાઓને ધ્યાને રાખીને મુસ્કાન રસ્તોગી અને સાહિલ શુક્લાને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૨ હેઠળ દોષિત ઠેરવીને ફાંસીની સજા તથા રોકડ દંડ સંભળાવ્યો છે.

### સમાજ માટે મોટો સંદેશ: પાપ ગમે તેટલું ચતુર હોય, ન્યાય જીતે છે

જે ગુનાને છુપાવવા માટે પતિની લાશના ટુકડા કરી ડ્રમમાં સિમેન્ટ ચણી દીધો હતો, એ જ પાપે આજે તેમને ફાંસીના માંચડા પર લાવીને ઊભા રાખી દીધા છે. આ ઐતિહાસિક નિર્ણયથી પીડિત પરિવાર અને મૃતક સૌરભની માતાએ ન્યાયતંત્ર પ્રત્યે આભાર વ્યક્ત કર્યો છે. કાયદાથી કોઈ બચી શકતું નથી; પાપ છુપાવવા સિમેન્ટ ગમે તેટલો પાકો હોય, ન્યાયનો હથોડો હંમેશાં વધુ મજબૂત સાબિત થાય છે !

# શાંતિના સોગંદ તોડવા ભારે પડ્યા: પીસ બોન્ડ ભંગ કેસમાં CJP નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રાંકા તિહાડ જેલ હવાલે

નવી દિલ્હી: દેશની રાજધાની દિલ્હીમાં ચૂંટણી પંચની કામગીરી સામે વિરોધ નોંધાવવા અને મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની માંગ સાથે આક્રમક આંદોલન ચલાવી રહેલી 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) ના અગ્રણી નેતાઓ પર કાયદાનો ગાળો વધુ કસાયો છે. CJP ના જાણીતા નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રાંકાને પોલીસના 'પીસ બોન્ડ' (શાંતિ જાળવવાના મુચલકા) ની શરતોનો ભંગ કરવા બદલ કોર્ટે પાંચ દિવસની ન્યાયિક કસ્ટડીમાં સીધા તિહાડ જેલ ભેગા કરી દીધા છે.

આ સમગ્ર વિવાદની શરૂઆત ક્યાંથી થઈ અને કાયદાકીય ભાષામાં 'પીસ બોન્ડ' એટલે કે શાંતિ જાળવવાનો મુચલકો શું કહેવાય, ચાલો જાણીએ આખી વિગતવાર કહાની.

શું છે સમગ્ર મામલો અને શા માટે થઈ કાર્યવાહી?

તાજેતરમાં દિલ્હી પોલીસે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ સુરક્ષા કારણોસર જંતર-મંતર વિસ્તારને ૃત વિરોધ પ્રદર્શન સ્થળોની યાદીમાંથી હટાવીને ડી-નોટિફાઈ (Dnotify) જાહેર કર્યું હતું. આ સાથે જ રામલીલા મેદાન, બુરારી ગ્રાઉન્ડ અને સીબીડી ગ્રાઉન્ડ જ પ્રદર્શન માટે નક્કી કરવામાં આવ્યા છે.

પરંતુ આ આદેશની અવગણના કરીને CJP ના નેતાઓ સૌરવ દાસ, આશુતોષ રાંકા અને અન્ય કાર્યકર્તાઓ મંજૂરી વિના જંતર-મંતર ખાતે પહોંચ્યા હતા. ગેટ અને પોલીસ બેરિકેડ તોડીને અંદર પ્રવેશવા તથા ત્રિરંગો લહેરાવીને વિરોધ પ્રદર્શન કરવા બદલ પોલીસે અગાઉ પણ તેમની અટકાયત કરી હતી. તે સમયે કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવાની શરતે તેમને મુક્ત કરવામાં આવ્યા હતા અને તેમની પાસે 'પીસ બોન્ડ' ભરાવવામાં આવ્યો હતો.

પરંતુ, આ શરતોનું ઉલ્લંઘન કરીને આ નેતાઓ ફરીથી પ્રતિબંધિત વિસ્તારમાં ઘૂસી ગયા હોવાથી પોલીસે તેમની ધરપકડ કરી સ્પેશિયલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ (SEM) ની કોર્ટમાં રજૂ કર્યા હતા, જ્યાંથી તેમને પાંચ દિવસની ન્યાયિક કસ્ટડી હેઠળ તિહાડ જેલમાં મોકલી આપવામાં આવ્યા છે. જ્યારે અન્ય એક કાર્યકર્તા અજિંક્ય શિંદેએ નવો બોન્ડ ભરતા તેને જામીન પર મુક્ત કરાયો છે.

પીસ બોન્ડ (Peace Bond) એટલે શું? કાયદો શું કહે છે?

ઘણા લોકોના મનમાં સવાલ થાય કે આ 'પીસ બોન્ડ' એટલે શું? તો કાયદાકીય જોગવાઈઓ મુજબ, જ્યારે પોલીસ કે મેજિસ્ટ્રેટને આશંકા હોય કે કોઈ વ્યક્તિ કે જૂથ દ્વારા ભવિષ્યમાં શાંતિ જોખમાઈ શકે છે અથવા કાયદો હાથમાં લઈ શકાય છે, ત્યારે તેમની પાસેથી શાંતિ અને સુવ્યવસ્થા જાળવી રાખવા માટેનું એક લેખિત બંધન કે મુચલકો (Bond) લેવામાં આવે છે.

આ બોન્ડ સામાન્ય રીતે મહત્તમ એક વર્ષની મુદત માટેનો હોય છે.

આ સમયગાળા દરમિયાન સંબંધિત વ્યક્તિએ કોઈપણ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિ, હિંસા કે વિરોધ પ્રદર્શનની આડમાં ઉશ્કેરણીજનક કૃત્યો કરવાના નથી હોતા.

જો કોઈ વ્યક્તિ આ બોન્ડ પર સહી કર્યા પછી પણ નિયમો કે શરતોનો ભંગ કરે છે, તો તેને કાયદાકીય રીતે સીધી સજા અથવા ન્યાયિક કસ્ટડીમાં (જેલ) મોકલવાની જોગવાઈ છે.

CJP નો સરકાર સામે ઉગ્ર આક્ષેપ

નેતાઓની જેલયાત્રા બાદ CJP ના સ્થાપક અભિજીત દીપકેએ સોશિયલ મીડિયા પર આક્રમક પ્રતિક્રિયા આપી છે. તેમણે કેન્દ્ર સરકાર અને દિલ્હી પોલીસ પર નિશાન સાધતા સવાલ કર્યો છે કે, 'રાજધાનીમાં જંતર-મંતર પર જઈને દેશનો ત્રિરંગો લહેરાવવો એ ક્યારેય ગુનો હોઈ શકે નહીં. સરકાર અવાજ દબાવવા માટે આવા કાયદાકીય હથિયારોનો ઉપયોગ કરી રહી છે.'

બીજી તરફ, રાજકીય અને કાયદાકીય વર્તુળોમાં પણ આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે, કારણ કે કાનૂની દસ્તાવેજો પર સહી કર્યા બાદ પણ તેનું પાલન ન કરવાના કારણે આ નેતાઓને હવે જેલના હવાલે થવું પડ્યું છે.

# જન્મની તારીખ જ બની વિદાયનો દિવસ: 75મા જન્મદિવસની ઉજવણી વચ્ચે, 450 સ્વજનોની હાજરીમાં શમી ગયા અરુણજી ભંડારીના શ્વાસ

કજગામ (ભડગામ)

જિંદગી અને મોત વચ્ચેની સફર ક્યારે, કેવી રીતે અને કયા વળાંક પર થંભી જાય, તે કોઈ જાણી શકતું નથી. કુદરતના નિર્ણયો ક્યારેક એટલા આશ્ચર્યજનક અને હૃદયદ્રાવક હોય છે કે માનવી માત્ર સ્તબ્ધ થઈ જાય છે. મહારાષ્ટ્રના કજગામ (ભડગામ)માં એક એવી જ અત્યંત દુર્લભ, મર્મસ્પર્શી અને હચમચાવી



નાખનારી ઘટના બની છે, જેણે સમગ્ર વિસ્તાર અને ભંડારી પરિવારને ભારે શોક અને આંસુઓમાં ડૂબાડી દીધા છે.

શાંત સ્વભાવ, મિલનસાર અને ઊંડી ધાર્મિક પ્રવૃત્તિ ધરાવતા શ્રી અરુણજી બિરદમલજી ભંડારી (ઉંમર 75 વર્ષ)નું 11 ઓક્ટોબર 2026ના રોજ તેમના જ જન્મદિવસના દિવસે અચાનક અવસાન થયું. સૌથી નવાઈની અને અલૌકિક વાત એ રહી કે જે તારીખે તેમણે આ દુનિયામાં જન્મ લીધો હતો, બરાબર તે જ તારીખે તેમનું અવસાન થયું–જન્મ અને મૃત્યુની આ એક સમાન તારીખ ઈતિહાસમાં ક્યારેક જ જોવા મળે છે. ખુશીઓથી છલકાતું વાતાવરણ, 450 પ્રિયજનો હતા ઉપસ્થિત

ઘટના ગત 11 ઓક્ટોબર 2026ની સાંજની છે. શ્રી અરુણજી ભંડારીનો 75મો જન્મદિવસ ઉજવવા માટે પરિવાર દ્વારા એક ભવ્ય અને આનંદોલ્લાસથી ભરેલો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ વિશેષ અવસર પર ભંડારી પરિવારનો ખૂણે-ખૂણો ખુશીઓથી ગુંજી રહ્યો હતો. કાર્યક્રમમાં તેમના ભાઈઓ શ્રી અભયજી અને શ્રી કિશોરજી, બહેન શ્રીમતી મંગલાબેન, તેમના તમામ પુત્રો, પુત્રીઓ, પૌત્ર-પૌત્રીઓ, દૂર-દૂરથી આવેલા સગા-સંબંધીઓ અને અનેક ઘનિષ્ઠ મિત્રો–કુલ મળીને લગભગ 450 વ્હાલા લોકો ઉપસ્થિત હતા. સાંજે બરાબર 7 વાગ્યે કાર્યક્રમનો પ્રારંભ થયો. આખો હોલ અભિનંદન, તાળીઓ અને શુભકામનાઓના અવાજથી ગુંજી ઉઠ્યો હતો. દરેકના ચહેરા પર અરુણજીની લાંબી ઉંમર અને ઉત્તમ સ્વાસ્થ્ય માટેની દુઆઓ હતી.

દીકરીના સ્નેહસભર શબ્દો પછી આવી તે અનિચ્છનીય પળ

સમારોહ દરમિયાન વાતાવરણ અત્યંત ભાવનાત્મક અને આનંદમય હતું. આ દરમિયાન તેમની પુત્રી સ્વીટી ઓસ્વાલે પરિવાર તરફથી માઈક સંભાળતા પોતાના પિતાના જીવન, તેમના સંસ્કારો અને તેમના પ્રત્યેના સમગ્ર પરિવારના અતૂટ પ્રેમ પ્રત્યે બે મધુર શબ્દો કહ્યા અને તેમને જન્મદિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવી. દીકરીના આ શુભકામનાઓથી ભરેલા શબ્દો પછી હવે વારો હતો કેક કાપીને આ 75મા જન્મદિવસની ઉજવણીને યાદગાર બનાવવાનો. શ્રી અરુણજી તેમનાં જીવનસંગિની (ધર્મપત્ની), પોતાના બાળકો અને પરિવારના અન્ય સભ્યો સાથે હોલમાં હાજર તમામ સગા-સંબંધીઓ સામે કેક કાપવા માટે આગળ આવ્યા.

# લંડનમાં મહંત સ્વામી મહારાજના હસ્તે 'અક્ષર પુરુષોત્તમ સંસ્કૃત પાઠશાળા'નો શુભારંભ

લંડન

લંડનના BAPS સ્વામિનારાયણ મંદિરમાં પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે 'અક્ષરપુરુષોત્તમ સંસ્કૃત પાઠશાળા'નું ઉદ્ઘાટન થયું છે. ડિજિટલ યુગમાં યુવાધનને પ્રાચીન સંસ્કૃત ભાષા તરફ વાળવાના પ્રયાસરૂપે આ પાઠશાળા શરૂ કરાઈ છે. 350થી વધુ બાળ-યુવા વિદ્વાનો સંસ્કૃત અભ્યાસ સાથે જોડાયા છે. આ પાઠશાળા બ્રિટનમાં સંસ્કૃતના જતન અને પ્રસાર માટે સીમાચિહ્નરૂપ બનશે. ડિજિટલ યુગમાં નવી પેઢીનું ધ્યાન મોબાઈલ, ગેજેટ્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) જેવા આધુનિક માધ્યમો તરફ વધી રહ્યું છે, ત્યારે બ્રિટનની ભૂમિ પર યુવા ધનને પ્રાચીન અને સમૃદ્ધ સંસ્કૃત ભાષા તરફ વાળવા એક સરાહનીય પ્રયાસ કરાયો છે. ભારતીય સંસ્કૃતિ, શાસ્ત્ર જ્ઞાન અને આધ્યાત્મિક વારસાના સંવર્ધન અર્થે BAPS સ્વામિનારાયણ સંસ્થાના વડા પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે લંડનના બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિર(નીસડન મંદિર)માં 'અક્ષરપુરુષોત્તમ સંસ્કૃત પાઠશાળા'નું વિધિવત્ ઉદ્ઘાટન કરાયું છે. 24 સપ્ટેમ્બરના રોજ આયોજિત 'સત્સંગદીક્ષા સન્માન મહોત્સવ'માં મહંત સ્વામી મહારાજે ખાસ પત્ર પાઠવીને લંડન વિચરણ દરમિયાન મંદિરમાં સંસ્કૃત પાઠશાળાની સ્થાપના કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આ સંકલ્પને અનુસરીને જ સંસ્કૃત પાઠશાળાનો શુભારંભ થયો છે, જે બ્રિટનમાં સંસ્કૃત ભાષાના જતન અને પ્રસારની દિશામાં એક સીમાચિહ્ન રૂપ પગલું સાબિત થશે.

# સંબંધોની ભીડમાં એકલતા અનુભવતો આજનો માણસ...

રિયાધ

આજના સમયમાં માણસ પાસે વાત કરવા માટે અનેક લોકો છે, મોબાઈલમાં હજારો સંપર્કો છે અને સોશિયલ મીડિયામાં અસંખ્ય મિત્રો છે, છતાંય તેના મનની વાત સાંભળનાર કોઈક એક વ્યક્તિની ખોટ સાલે છે. આ જ આધુનિક જીવનની સૌથી મોટી વિસંગતિ છે. એક સમય હતો જ્યારે સાંજ પડતાં ઘરના આંગણામાં પરિવારજનો ભેગા થતા, દિવસભરની વાતો થતી અને હાસ્યના અવાજથી ઘર જીવંત બની જતું. આજે દરેક વ્યક્તિ પોતાના મોબાઈલની દુનિયામાં વ્યસ્ત છે. એક જ છત નીચે રહેતા લોકો પણ એકબીજાથી અજાણ્યા બની રહ્યા છે. સંદેશાઓની આપ-લે વધી છે, પરંતુ લાગણીઓની આપ-લે ઘટી છે. એકલતા હંમેશાં એકલા રહેવાનું નામ નથી. ઘણી વાર માણસ લોકોની વચ્ચે બેઠો હોય છે, છતાં અંદરથી તૂટી રહ્યો હોય છે. તેને સલાહ આપનાર કરતાં સમજણ આપનારની જરૂર



હોય છે; પ્રશ્નો પૂછનાર કરતાં તેની આંખોમાં છુપાયેલી પીડા વાંચનારની જરૂર હોય છે. આપણે ઘણી વાર બીજાની સફળતા જોઈને અભિનંદન આપીએ છીએ, પરંતુ તેની પાછળ છુપાયેલા સંઘર્ષને સમજવાનો પ્રયાસ કરતા નથી. કોઈના ચહેરા પરનું સ્મિત જોઈને તેને ખુશ માની લઈએ છીએ, જ્યારે એ સ્મિત પાછળ અનેક અધૂરી ઈચ્છાઓ અને મૌન વેદનાઓ છુપાયેલી હોઈ શકે છે. સંબંધોને જીવંત રાખવા માટે મોંઘી ભેટોની નહીં, પરંતુ થોડા સમયની, સાચા સંવાદની અને નિખાલસ લાગણીની જરૂર છે. કોઈને પ્રેમથી પૂછેલો એક પ્રશ્ન–"તમે ખરેખર કેમ છો?"–ક્યારેક તેના મનનો ભાર હળવો કરી શકે છે. જીવનની દોડમાં આપણે સફળતા મેળવીએ, સંપત્તિ એકત્રિત કરીએ અને નામના પ્રાપ્ત કરીએ, એ સારી વાત છે; પરંતુ આ બધાની વચ્ચે માણસાઈ અને સંબંધોની ઉષ્મા ગુમાવી બેસીએ તો સફળતાનો આનંદ પણ અધૂરો રહી જાય છે. આખરે, જીવનની સાચી સમૃદ્ધિ આપણી પાસે કેટલા લોકો છે તેમાં નહીં, પરંતુ મુશ્કેલીના સમયે કેટલા લોકો નિ:સ્વાર્થભાવે આપણી પડખે ઊભા રહે છે તેમાં રહેલી છે. ચાલો, સંબંધોને માત્ર સંપર્કસૂચિમાં નહીં, પરંતુ હૃદયમાં સ્થાન આપીએ. કારણ કે માણસને જીવવા માટે શ્વાસની સાથે લાગણીની પણ જરૂર પડે છે.

**- રૂપેશ સોલંકી, ભચાઉ, કચ્છ**



### સૌનું કલ્યાણ એ સ્વસ્તિકનો સારભૂત અર્થ છે

# શક્તિપીઠ તુલજાપુર ખાતે પૂજ્ય મોરારિબાપુની 'ભારત સ્વસ્તિક યાત્રા' અંતર્ગત પાંચમા દિવસની રામકથા સંપન્ન

(અહેવાલ: તખુભાઈ સાંડસુર)

મહારાષ્ટ્રની પાવન ધરતી અને દેશના અતિ પવિત્ર શક્તિપીઠો પૈકી એક એવા તુલજા ભવાની માતાના ચરણોમાં શ્રદ્ધા અને ભક્તિનો અપાર પ્રવાહ વહ્યો છે. છત્રપતિ શિવાજી મહારાજને મા ભવાનીએ ખુદ તલવાર અર્પણ કરીને હિન્દુ ધર્મ અને સંસ્કૃતિની રક્ષા માટે પ્રેરિત કર્યા હતા, તે જ ઐતિહાસિક અને દિવ્ય તીર્થસ્થાન તુલજા ભવાની મંદિરના પ્રાંગણમાં ચાલી રહેલી પૂજ્ય મોરારિબાપુની 'ભારત સ્વસ્તિક યાત્રા' અંતર્ગત પાંચમા દિવસની રામકથા અત્યંત દિવ્ય માહોલમાં સંપન્ન થઈ છે.

આ પાવન યાત્રા જ્યારે તુલજાપુર આવી પહોંચી ત્યારે સમગ્ર પંથક ભક્તિમય બની ગયો હતો. કથાના પાંચમા દિવસે પોતાની આગવી શૈલીમાં મંગલ વાણી મુખર કરતા પૂજ્ય મોરારિબાપુએ જણાવ્યું હતું કે, 'આપણે 'ગતિસ્તમ્ ગતિસ્તમ્' નો માં ભવાનીનો દિવ્ય મંત્ર લઈને ચાલી રહ્યા છીએ.'

બાપુએ સ્વસ્તિકના આધ્યાત્મિક અને દાર્શનિક રહસ્યો સમજાવતા કહ્યું હતું કે, અભિનયના 24 પ્રકારો છે, જેમાંથી એક કલ્યાણકારી સ્વસ્તિક પણ છે. સ્વસ્તિક એ આકાશમાં તારામંડળની દક્ષિણની ઘરી છે અને પવિત્ર 'ઓમ' કારનો જ અપભ્રંશ રૂપ સ્વસ્તિકમાં સમાયેલો છે. આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક એમ ત્રણેય સ્વરૂપે સ્વસ્તિક વ્યાપ્ત છે. 'સૌનું કલ્યાણ થાય એ જ સ્વસ્તિકનો સાચો અને સારભૂત અર્થ છે.'

આજની કથા દરમિયાન પૂજ્ય બાપુએ સાધુ મત અને વેદ મતની સાથે-સાથે વર્તમાન રાજનીતિના મત પર પણ સુંદર



પ્રકાશ પાડ્યો હતો. આ સાથે જ આજના સમયની ગંભીર ચિંતા વ્યક્ત કરતા બાપુએ જણાવ્યું હતું કે, 'જ્યારથી શિક્ષણ વિત (ધન) પ્રધાન અને રાજ્યાશ્રિત બન્યું છે, ત્યારથી તેની યોગ્ય દિશા અને દશા વિશે ગંભીર ચિંતા કરવાની જરૂરિયાત ઉભી થઈ છે.' બાપુના આ માર્મિક વિચારોએ ઉપસ્થિત શ્રોતાગણને વિચારતા કરી દીધા હતા.

તુલજાપુરના આ ધાર્મિક મંચ પર આજે ખૂબ મોટા પ્રમાણમાં મહારાષ્ટ્રના પ્રખ્યાત 'વાર્કરી સંપ્રદાય' ના અનુયાયીઓ અને સંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌરાષ્ટ્ર અને મહારાષ્ટ્ર વચ્ચેના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સંબંધોને યાદ કરતા બાપુએ બંને ક્ષેત્રો વચ્ચેના અનન્ય નાતા વિશે વિશેષ ઉલ્લેખ કર્યો હતો. આ સાથે જ આગામી જાન્યુઆરી મહિનામાં મહારાષ્ટ્રમાં જ વધુ એક ભવ્ય કથા યોજાવાની સત્તાવાર જાહેરાત પણ કરવામાં આવી હતી. આજના કથાના ક્રમમાં રામજન્મ સુધીની કથાની યાત્રા પહોંચી હતી, પરંતુ મર્યાદા પુરુષોત્તમ શ્રી રામનો પ્રાગટ્ય ઉત્સવ હવે પવિત્ર તીર્થસ્થાન ઓમકારેશ્વર ખાતે આવતીકાલે એટલે કે 15 ઓક્ટોબરના રોજ ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવશે તેવી શ્રદ્ધા અને જાહેરાત વ્યક્ત કરવામાં આવી હતી. વિશેષ નોંધનીય છે કે, 'ભારત સ્વસ્તિક યાત્રા' ની વિશેષ ટ્રેન સમયસર દરેક નિર્ધારિત તીર્થસ્થાને પહોંચી રહી છે, જેના માધ્યમથી દર્શન, ભજન અને ભાવનો એક અદભુત સેતુ રચાઈ રહ્યો છે, જેનાથી હજારો ભક્તો અભિભૂત થયા છે. સૌનું કલ્યાણ એ સ્વસ્તિકનો સારભૂત અર્થ છે: શક્તિપીઠ તુલજાપુર ખાતે પૂજ્ય મોરારિબાપુની 'ભારત સ્વસ્તિક યાત્રા' અંતર્ગત પાંચમા દિવસની રામકથા સંપન્ન.

### બનાસકાંઠામાં LCB નો મોટો સપાટો

# ફિલ્મી ઢબે પીછો કરીને દારૂ ભરેલી કાર ઝડપી પાડી, બુટલેગરોમાં ફફડાટ!

બનાસકાંઠા

રાજસ્થાન સરહદને અડીને આવેલા બનાસકાંઠા જિલ્લામાં દારૂની ઘૂસણખોરી રોકવા માટે બનાસકાંઠા પોલીસે કમર કસી છે. તેવામાં બનાસકાંઠા એલસીબી (Local Crime Branch) ની ટીમે એક મોટી અને સફળ કામગીરી પાર પાડતાં ફિલ્મી ઢબે પીછો કરીને વિદેશી દારૂનો મોટો જથ્થો ભરેલી કાર ઝડપી પાડી છે. બુટલેગરો દ્વારા દારૂ ઘુસાડવા માટે અજમાવવામાં આવેલી નવી કિમીયો અને ચાલાકીને એલસીબીની ટીમે પળવારમાં ધૂળ ચાટતી કરી દીધી છે. મળતી માહિતી અનુસાર, બનાસકાંઠા એલસીબી પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે એક શંકાસ્પદ કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને તેને પાલનપુર હાઈવે તરફથી પસાર કરવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમે તાત્કાલિક વોચ ગોઠવી હતી. દારૂ ભરેલી કાર નજરે પડતાં જ પોલીસે તેને રોકવાનો ઈશારો કર્યો હતો, પરંતુ બુટલેગરે કાર ઊભી રાખવાને બદલે ઝડપથી ભગાડવાનો પ્રયાસ કર્યો હતો. એલસીબીના જવાનોએ પણ સહેજ પણ વાર કર્યા વિના ફિલ્મી ઢબે પોતાની ગાડીઓ પાછળ દોડાવીને દારૂ ભરેલી કારને ચારેય તરફથી ઘેરી લીધી હતી.

પોલીસે કારની તલાશી લેતાં અંદરથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલોનો જંગી જથ્થો મળી આવ્યો હતો. પોલીસે વિદેશી દારૂ, કાર અને અન્ય સામગ્રી સહિત લાખો રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ સાથે જ કારમાં સવાર શખ્સની સ્થળ પર જ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ દારૂ ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને આગળ કોને સપ્લાય કરવાનો હતો તે દિશામાં પોલીસે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા એલસીબીની આ સફળ કાર્યવાહીથી જિલ્લાના બુટલેગરો અને અસામાજિક તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. પાલનપુર અને આસપાસના હાઈવે પર પોલીસનું ચેકિંગ વધુ સઘન બનાવી દેવામાં આવ્યું છે. દારૂની હેરાફેરી કરનારા ગમે તેટલા કીમિયા અજમાવે, પણ ખાખીના શિકંજામાંથી છટકી શકશે નહીં તેવો સ્પષ્ટ સંદેશ આ કાર્યવાહીથી મળી ગયો છે!

### સાવલીના ભાદરવા ગામે આવેલ 'બ્રહ્મધામ' ખાતે

# આસો સુદ આઠમે ભવ્ય નવચંડી યજ્ઞનું આયોજન

સાવલી / ભાદરવા

સાવલી તાલુકામાં આવેલ ઐતિહાસિક અને ધાર્મિક મહત્વ ધરાવતા ભાદરવા ગામ ખાતે આ સો નવરાત્રીના પવિત્ર અવસર પર ભગવતીશ્રી બ્રહ્માણી માતાજી ભક્તિધામ ટ્રસ્ટ દ્વારા વાર્ષિક પરંપરા મુજબ આસો સુદ આઠમ (દુર્ગાષ્ટમી) ના શુભ દિને ભવ્ય નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. સિનિયર સિટીઝન ગ્રુપના સદસ્ય ઘનશ્યામભાઈ રાવ દ્વારા પ્રાપ્ત વિગતો અનુ સાર, ભાદરવા ગામના સમસ્ત બ્રહ્મભટ્ટ સમુદાયના કુળદેવી શ્રી



બ્રહ્માણી માતાજીની સ્થાપના વર્ષ 2018 માં ગામની ભાગોળે, જી.આર. ભગત હાઈસ્કૂલની બાજુમાં આવેલા પવિત્ર સ્થળે બ્રહ્મભટ્ટ પરિવારોના અભૂતપૂર્વ સહયોગથી કરવામાં આવી હતી. આ મંદિર પરિસર અત્યંત રમણીય, પ્રાકૃતિક અને મનમોહક વાતાવરણથી આહલાદક લાગે છે. મંદિરમાં બિરાજમાન મા બ્રહ્માણીની પ્રતિમા અત્યંત દિવ્ય અને આકર્ષક છે. આ ઉપરાંત મંદિર પ્રાંગણમાં શ્રી ગણેશજી તથા તેમની સમક્ષ શ્રી હનુમાનજી મહારાજની સુંદર પ્રતિમાઓની પણ વિધિવત સ્થાપના કરવામાં આવી છે. ટ્રસ્ટ દ્વારા નિયમિત પૂજા-અર્ચના, સવાર-સાંજની આરતી માટે નિષ્ણાત પૂજારીની નિમણૂક કરાઈ છે તેમજ પરિસરમાં સ્વચ્છતા અને ભક્તો માટે શૌચાલય સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. દર વર્ષે આસો સુદ આઠમના પવિત્ર દિવસે યોજાતા આ નવચંડી યજ્ઞમાં હાજરી આપવા માટે ભાદરવા સહિત અમદાવાદ, વડોદરા, સુરત અને પરદેશ (એન.આર.આઈ.) વસતા બ્રહ્મભટ્ટ પરિવારો મા બ્રહ્માણીના ચરણોમાં શિશ નમવવા અને દર્શનાર્થે ખાસ પધારે છે. સમગ્ર મંદિરનો વહીવટ 'ભગવતીશ્રી બ્રહ્માણીમાતા ટ્રસ્ટ ભાદરવા' દ્વારા સુચારુ રૂપે ચલાવવામાં આવે છે, જેમાં ભાદરવા બ્રહ્મભટ્ટ પરિવારના ઉંબરા દીઠ વાર્ષિક રકમથી મંદિરનો નિભાવ ખર્ચ કરવામાં આવે છે. મંદિર પરિસરની પાછળ આવેલી ખુલ્લી જગ્યામાં ભક્તોની સુવિધા અર્થે એક વિશાળ હોલ અને રહેવા માટેના રૂમનું નિર્માણ કરવાનું આયોજન છે. આ ભગીરથ કાર્ય માટે ભાદરવાના વતની એવા ઉદારમના બ્રહ્મભટ્ટ દાતાઓ તરફથી સ્વેચ્છાએ આર્થિક યોગદાન (ડોનેશન) મળે તેવી અપેક્ષા ટ્રસ્ટ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

# શિનોર તાલુકાના દામાપુરાથી ભંડારેશ્વર મહાદેવ જતા રસ્તાની આજુબાજુના ગીચ ઝાડી ઝાંખરાં મુશ્કેલી રૂપ બન્યા

સાધલી, હસમુખ પટેલ

વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં પવિત્ર નર્મદા નદીના કિનારે આવેલા શ્રદ્ધા અને આસ્થાના કેન્દ્ર સમાન ભંડારેશ્વર મહાદેવ મંદિર તરફ જવાના માર્ગની બંને બાજુ મોટા પ્રમાણમાં ઝાડી-ઝાંખરાં અને વેલાઓ ઊગી નીકળતાં ભાવિક ભક્તો તેમજ નર્મદા પરિક્રમા કરતા પરિક્રમાવાસીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.તથા આ વિસ્તારમાં દીપડાની અવરજવર થતી હોવાની સ્થાનિકોમાં ચર્ચા હોવાથી મંદિરે દર્શનાર્થે જતા ભક્તોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. શિનોર તાલુકાના નર્મદા કિનારે



આવેલા પવિત્ર ભંડારેશ્વર મહાદેવ મંદિર ખાતે શિનોર તાલુકા સહિત આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભગવાન ભોળાનાથનાં દર્શનાર્થે આવતા હોય છે. તાજેતરમાં જ ધારાસભ્ય અક્ષય પટેલ તથા ધારાસભ્ય શૈલેષ મહેતા સહિત જિલ્લા ભાજપની સમગ્ર ટીમે દાદા ના દર્શન કર્યા હતા, અને ફોટોશેશન પણ કર્યું હતું. ઉપરાંત નર્મદા નદીની પરિક્રમા કરતા પરિક્રમાવાસીઓ પણ આ માર્ગનો ઉપયોગ કરતા હોય છે. છેલ્લા કેટલાક સમયથી મંદિર તરફ જવાના માર્ગની બંને બાજુ ગીચ ઝાડી-ઝાંખરાં, કાંટાળી વનસ્પતિ અને વેલાઓ ઊગી નીકળતાં માર્ગ સાંકડો અને અસુરક્ષિત બન્યો છે. ખાસ કરીને પગપાળા જતા શ્રદ્ધાળુઓ, વૃદ્ધો, મહિલાઓ અને પરિક્રમાવાસીઓને વધુ હાલાકી ભોગવવી પડે છે. વધુમાં આ વિસ્તારમાં દીપડાની અવરજવર હોવાની ચર્ચાને પગલે સ્થાનિક લોકો અને ભાવિક ભક્તોમાં ચિંતા વધી છે. ખાસ કરીને વહેલી સવારે અને સાંજના સમયે મંદિરે જતા શ્રદ્ધાળુઓ પોતાની સુરક્ષાને લઈને ચિંતિત બન્યા છે. સ્થાનિક પંચાયત, માર્ગ અને મકાન વિભાગ, વન વિભાગ તથા પદાધિકારીઓ ભંડારેશ્વર મહાદેવ મંદિર તરફ જવાના માર્ગનું સ્થળ નિરીક્ષણ કરે, અને માર્ગની બંને બાજુ ઊગી નીકળેલાં ઝાડી-ઝાંખરાં તથા વેલાઓ પોતાની ફરજ ના ભાગરૂપ દૂર કરી માર્ગ ખુલ્લો અને સુરક્ષિત બનાવે એ જરૂરી છે. વન વિભાગ દ્વારા આ વિસ્તારમાં દીપડાની અવરજવર અંગે જરૂરી તપાસ અને તકેદારીનાં પગલાં લેવામાં આવે, જરૂરી સ્થળોએ ચેતવણીનાં બોર્ડ મૂકવામાં આવે તથા ભાવિકોની સુરક્ષા માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેવી પણ માંગ ઊઠી છે.

### સહકારી ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર સામે મોટો રોડ-શો

# ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકના નાણાકીય ગોટાળા અને ભરતી ગડબડ બાદ હોદ્દેદારો પદભ્રષ્ટ, મોટો ધમાકો!

ભાવનગર

ગુજરાતના સહકારી ક્ષેત્રને હચમચાવી મૂકે તેવા મોટા સમાચાર સામે આવ્યા છે. ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંક (DCCB) માં લાખો-કરોડો રૂપિયાના નાણાકીય ગોટાળા, સાયબર ફ્રોડથી કરોડોનું ફંડ ડાયવર્ટ કરવા તેમજ ભરતી પ્રક્રિયા અને હિસાબોમાં કરવામાં આવેલી ગંભીર ગડબડો સામે આવ્યા બાદ તંત્રએ લાલ આંખ કરી છે. આ સમગ્ર કૌભાંડ અને ગંભીર ગેરરીતિઓની તપાસ વચ્ચે બેંકના ચેરમેન રસિક ભિંગરાડિયા સહિતના ટોચના હોદ્દેદારો અને મુખ્ય અધિકારીઓને (CEO) તાત્કાલિક અસરથી હોદ્દા પરથી હટાવી દેવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકના હિસાબોમાં કરોડો રૂપિયાના લોચા-લાપસી અને નાણાકીય અનિયમિતતાઓ સામે આવી હતી. આ ઉપરાંત, બેંકના સોફ્ટવેર કૌભાંડ અને કરોડો રૂપિયાના સાયબર ફ્રોડ દ્વારા રકમ આડેધડ ડાયવર્ટ કરવામાં આવી હોવાનો પણ ગંભીર ખુલાસો થયો હતો. બેંકના વાસ્તવિક ચોપડા અને કાગળ પર દર્શાવાયેલા નફાના આંકડાઓમાં મોટો તફાવત હોવાનું તપાસ દરમિયાન બહાર આવ્યું હતું. આટલું જ નહીં, બેંકમાં તાજેતરમાં કરવામાં આવેલી ભરતી પ્રક્રિયામાં પણ વ્યાપક કૌભાંડ આચરવામાં આવ્યું હોવાના અને સગાવાદ-ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો ઉઠ્યા હતા.

મળતી ચોક્કસ માહિતી મુજબ, સહકારી બેંકની વિશ્વસનીયતા અને ગ્રાહકોના કરોડો રૂપિયાના રોકાણને બચાવવા માટે સહકાર વિભાગ દ્વારા આ આકરા પગલાં લેવામાં આવ્યા છે.

બેંકના ચેરમેન અને સીઈઓ સહિત જવાબદાર ચારથી વધુ મુખ્ય હોદ્દેદારોને બેંકના વહીવટમાંથી તાત્કાલિક અસરથી મુક્ત (દૂર) કરી દેવાયા છે. બેંકનો વહીવટ ખોરવાઈ ન જાય અને ખાતાધારકોનો વિશ્વાસ જળવાઈ રહે તે માટે નવો કાર્યભાળ સોંપીને વહીવટી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

# શિનોર તાલુકાના અચીસરાથી ડભોઇ તાલુકાના કરમાલને જોડતા રસ્તાની રીસર્ફેસિંગ કામગીરી ધારાસભ્ય અક્ષય પટેલે શરૂ કરાવી

સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકાના અચીસરા, ગરાડી અને ડભોઈ તાલુકાના કરમાલ ગામને જોડતા આશરે પાંચ કિલોમીટર લંબાઈ ધરાવતા રસ્તાની કામગીરી ધારાસભ્ય અક્ષય પટેલ દ્વારા તારીખ 13 ઓક્ટોબર ના રોજ ધાર્મિક પૂજા વિધિ સાથે શ્રીફળ વધેરી શરૂ કરાવેલ છે.

ગુજરાત સરકારના માર્ગ મકાન વિભાગ દ્વારા રજૂ કરાયેલ દરખાસ્ત મુજબ અચીસરા થી ગરાડી અને ડભોઈ તાલુકાના કરમાલ ગામે રીસર્ફેસિંગ કરવા માટે મંજૂરી મળતા આશરે રૂપિયા 2 કરોડ 55



લાખ ની રકમ સરકાર દ્વારા ફાળવવામાં આવી હતી. જેની કામગીરી શરૂ કરવા માટે ધારાસભ્ય અક્ષય પટેલ ના હસ્તે ધાર્મિક વિધિ સંપન્ન કર્યા બાદ શ્રીફળ વધેરી ને શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે તેઓની સાથે તાલુકા પંચાયત પ્રમુખ હીનાબેન રોહિત, જિલ્લા પંચાયત સદસ્યા પતિ હરિકૃષ્ણ ઉર્ફ જીગાભાઈ પટેલ ,ભાજપ પ્રમુખ સંકેત પટેલ, મહામંત્રી કૃષ્ણકાંત શાહ, નવા વરાયેલા જીલ્લા બક્ષીપંચ મોરચાના મહામંત્રી નિલેશ દેસાઈ, જિલ્લા બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ પ્રશાંત બારોટ ઉર્ફે પીન્ટુ દાદા ,કરજણ તાલુકા ભાજપ મંત્રી મહેશભાઈ રબારી ,અને શિનોર તાલુકાના સહકારી ક્ષેત્રના ચાણક્ય વિકાસભાઈ પટેલ (બીથલી) જોડાયા હતા. નવરાત્રીનું ત્રીજું નોરતું હોવાથી માતાજીના દર્શન નો તમામે લાભ લીધો હતો. અચીસરાના ગ્રામજનો દ્વારા પધારેલા તમામ મહેમાનોનું પુષ્પાહારથી સન્માન કર્યું હતું.

વૃક્ષારોપણ કર્યા પછી તેના જતનની પણ કાળજી લેવાની હોય છે, નહીં તો વૃક્ષારોપણ માત્ર ફોટોસેશન બને છે, તેવી જ રીતના સરકાર દ્વારા મંજૂર કરાયેલ 2 કરોડ 55 લાખના આ રીસર્ફસિંગ કામની ગુણવત્તા અને પ્લાન એસ્ટીમેન્ટ મુજબ આ રસ્તો થાય છે કે કેમ તે બાબતે આ ત્રણેવ ગામના ગ્રામજનોએ કાળજી લેવાની રહેશે.

# કોડીનારના વલાદર ગામે સિંહણના હુમલામાં યુવકનું મોત, ગ્રામજનોમાં રોષ

### પાંચ નાનાં બાળકોના પિતાના મોતથી પરિવાર પર આભ તૂટ્યું, 40 લાખની સહાયની માંગ

ઉના, કૈલેશ ભટ્ટ

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વલાદર ગામે સિંહણના હુમલાની આશંકા વચ્ચે ૩૧ વર્ષીય યુવકનું મોત નીપજતાં સમગ્ર પંથકમાં અરેરાટી સાથે રોષની લાગણી ફેલાઈ છે. ઘરમાં એકલા રહેલા મહેશભાઈ પ્રતાપભાઈ રાઠોડનો મૃતદેહ મકાનથી આશરે ૩૦૦ મીટર દૂર ખેતરમાંથી મળી આવ્યો હતો. ઘટનાને પગલે પરિવારજનો અને ગ્રામજનોએ મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કરી યોગ્ય વળતરની માંગ ઉઠાવી હતી. બીજી તરફ, વન વિભાગે શંકાસ્પદ સિંહણને પકડવા માટે ત્રણ સ્થળોએ પાંજરાં ગોઠવી કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ, પોરબંદર ખાતે મજૂરીકામ કરતા મહેશભાઈ રાઠોડ તેમના દાદાના અવસાનને પગલે વતન આવ્યા હતા. તા. ૧૨ ઓક્ટોબરની રાત્રે પરિવારજનો બેસણાના પ્રસંગે જામવાળા ગયા હતા, ત્યારે મહેશભાઈ ઘરે એકલા હતા. દરમિયાન તેઓ ગુમ થતાં પરિવારજનોએ આસપાસ અને સગા-સંબંધીઓમાં શોધખોળ શરૂ કરી હતી. કોઈ ભાળ ન મળતાં પોલીસની ઈમરજન્સી હેલ્પલાઈન ૧૧૨ અને વન વિભાગને જાણ કરવામાં આવી હતી. તા. ૧૪ ઓક્ટોબરની વહેલી સવારે ગ્રામજનો અને વન વિભાગની ટીમે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરતાં મકાનથી આશરે ૩૦૦ મીટર દૂર ખેતરમાંથી મહેશભાઈનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાસ્થળની પરિસ્થિતિ અને પોસ્ટમોર્ટમના તારણ મુજબ જંગલી પ્રાણીના હુમલાને કારણે તેમનું મૃત્યુ થયું હોવાનું સામે



આવ્યું છે. ઘટનાસ્થળે સિંહણ જોવા મળી હોવાના અહેવાલો વચ્ચે સિંહણના હુમલાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. કોડીનાર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વન્ય પ્રાણીઓના આટાફેરાની ઘટનાઓ વધી રહી હોવાની સ્થિતિ વચ્ચે વલાદર ગામની આ ઘટનાથી ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાયો છે. રહેણાક વિસ્તારોની આસપાસ વન્ય પ્રાણીઓની અવરજવર અને માનવજીવનની સુરક્ષાને લઈને સ્થાનિકોમાં ચિંતા જોવા મળી રહી છે. ઘટનાની જાણ થતાં રાજકીય અને સામાજિક આગેવાનો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો કોડીનારની સરકારી હોસ્પિટલ ખાતે એકત્રિત થયા હતા. ઘટનાને પગલે લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને સિંહણને તાત્કાલિક પકડી પાડવાની માંગ ઉઠી હતી.

# કુખ્યાત મનિયા ડુક્કરને સુરત ક્રાઈમ બ્રાન્ચે રાજકોટ જેલમાંથી લાવી ગુનાના સ્થળે રિકન્સ્ટ્રક્શન કર્યું

સુરત

ખૂન, ખૂનની કોશિશ, લૂંટ અને ગુજસીટોક સહિતના ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા કુખ્યાત ગેંગસ્ટર મનિયા ડુક્કરની સુરત ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. સુરતમાં નોંધાયેલા ગેરકાયદે હથિયારના ગુનામાં ટ્રાન્સફર વોરંટના આધારે તેને રાજકોટ જેલમાંથી સુરત લાવવામાં આવ્યો છે. નવરાત્રિ દરમિયાન મહિલા ક્રાઈમ બ્રાન્ચની ટીમે આરોપીને તેના જ વિસ્તારમાં લઈ જઈ તપાસ હાથ ધરી હતી. મનિયા ડુક્કર પર પાંચ વિસ્તારોમાં આતંક મચાવવાનો આરોપ છે. સુરત ક્રાઈમ બ્રાન્ચની મહિલા પોલીસ અધિકારીઓ અને ટીમે આરોપીને સાથે રાખી ગુનાના સ્થળે તપાસ કરી હતી અને ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યું હતું. આ દરમિયાન કોઈ અનિચ્છનીય



ઘટના ન બને તે માટે સ્થળ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ગેરકાયદે હથિયારો ક્યાં છુપાવ્યાં હતાં અને તેનો ઉપયોગ કેવી રીતે થયો હતો તે સહિતની કડીઓ મેળવવા પોલીસ તપાસ કરી રહી છે.

ગુનાને લગતા મજબૂત પુરાવા કોર્ટ સમક્ષ રજૂ કરવા પોલીસ કાયદાકીય કડીઓ જોડવામાં સક્રિય બની છે. સુરતમાં ભાજપના યુવા નેતા જય દલાલ હત્યાકાંડ અને મનિયા ડુક્કર ગેંગની તપાસ દરમિયાન અગાઉ પણ ચોંકાવનારી વિગતો સામે આવી હતી.

### વડોદરામાં કરોડોનું સોનું લૂંટાઇ ગયું!

# 8.28 કરોડના સોનાની થેલીઓ લઇને ઠગાઇ કરનાર ભાવિક સોની સહિત બે સામે બાપોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ

વડોદરા

ગુજરાતના સંસ્કારી નગરી ગણાતા વડોદરા શહેરમાં ગુનાખોરીની હદ હવે એટલી હદે વટી ગઈ છે કે ધોળા દિવસે કરોડો રૂપિયાની છેતરપિંડી અને ચોરીના ખેલ ખેલાઈ રહ્યા છે. વડોદરાના વાઘોડિયા રોડ પર આવેલા ઝવેરનગર વિસ્તારમાં આવેલી 'શ્રી અંબિકા જ્વેલર્સ'માંથી આશરે સાડા પાંચ કિલો સોનું અને કિંમતી દાગીના ભરેલી બેગ ગુમ થઈ જવાની એક અત્યંત સનસનાટીભરી ઘટના સામે આવી છે. ૮ કરોડથી વધુની જંગી કિંમતના સોનાની આ ચોરી કે છેતરપિંડીને લઈને સમગ્ર રાજ્યના જ્વેલર્સ અને વ્યાપારી વર્ગમાં ભારે ખળભળાટ મચી ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, મુંબઈની 'ફુગન ગોલ્ડ પ્રાઈવેટ લિમિટેડ' નામની સોનાના દાગીનાની હોલસેલ કંપનીમાં સેલ્સ મેનેજર તરીકે નોકરી કરતા ૩૦ વર્ષીય હિમાંશુ મહેશ જૈન સોનાના દાગીનાની ડિલિવરી



આપવા માટે મુંબઈથી ખાસ વડોદરા આવ્યા હતા. વાઘોડિયા રોડ પર આવેલ સાંઈ ગણેશ કૉમ્પલેક્સમાં માત્ર બે મહિના અગાઉ જ દુકાન ભાડે રાખનાર ભાવિક સોની નામના શખ્સે વેપારના બહાને આ સોનાના અલગ-અલગ દાગીના મંગાવ્યા હતા.

આરોપી ભાવિક સોનીએ સોનાના આ દાગીના પોતાની દેખરેખ અને રખેવાળી હેઠળ દુકાનમાં મુકાવ્યા હતા, જેથી સેલ્સ મેનેજરનો પૂરેપૂરો વિશ્વાસ જીતી શકાય. કાવતરાના ભાગરૂપે આરોપી ભાવિક સોનીએ ફરિયાદી હિમાંશુ જૈનને જમવા જવાનું કહીને દુકાન બંધ કરાવી હતી અને દુકાનની ચાવી પોતાની સાથે રાખી હતી. આ દરમિયાન જ્યારે સેલ્સ મેનેજર હિમાંશુ જૈન વૉશરૂમ ગયા, ત્યારે અગાઉથી જ ઘડેલા પ્લાન મુજબ આરોપીઓ દુકાનમાંથી સોનાથી ભરેલી બંને બેગ લઈને પલાયન થઈ ગયા હતા!



## ફિલ્મ 15 ઑક્ટોબર, 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની

# 'જેલર 2'ના આ સીન માટે વિદ્યા બાલનને આપવા પડ્યા હતા એક પછી એક ત્રણ ટેક

મુંબઈ

દક્ષિણ ભારતીય સિનેમાના સુપરસ્ટાર રજનીકાંત સામે દિગ્ગજ કલાકારો પણ સાવચેતીપૂર્વક અભિનય કરતા હોય છે ત્યારે 'ડર્ટી પિક્ચર' ફેમ અભિનેત્રી વિદ્યા બાલનને તેમની સામે સિગારેટ પીવાના એક સીનમાં ભારે ગભરાટ થયો હતો. ફિલ્મ 'જેલર 2'ના આ સીનમાં વિદ્યાને રજનીકાંતના ચહેરા તરફ સિગારેટનો ધુમાડો છોડવાનો હતો. ફિલ્મના નિર્દેશક નેલ્સન દિલીપકુમારે આ સીન સાથે જોડાયેલો રસપ્રદ કિસ્સો એક પ્રમોશનલ કાર્યક્રમ વખતે જણાવ્યો હતો. નેલ્સનના જણાવ્યા અનુસાર 'વિદ્યા'ના ટ્રેલરમાં જોવા મળતો આ સીન શૂટિંગના પહેલા જ દિવસે ફિલ્માવવામાં આવ્યો હતો. વિદ્યાનું પાત્ર દમદાર છે અને તે રજનીકાંતના પાત્ર ટાઈગર મુથુવેલ પાંડિયન સામે પણ મક્કમતાથી ઊભું રહે છે. જોકે, આવું મજબૂત પાત્ર ભજવવા અંગે વિદ્યાએ શરૂઆતમાં પોતાની ચિંતા વ્યક્ત કરી હતી. જ્યારે તેમને રજનીકાંત સામે સિગારેટ પીને તેમના ચહેરા તરફ ધુમાડો છોડવાનું કહેવામાં આવ્યું, ત્યારે તેમની ગભરામણ ખૂબ જ વધી ગઈ હતી. નિર્દેશકે જણાવ્યું કે સીનના શૂટિંગ દરમિયાન વિદ્યાના હાથમાં રહેલી સિગારેટ ધ્રૂજી રહી હતી. મોનિટર પર આ દૃશ્ય જોતી વખતે નેલ્સનને પણ એક ક્ષણ માટે લાગ્યું કે કદાચ સીન યોગ્ય રીતે નહીં બને. વિદ્યાની સિગારેટ પકડવાની રીત જોઈને તેમને એવું લાગ્યું કે જાણે તે સિગારેટ નહીં, પરંતુ લિપસ્ટિક લગાવી રહી હોય! જોકે, થોડા પ્રયાસો બાદ સીન યોગ્ય રીતે ફિલ્માવવામાં આવ્યો હતો. નેલ્સનના જણાવ્યા અનુસાર, લગભગ ત્રીજા ટેકમાં આ શોટ ઓકે થયો હતો. તેમણે એમ પણ કહ્યું કે આજે પણ આ સીન જોતી વખતે વિદ્યાની આંખોમાં થોડી ગભરામણ દેખાય છે. આ કિસ્સો દર્શાવે છે કે પડદા પર નિર્ભય દેખાતું પાત્ર ભજવવા માટે કલાકારને શૂટિંગ દરમિયાન કેવા પડકારોનો સામનો કરવો પડી શકે છે. નેલ્સન દિલીપકુમારના નિર્દેશનમાં બનેલી 'જેલર 2'માં રજનીકાંત ફરી એકવાર નિવૃત્ત જેલર ટાઈગર મુથુવેલ પાંડિયનના પાત્રમાં જોવા મળશે. ફિલ્મમાં વિદ્યા બાલન ઉપરાંત રમ્યા કૃષ્ણન, યોગી બાબુ, મિર્ના, એસ.જે. સૂર્યા, મિથુન ચક્રવર્તી, વિજય સેતુપતિ અને અન્ય કલાકારો પણ સામેલ છે. અહેવાલ મુજબ, ફિલ્મ 15 ઑક્ટોબર, 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.

**રજનીકાંત સામે દિગ્ગજ કલાકારો પણ સાવચેતીપૂર્વક અભિનય કરતા હોય છે ત્યારે 'ડર્ટી પિક્ચર' ફેમ અભિનેત્રી વિદ્યા બાલનને તેમની સામે સિગારેટ પીવાના એક સીનમાં ભારે ગભરાટ થયો હતો**

# પરિણીતિ ચોપરાએ દીકરા અંગે કરી મોટી વાત

## પરિણીતિના મતે બાળકના ઉછેરની જવાબદારી બંને માતા-પિતાએ વહેંચવી જોઈએ



મુંબઈ

અભિનેત્રી પરિણીતિ ચોપરા હાલ પોતાની પ્રોફેશનલ અને પર્સનલ લાઈફ વચ્ચે સંતુલન જાળવી રહી છે. તાજેતરમાં વેબ સિરીઝ 'શક: ટ્રસ્ટ નો વન' દ્વારા ઓટીટી પર ડેબ્યૂ કરનાર પરિણીતિએ એક ઈન્ટરવ્યૂમાં માતા બન્યા પછીના પોતાના અનુભવો, કામ પર પાછા ફરવાના પડકારો અને પતિ રાઘવ ચઢ્ઢાના સાથ વિશે વાત કરી છે. તેને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે દુનિયાનું ગમે તેટલું મોટું કે રોમાંચક કામ મળે, પરંતુ જો તેના માટે માતૃત્વ સાથે એક ક્ષણનું પણ સમાધાન કરવું પડે તો તે એવું કોઈ કામ પસંદ નહીં કરે. તેના માટે દીકરો નીર દરેક વસ્તુથી ઉપર છે. પરિણીતિએ જણાવ્યું કે દીકરા નીરને છોડીને પહેલીવાર કામ માટે જવું તેના જીવનની સૌથી મુશ્કેલ ક્ષણોમાંની એક હતી. તેણે આ અનુભવને 'મોમ ગિલ્ટ' એટલે કે બાળકને છોડીને કામ પર જવાના અપરાધભાવ ગણાવ્યો હતો. પરિણીતિના મતે માતા બન્યા પછી બાળક માટે કામ કરવાની અને તેના માટે ઉદાહરણ બનવાની ઈચ્છા થાય છે, પરંતુ બાળકથી દૂર રહેવાનું દુઃખ પણ એટલું જ મોટું હોય છે. જોકે, તેણે કહ્યું કે કામ કરવાથી તેને વધુ સારી અને સંપૂર્ણ માતા બનવામાં મદદ મળે છે.

પરિણીતિએ પોતાના પતિ અને સાંસદ રાઘવ ચઢ્ઢાને કામ અને પરિવાર વચ્ચે સંતુલન જાળવવામાં મોટો આધાર ગણાવ્યો. તેના જણાવ્યા અનુસાર, રાઘવે તેને કામ ફરી શરૂ કરવા માટે પ્રોત્સાહિત કરી અને ખાતરી આપી કે તે દરેક પગલે તેની સાથે છે. પરિણીતિએ કહ્યું કે તેની વ્યસ્ત કારકિર્દી અચાનક બંધ થઈ જવાથી તેના પર અસર થઈ શકે છે, એ વાત રાઘવ સમજતા હતા. તેથી તેમણે તેને કામ પર પાછા ફરવા માટે પ્રેરણા આપી.

# મને થપ્પડ મારી, સિગારેટથી બાળી...! નીતિ ટેલરની દર્દનાક આપવીતી

## નીતિએ જણાવ્યું કે, 'મારી ફ્રેન્ડ્સ નીચે રાહ જોઈ રહી હતી અને ત્યાંના સિક્યોરિટી ગાર્ડે તેમને કહ્યું હતું કે અહીં આવી ઘટનાઓ અવારનવાર બનતી હોય છે.

મુંબઈ

ટીવી અભિનેત્રી નીતિ ટેલરે પોતાના ભૂતકાળના સંબંધો વિશે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેણે જણાવ્યું કે, તેના ભૂતપૂર્વ બોયફ્રેન્ડ દ્વારા તેને શારીરિક અને માનસિક રીતે ટોર્ચર કરવામાં આવતું હતું. 'કૈસી યે યારીયાં' સિઝન-1ના શૂટિંગ દરમિયાન, તેણે કપડાં, મિત્રો અને બહાર જવા પર સવાલો ઉઠાવ્યા હતા. એકવાર સિગારેટથી પણ ડામ આપ્યો હતો, જેના નિશાન આજે પણ શરીર પર છે. આ ઘટના CCTVમાં પણ કેદ થઈ હતી. ટીવી જગતની જાણીતી અભિનેત્રી નીતિ ટેલરે તાજેતરમાં જ એક ઈન્ટરવ્યૂ દરમિયાન પોતાના ભૂતકાળના રિલેશનશિપ વિશે ખુલીને વાત કરી છે. તેણે જણાવ્યું કે, 'મારો એક્સ બોયફ્રેન્ડ મારી સાથે ખૂબ જ દુર્વ્યવહાર કરતો હતો અને મને શારીરિક તથા માનસિક રીતે ટોર્ચર કરતો હતો.' નીતિએ ચોંકાવનારો ખુલાસો કરતા કહ્યું કે, 'એકવાર મારા એક્સ બોયફ્રેન્ડે મને સિગારેટથી પણ ડામ આપ્યો હતો.' કપડાં, મિત્રો અને બહાર જવા પર કરતો હતો સવાલો 'ગુલામ', 'બડે અચ્છે લગતે હૈ' અને 'અલાયન્સ' જેવા લોકપ્રિય શોમાં કામ કરી ચૂકેલી નીતિએ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે, 'મારો એક્સ-બોયફ્રેન્ડ હંમેશા મારા કપડાં, મિત્રો અને બહાર આવવા-જવા પર સવાલો ઉઠાવતો હતો. આ ઘટના 'કૈસી યે યારીયાં' સિઝન-1ના શૂટિંગ દરમિયાનની છે, જેના વિશે બહુ ઓછા લોકો જાણે છે. જો હું ક્યારેક ટૂંકા કપડાં પહેરતી, તો તે મારા કપડાં પર સવાલ ઉઠાવતો અને કહેતો કે લોકો મને જોઈ રહ્યા છે. તે પૂછતો કે હું ક્યાં જાઉં છું અથવા કોઈની આટલી નજીક કેમ ઊભી છું. તે સમયે હું નાસસમજ હતી અને હંમેશા પોતાની જાતને સમજાવવાની અને પોતાના કામને સાચું સાબિત કરવાની કોશિશ કરતી હતી.' અભિનેત્રી આગળ જણાવ્યું કે, 'એકવાર એનો જન્મદિવસની પાર્ટીમાં અમે ગયા હતા, પરંતુ ત્યાંનું વાતાવરણ મને બરાબર ન લાગ્યું. અંતે અમે છોકરીઓએ ત્યાંથી નીકળી જવાનું નક્કી કર્યું. મારી સહેલીઓએ કહ્યું કે તેઓ કારમાં રાહ જોઈ રહી છે, પરંતુ હું જતાં પહેલાં તેને બાય કહેવા માંગતી હતી. જ્યારે મેં એવું કરવાનો પ્રયત્ન કર્યો, ત્યારે તેણે મને રોકી દીધી અને કહ્યું કે હું તેની જ જઉં. મેં તેને કહ્યું કે મારી ફ્રેન્ડ્સ મને ઘેર છોડી દેશે, પરંતુ તેણે ના પાડી દીધી. તેના ઘરની બહારનો માહોલ ખૂબ જ ડરામણો થઈ ગયો હતો.





# હોલીવુડ એક્ટર આરજે મિટેએ આત્મહત્યા કરી: બાળપણથી સેલેબ્રલ પાલ્સીથી પીડાતો હતો

## 'બ્રેકિંગ બેડ'એ પોતાના કલાકારોને દુનિયાભરમાં ઓળખ અપાવી. મિટેએ સીરિઝમાં બ્રાયન ક્રેન્સ્ટન અને અન્ના ગન સાથે કામ કર્યું

મુંબઈ

પ્રખ્યાત અમેરિકન ટીવી સિરીઝ 'બ્રેકિંગ બેડ'માં વૉલ્ટર વ્હાઈટના દીકરાની ભૂમિકા ભજવનાર એક્ટર આરજે મિટેનું 34 વર્ષની ઉંમરે અવસાન થયું છે. અમેરિકન મનોરંજન વેબસાઈટ TMZ અનુસાર, એક્ટરે સોમવારે ટેક્સાસમાં આત્મહત્યા કરી. આરજે મિટેને 14 વર્ષની ઉંમરે 'બ્રેકિંગ બેડ'ના પાઈલટ એપિસોડમાં કામ મળ્યું હતું. તેણે સિરીઝના 56 એપિસોડમાં વૉલ્ટર વ્હાઈટ જુનિયરની ભૂમિકા ભજવી હતી. મિટેને સેરેબ્રલ પાલ્સી હતી, એટલે કે તેને બાળપણથી જ ચાલવા-ફરવામાં અને શરીરની ગતિવિધિઓને નિયંત્રિત કરવામાં મુશ્કેલી પડતી હતી. તેણે પોતાના અનુભવનો ઉપયોગ હૉલીવુડમાં દિવ્યાંગ કલાકારોના અધિકારો માટે અવાજ ઉઠાવવા માટે કર્યો હતો. મિટેના પ્રતિનિધિએ કહ્યું, 'ઘણા દુઃખ સાથે અમે પ્રિય એક્ટર, સમાજસેવક અને દિવ્યાંગોના અધિકારોના ઉત્સાહી સમર્થક આરજે મિટેના દુઃખદ અવસાનની જાણકારી આપી રહ્યા છીએ.' પ્રતિનિધિએ વધુમાં કહ્યું, 'દુનિયાભરના મિત્રો અને પરિવારનું મનોરંજન કરવા ઉપરાંત, તેણે યુનાઈટેડ સેરેબ્રલ પાલ્સી અને શ્રાઈનર્સ ચિલ્ડ્રન્સના એમ્બેસેડર તરીકે પણ કામ કર્યું હતું.' વિન્સ ગિલિગન દ્વારા બનાવવામાં આવેલી આ સીરિઝ માટે મિટેએ 13 વર્ષની ઉંમરે ઑડિશન આપ્યું હતું. તે 14 વર્ષનો હતો, જ્યારે તેણે તેના પાઈલટ એપિસોડનું શૂટિંગ કર્યું હતું. 'બ્રેકિંગ બેડ'એ પોતાના કલાકારોને દુનિયાભરમાં ઓળખ અપાવી. મિટેએ સીરિઝમાં બ્રાયન ક્રેન્સ્ટન અને અન્ના ગન સાથે કામ કર્યું. સીરિઝમાં બંનેએ તેમના ઑન-સ્ક્રીન માતા-પિતાની ભૂમિકા ભજવી હતી. મિટેએ બાદમાં 'ધ ઓક રૂમ', 'ધ ગાર્ડિયન્સ ઑફ જસ્ટિસ' અને 'ટ્રાયમ્ફ'માં પણ કામ કર્યું. એક્ટરની છેલ્લી જાહેર હાજરી 'બ્રેકિંગ બેડ'ના સહ-કલાકાર લુઈસ મોનકાડા સાથે અલ્બુકર્કના 'બલૂન ફિએસ્ટા'માં હતી.

# નાના પાટેકરની માતાની યાદગાર ભૂમિકા ભજવનાર અભિનેત્રી મધુ કાંબીકરનું નિધન

મુંબઈ

મરાઠી સિનેમાના જાણીતા અભિનેત્રી અને લાવણી નૃત્યાંગના મધુ કાંબીકરનું 73 વર્ષની વયે નિધન થયું છે. 12 ઑક્ટોબર, 2026ના રોજ પુણેમાં તેમણે અંતિમ શ્વાસ લીધા. તેઓ લાંબા સમયથી સ્વાસ્થ્ય સંબંધિત ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહ્યાં હતાં. તેમના નિધનના સમાચારથી મરાઠી મનોરંજન જગતમાં શોકની લાગણી ફેલાઈ છે. મધુ કાંબીકર મરાઠી ફિલ્મો ઉપરાંત હિન્દી સિનેમામાં પણ પોતાના અભિનય માટે જાણીતા હતાં. અનેક ફિલ્મોમાં તેમણે માતા અને સાસુની ભૂમિકાઓ ભજવી હતી. ખાસ કરીને નાના પાટેકરની માતાની ભૂમિકામાં તેમને દર્શકોએ ખૂબ પસંદ કર્યાં હતાં. વાસ્તવિક જીવનમાં મધુ કાંબીકર નાના પાટેકર કરતાં બે વર્ષ નાનાં હતાં, પરંતુ પડદા પર તેમણે તેમની માતાની ભૂમિકાને યાદગાર બનાવી હતી. બંનેએ 'હમ દોનોં' અને 'યશવંત' જેવી ફિલ્મોમાં સાથે કામ કર્યું હતું. અભિનય ઉપરાંત મધુ કાંબીકર પરંપરાગત મહારાષ્ટ્રીયન લોકનૃત્ય લાવણી માટે પણ જાણીતા હતાં. મરાઠી ફિલ્મો, રંગભૂમિ, ટેલિવિઝન અને લોકકલાના ક્ષેત્રમાં તેમણે ચાર દાયકાથી વધુ સમય સુધી યોગદાન આપ્યું હતું. 'શોલા ઔર શબનમ'માં તેમણે ગોવિંદા અને દિવ્યા ભારતી સાથે પણ કામ કર્યું હતું. મરાઠી સિનેમામાં માતા અને સાસુની ભૂમિકાઓ ઉપરાંત તેમની નૃત્યકળાએ પણ તેમને વિશેષ ઓળખ અપાવી હતી. મધુ કાંબીકરના જીવનમાં 27 નવેમ્બર, 2016નો દિવસ મુશ્કેલ સાબિત થયો હતો. મુંબઈના માટુંગા સ્થિત યશવંત નાટ્ય મંદિર ખાતે 'લાવણ્યા મ્યુઝિક' કાર્યક્રમમાં તેઓ લગભગ 12 વર્ષના વિરામ બાદ ફરી મંચ પર નૃત્ય કરવા પહોંચ્યાં હતાં. અહેવાલો અનુસાર, કાર્યક્રમ દરમિયાન તેમની તબિયત બગડી હતી.



### અભિષેક શર્મા બીજા ક્રમે, શ્રેયસ અય્યર 3 સ્થાનની છલાંગ સાથે ચોથા ક્રમે

# ICC રેન્કિંગમાં ભારતનો સપાટો: ઈશાન કિશન નંબર-1 બેટર

ઈન્દોર



ICC T20 રેન્કિંગમાં ભારતીય ખેલાડીઓ છવાયા છે. ઈશાન કિશન નંબર-1 બેટર તરીકે યથાવત્ છે, જ્યારે અભિષેક શર્મા બીજા ક્રમે છે. વેસ્ટ ઈન્ડીઝ સામે સદી ફટકારનાર શ્રેયસ અય્યર 3 સ્થાનની છલાંગ સાથે ચોથા ક્રમે પહોંચ્યા છે. આમ, ટોપ-4માં 3 ભારતીય બેટરનો દબદબો જોવા મળ્યો. આ તેમની કારકિર્દીની સર્વશ્રેષ્ઠ રેન્કિંગ છે. ICCની તાજેતરની T20 ઈન્ટરનેશનલ રેન્કિંગમાં ભારતીય ખેલાડીઓનો દબદબો જોવા મળ્યો છે. વેસ્ટ ઈન્ડીઝ સામેની ઘરઆંગણે રમાઈ રહેલી પાંચ મેચની શ્રેણીમાં સદી ફટકારનાર શ્રેયસ અય્યરને તેનો મોટો ફાયદો થયો છે. અય્યર ત્રણ સ્થાનની છલાંગ લગાવીને બેટરની રેન્કિંગમાં ચોથા ક્રમે પહોંચી ગયા છે. આ તેમની કારકિર્દીની સર્વશ્રેષ્ઠ રેન્કિંગ છે. બીજી તરફ, ઈશાન કિશન T20 ઈન્ટરનેશનલમાં વિશ્વના નંબર-1 બેટર તરીકે યથાવત્ છે, જ્યારે અભિષેક શર્મા બીજા ક્રમે છે. લખનઉમાં શ્રેણીની પ્રથમ મેચમાં શ્રેયસ અય્યરે શાનદાર બેટિંગ કરતાં સદી ફટકારી હતી. T20 ઈન્ટરનેશનલ કારકિર્દીની આ તેમની પ્રથમ સદી હતી. આ પ્રદર્શનના આધારે તેઓ રેન્કિંગમાં ત્રણ સ્થાન આગળ વધ્યા છે. હવે વિશ્વના ટોચના ચાર T20 બેટરમાં ત્રણ ભારતીય ખેલાડીઓનો સમાવેશ થાય છે. પાકિસ્તાનના કેપ્ટન સાહિબઝાદા ફરહાન શ્રીલંકા સામેના પ્રદર્શનના આધારે ત્રીજા ક્રમે છે. શ્રીલંકાના કુસલ મેન્ડિસ ત્રણ સ્થાન આગળ વધીને 23મા ક્રમે પહોંચ્યા છે. વેસ્ટ ઈન્ડીઝના શેરફેન રધરફોર્ડ 13 સ્થાનની છલાંગ સાથે સંયુક્ત રીતે 24મા ક્રમે છે. ભારતના સંજુ સેમસન ચાર સ્થાન આગળ વધીને સંયુક્ત રીતે 27મા ક્રમે પહોંચ્યા છે. પાકિસ્તાનના યુવા ખેલાડી મજ સદાકતે પણ શ્રીલંકા સામેની ત્રણ મેચની શ્રેણીમાં સારા પ્રદર્શનના આધારે મોટી પ્રગતિ કરી છે.

## 15 ઓક્ટોબરે યોજાનારી IPLની રિવ્યૂ મિટિંગ મોકૂફ

નવી દિલ્હી

BCCIએ 15 ઓક્ટોબરે મુંબઈમાં યોજાનારી IPLની રિવ્યૂ મિટિંગ મુલતવી રાખી છે. બેઠકમાં IPL ફ્રેન્ચાઈઝીના માલિકો, બ્રોડકાસ્ટર્સ અને યજમાન સ્ટેટ એસોસિયેશન સામેલ થવાના હતા.

આ બેઠક ગુરુવારે સાંજે 6 વાગ્યે તાજ સાંતાક્રુઝ ખાતે યોજાવાની હતી. BCCI અને IPLના અધિકારીઓએ તમામ સંબંધિત પક્ષોને બેઠક મુલતવી રાખવાની જાણકારી આપી છે. હાલમાં નવી તારીખ અને સ્થળ નક્કી કરવામાં આવ્યા નથી. BCCIના સેક્રેટરી દેવજીત સૈકિયાએ સંબંધિત પક્ષોને તેની જાણકારી આપી. તેમણે જણાવ્યું કે 15 ઓક્ટોબરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી એશિયન ગેમ્સના મેડલ વિજેતાઓનું સન્માન કરશે. આ કારણે જ બેઠક મુલતવી રાખવી પડી. એશિયન ગેમ્સના મેડલ વિજેતાના આ કાર્યક્રમમાં BCCI અધિકારીઓએ પણ હાજરી આપવાની છે. આ ઉપરાંત કેટલાક સ્ટેકહોલ્ડર્સે પણ બેઠક મુલતવી રાખવાની માગ કરી હતી. સન્માન સમારોહને કારણે ભારતીય ટીમની મુસાફરીની યોજનામાં પણ ફેરફાર થશે. ટીમે વેસ્ટ ઈન્ડીઝ સામેની ચોથી T20 મેચ 14 ઓક્ટોબરે હૈદરાબાદમાં રમવાની છે.

### સીરિઝમાં ફરહાને ત્રણેય મેચમાં અર્ધશતક ફટકાર્યા

## વિરાટની બરાબરી અને અભિષેકનો રેકોર્ડ તોડ્યો... પાકિસ્તાની બેટરનો T20માં મોટો રેકોર્ડ

રાવલપિંડી

પાકિસ્તાનના સાહિબઝાદા ફરહાને શ્રીલંકા સામેની T20 સીરિઝમાં 238 રન ફટકારી ભારતીય ક્રિકેટર અભિષેક શર્માનો 229 રનનો રેકોર્ડ તોડ્યો છે. રાવલપિંડીમાં રમાયેલી 3 મેચની સીરિઝમાં ફરહાને ત્રણેય મેચમાં અર્ધશતક ફટકાર્યા હતા. આ સાથે તે વિરાટ કોહલીના ખાસ ક્લબમાં સામેલ થનાર પ્રથમ પાકિસ્તાની ખેલાડી બન્યા છે. પાકિસ્તાન સાહિબઝાદા ફરહાને શ્રીલંકા સામેની ત્રણ મેચોની T20 સીરિઝમાં એવી ધૂંઆધાર બેટિંગ કરી છે કે ભારતીય ક્રિકેટર અભિષેક શર્માનો રેકોર્ડ તૂટી ગયો છે. તેમણે વિરાટ કોહલીના એક ખાસ રેકોર્ડની બરાબરી કરી લીધી છે. સીરિઝ મંગળવારે પૂરી થઈ હતી. પાકિસ્તાને આ ટી-10 સીરિઝ




2-1થી જીતી લીધી છે. ફરહાને પહેલી સીરિઝમાં ફુલ ટાઈમ કેપ્ટન તરીકે 238 રન બનાવ્યા હતા અને ત્રણેય મેચમાં અર્ધશતક ફટકાર્યો હતો. રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમમાં શરૂઆતની બંને મેચમાં પાકિસ્તાને શ્રીલંકાને હરાવ્યું હતું. જો કે, મંગળવારે રમાયેલી ત્રીજી મેચમાં આઠ વિકેટથી શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો. આ સિવાય ફરહાનનું શાનદાર પ્રદર્શન સીરિઝની સૌથી મોટી ઉપલબ્ધિ તરીકે ઊભરી આવ્યું છે. ફરહાને સીરિઝની પહેલી મેચમાં 53 બોલમાં 89 રન બનાવ્યા હતા. બીજા મેચમાં 73 અને ત્રીજી મેચમાં 76 રનની ઈનિંગ રમી હતી. આ રીતે તેમના ખાતામાં કુલ 238 રન આવ્યા હતા. આ સાથે ફરહાને કોઈ ફુલ મેમ્બર ટીમના ખેલાડી દ્વારા ત્રણેય મેચની ટી20 સીરિઝમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ પોતાના નામે કર્યો છે.

## રાજકોટમાં રણજી ટ્રોફીની સૌરાષ્ટ્ર-છત્તીસગઢ મેચ ડ્રો થઇ

### પહેલી ઇનિંગની લીડના આધારે સૌરાષ્ટ્રને 3 પોઇન્ટ મળ્યા; રવીન્દ્ર જાડેજાનું ઓલરાઉન્ડ પરફોર્મન્સ

મુંબઇ

રણજી ટ્રોફી 2026-27નો 11 ઓક્ટોબર 2026થી પ્રારંભ થયો હતો. જેમાં ટુર્નામેન્ટની સૌરાષ્ટ્ર અને છત્તીસગઢ વચ્ચેની લીગ મેચ નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી.

સૌરાષ્ટ્રએ બીજી ઈનિંગ્સમાં 67 ઓવરમાં 1 વિકેટ ગુમાવી 229 રન બનાવી ઈનિંગ ડિક્લેર કરી હતી. જેમાં ચિરાગ જાનીએ 215 બોલમાં 16 ચોગ્ગાની મદદથી અણનમ 127 રન બનાવ્યા હતા. હાર્વિક દેસાઈએ 120 બોલમાં 10 ચોગ્ગા સાથે 68 રન બનાવ્યા હતા. જય ગોહિલે અણનમ 29 રન બનાવ્યા હતા.

આમ આ મેચ ડ્રો થઈ હતી. પહેલી ઈનિંગમાં સૌરાષ્ટ્રને લીડ મળી હતી. તેથી સૌરાષ્ટ્રને 3 પોઈન્ટ અને છત્તીસગઢને 1 પોઈન્ટ મળ્યો હતો.

પહેલી ઈનિંગ્સમાં 102 રન બનાવવા અને ત્રણ વિકેટ લેવા બદલ રવીન્દ્ર જાડેજાને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કર્યા હતા. સૌરાષ્ટ્રે છત્તીસગઢ સામે પહેલી ઈનિંગ્સમાં 392 રન બનાવ્યા. પ્રેરક માંકડે 129 રનની ઈનિંગ્સ રમી, જ્યારે રવીન્દ્ર જાડેજાએ 102 રન બનાવ્યા. માંકડ અને જાડેજા વચ્ચે છઠ્ઠી વિકેટ માટે 205 રનની ભાગીદારી થઈ. જાડેજાને ધર્મેન્દ્રસિંહ જાડેજાએ આઉટ કર્યો. ચિરાગ જાનીએ પણ 83 રન બનાવ્યા. જવાબમાં છત્તીસગઢ 312 રન બનાવીને ઓલઆઉટ થઈ ગયું હતું. જેમાં રવીન્દ્ર જાડેજાએ 3 વિકેટ ઝડપી




હતી. કેપ્ટન જયદેવ ઉનડકટ, ચેતન સાકરિયા અને અંકુર પવારે 2-2 વિકેટ લીધી હતી. રણજી ટ્રોફી 2026-27નો 11 ઓક્ટોબર 2026થી પ્રારંભ થયો હતો. જેમાં ટુર્નામેન્ટની સૌરાષ્ટ્ર અને છત્તીસગઢ વચ્ચેની લીગ મેચ નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. સૌરાષ્ટ્રએ બીજી ઈનિંગ્સમાં 67 ઓવરમાં 1 વિકેટ ગુમાવી 229 રન બનાવી ઈનિંગ ડિક્લેર કરી હતી.

જેમાં ચિરાગ જાનીએ 215 બોલમાં 16 ચોગ્ગાની મદદથી અણનમ 127 રન બનાવ્યા હતા. હાર્વિક દેસાઈએ 120 બોલમાં 10 ચોગ્ગા સાથે 68 રન બનાવ્યા હતા. જય ગોહિલે અણનમ 29 રન બનાવ્યા હતા. આમ આ મેચ ડ્રો થઈ હતી. પહેલી ઈનિંગમાં સૌરાષ્ટ્રને લીડ મળી હતી. તેથી સૌરાષ્ટ્રને 3 પોઈન્ટ અને છત્તીસગઢને 1 પોઈન્ટ મળ્યો હતો. પહેલી ઈનિંગ્સમાં 102 રન બનાવવા અને ત્રણ વિકેટ લેવા બદલ રવીન્દ્ર જાડેજાને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કર્યા હતા.



### જથ્થાબંધ મોંઘવારી 5 મહિનામાં સૌથી વધુ

## દિવાળીમાં આમ આદમીનું બજેટ બગડશે: જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓના ભાવમાં ઉછાળો

મુંબઇ

જથ્થાબંધ મોંઘવારી સપ્ટેમ્બરમાં વધીને 11.39% પર પહોંચી ગઈ છે. સરકારે આજે, 14 ઓક્ટોબરે આ આંકડા જાહેર કર્યા. આ પાંચ મહિનામાં સૌથી વધુ છે. ઓગસ્ટમાં તે 9.92% હતી. જથ્થાબંધ મોંઘવારી વધવાનું કારણ ખાદ્યપદાર્થો, ઈંધણ, વીજળી અને મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટ્સ મોંઘા થવા છે. સપ્ટેમ્બરમાં રિટેલ મોંઘવારી પણ વધીને 5.54% પર પહોંચી ગઈ છે. ઓગસ્ટમાં તે 4.82% હતી. જથ્થાબંધ મોંઘવારી દર 11.39% હોવાનો અર્થ એ છે કે ગયા વર્ષે આ સમયે જે સામાન જથ્થાબંધ



બજારમાં 100માં મળતો હતો, તે આજે લગભગ 111.39નો છે. આ આંકડા નવા આધાર વર્ષ મુજબ છે. સરકારે 15 જૂન 2026ના રોજ WPIનું નવું આધાર વર્ષ 2022-23 લાગુ કર્યું હતું. તેણે જૂની 2011-12ની શ્રેણીનું સ્થાન લીધું છે. કુલ જથ્થાબંધ મોંઘવારીમાં મોટો વધારો: સપ્ટેમ્બર મહિનામાં જથ્થાબંધ મોંઘવારીનો દર વધીને 11.39% પર પહોંચ્યો, જે ઓગસ્ટમાં 9.92% નોંધાયો હતો.

ખાવા-પીવાની વસ્તુઓમાં તેજી: ખાદ્ય પદાર્થોની મોંઘવારીનો દર ઓગસ્ટના 7.05%ના આંકડાથી વધીને સપ્ટેમ્બરમાં 8.66% નોંધાયો.

ઈંધણ અને વીજળી ક્ષેત્રમાં ઉછાળો: ઈંધણ અને વીજળી ક્ષેત્રમાં મોંઘવારીનો દર ઓગસ્ટના 22.93%થી ઝડપથી વધીને 25.85% પર પહોંચ્યો. કાચા માલની કિંમતોમાં વધારો: કાચા માલની મોંઘવારીનો દર ઓગસ્ટના 7.76%થી વધીને સપ્ટેમ્બરમાં 8.67% થયો. કારખાનાઓમાં બનેલી વસ્તુઓ મોંઘી: ઉત્પાદિત વસ્તુઓની મોંઘવારીનો દર ઓગસ્ટના 8.37%થી વધીને 9.76% થયો.

### સોનું 1,272 રૂપિયા ઘટીને 1.46 લાખ રૂપિયા પર આવી ગયું

## એક કિલો ચાંદીનો ભાવ 4,646 રૂપિયા ઘટીને 2.20 લાખ રૂપિયા થયો

મુંબઇ

આજે એટલે કે 14 ઑક્ટોબરે સોનાના ભાવમાં સતત ત્રીજા દિવસે ઘટાડો નોંધાયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,272 રૂપિયા ઘટીને 1.46 લાખ રૂપિયા પર આવી ગયું છે. એક કિલો ચાંદીનો ભાવ 4,646 રૂપિયા ઘટીને 2.20 લાખ રૂપિયા થયો છે. જોકે, ત્રણ દિવસમાં સોનું લગભગ 3 હજાર રૂપિયા અને ચાંદી 6 હજાર રૂપિયા સસ્તી થઈ છે. ચાંદીના ભાવ તેના લાઈફટાઈમ હાઈ લેવલથી 2.03 લાખ ઘટ્યા, જ્યારે સોનું લગભગ 44,000 ઘટ્યું છે. આ પહેલાં ગયા મહિને એટલે કે સપ્ટેમ્બરમાં સોનું 8 હજાર અને ચાંદી 15



હજાર રૂપિયા સસ્તી થઈ હતી. 31 ઑગસ્ટે સોનું પ્રતિ 10 ગ્રામ 1.56 લાખ રૂપિયા હતું, જે 30 સપ્ટેમ્બરે ઘટીને 1.48 લાખ રૂપિયા પર આવી ગયું. તેવી જ રીતે, 1 કિલો ચાંદીનો ભાવ 2.37 લાખ રૂપિયાથી ઘટીને 2.22 લાખ રૂપિયા પર આવી ગયો. નિષ્ણાતોનું માનવું છે કે હાલમાં સોના-ચાંદીના ભાવમાં ઉતાર-ચઢાવ યથાવત્ રહી શકે છે:

અમેરિકાની કેન્દ્રીય બેંક 'ફેડરલ રિઝર્વ'એ 3 વર્ષમાં પહેલીવાર વ્યાજદરમાં વધારો કર્યો છે. જેના કારણે સોનાના ભાવમાં ઘટાડો થયો છે. અમેરિકા-ઈરાન યુદ્ધ અને આર્થિક અનિશ્ચિતતાને કારણે સોનાને ટેકો મળી શકે છે. રોકાણકારો ફરી એકવાર સોનાને સુરક્ષિત રોકાણ તરીકે પસંદ કરી શકે છે. રોકાણકારોએ સાવચેત રહેવું જોઈએ, કારણ કે બજારમાં હજુ પણ નબળાઈના સંકેતો જોવા મળી રહ્યા છે. કોઈપણ મોટા ઘટાડા પર ખરીદીની તક પણ ઊભી થઈ શકે છે.

### જન્મથી 40% દિવ્યાંગોને પેન્શન, 3 મોટા નિર્ણયો

## નવરાત્રિમાં જ સરકારની દિવાળી ગિફ્ટ: 11.40 લાખ કર્મીઓને 78 દિવસનું દિવાળી બોનસ

### કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે રેલવેના આશરે 11 લાખ 40 હજાર પાત્ર કર્મચારીઓને 78 દિવસનું પ્રોડક્ટિવિટી લિંક્ડ બોનસ (PLB) આપવામાં આવશે

મુંબઇ

કેન્દ્ર સરકારે દિવાળી પહેલાં રેલવેના આશરે 11.40 લાખ પાત્ર કર્મચારીઓને 78 દિવસનું બોનસ આપવાની મંજૂરી આપી છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવના જણાવ્યા મુજબ, તેના પર 2,009 કરોડનો ખર્ચ થશે. કેબિનેટે દિવ્યાંગ પેન્શનના નિયમોમાં પણ ફેરફાર કર્યો છે. હવે પેન્શન માટે 80%ની જગ્યાએ 40% દિવ્યાંગતા જરૂરી રહેશે અને પાત્રતા જન્મથી લાગુ થશે. પીએમ મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં કુલ 3 નિર્ણયો લેવામાં આવ્યા. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે રેલવેના આશરે 11 લાખ 40 હજાર પાત્ર કર્મચારીઓને 78 દિવસનું પ્રોડક્ટિવિટી લિંક્ડ બોનસ (PLB) આપવામાં આવશે. તેના પર આશરે 2,009 કરોડનો ખર્ચ થશે. વૈષ્ણવે કહ્યું કે રેલવે કર્મચારીઓ દિવસ-રાત કામ કરે છે. જ્યારે લોકો પોતાના પરિવાર સાથે તહેવાર મનાવે છે, ત્યારે પણ કર્મચારીઓ રેલવે ટ્રેક, એન્જિન અને વર્કશોપમાં ફરજ




બજાવે છે. તેમની મહેનતને ધ્યાનમાં રાખીને બોનસ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દિવ્યાંગ પેન્શન યોજના હેઠળ હવે 0થી 79 વર્ષની ઉંમરના લાભાર્થીઓને 375 અને 80 વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકોને 625ની સહાય મળશે. યોજનાનો લાભ લેવા માટે દિવ્યાંગતાની ન્યૂનતમ મર્યાદા 80%થી ઘટાડીને 40% કરવામાં આવી છે. સાથે જ, પેન્શન માટેની ન્યૂનતમ ઉંમરની શરત જન્મથી જ લાગુ થશે. નવા નિયમો, પાત્રતા અને લાભાર્થીઓની સંખ્યા સાથે સંબંધિત માર્ગદર્શિકા ત્રણ મહિનાની અંદર જાહેર કરવામાં આવશે. રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમની શરૂઆત 15 ઓગસ્ટ 1995ના રોજ થઈ હતી. તેનો હેતુ ગરીબ પરિવારોને આર્થિક મદદ પૂરી પાડવાનો છે. આ યોજના બંધારણના અનુચ્છેદ 41માં આપેલા રાજ્યના નીતિનિર્દેશક સિદ્ધાંતો હેઠળ શરૂ કરવામાં આવી હતી. દિવ્યાંગ પેન્શનના નિયમોમાં ફેરફાર દિવ્યાંગજન અધિકાર અધિનિયમ, 2016 હેઠળ નક્કી કરવામાં આવેલી જોગવાઈઓ અનુસાર કરવામાં આવ્યો છે. તેમાં 40% કે તેથી વધુ દિવ્યાંગતાને બેન્ચમાર્ક દિવ્યાંગતા માનવામાં આવી છે. કાયદામાં દિવ્યાંગો માટેની સહાય રકમ સમાન શ્રેણીની અન્ય યોજનાઓની તુલનામાં 25% વધુ રાખવાની જોગવાઈ પણ છે.

## સેન્સેક્સ 252 અંક ઘટીને 72,782 પર બંધ

- નિફ્ટી પણ 99 અંક નીચે આવ્યો
- ઓટો અને ફાર્મા શેરોમાં વધુ વેચવાલી

મુંબઇ

શેરબજારમાં આજે એટલે કે 14 ઑક્ટોબરે ઘટાડો નોંધાયો. સેન્સેક્સ 252 પૉઈન્ટના ઘટાડા સાથે 72,782 પર બંધ થયો. નિફ્ટી પણ 99 પૉઈન્ટ નીચે આવીને 22,623 પર પહોંચી ગયો છે. ઑટો, ફાર્મા અને રિયલ્ટી શેરોમાં આજે વધુ વેચવાલી રહી. મહારત્ન સરકારી કંપની BHELએ નાણાકીય વર્ષ 2026-27ના બીજા ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. કંપનીના કન્સોલિડેટેડ નેટ પ્રોફિટમાં વાર્ષિક ધોરણે આશરે 120%ની વૃદ્ધિ નોંધાઈ છે. તે વધીને 821 કરોડ રૂપિયા થયો છે, જ્યારે ગયા વર્ષની સમાન ત્રિમાસિક ગાળામાં તે 375 કરોડ રૂપિયા હતો. બીજી તરફ, કંપનીની કન્સોલિડેટેડ આવક ગયા વર્ષના 7,512 કરોડ રૂપિયાથી વધીને 9,300 કરોડ રૂપિયા થઈ ગઈ છે. ફ્યુઝન CXનો IPO આજથી ખુલ્યો ફ્યુઝન CXનો IPO આજથી ખુલ્યો છે, તેમાં 16 ઑક્ટોબર સુધી બિડ કરી શકાશે. પ્રતિ શેર 275થી 289ની કિંમત નક્કી કરવામાં આવી છે. લૉટ સાઈઝ 51 શેરની છે. કંપની આ IPO દ્વારા 702 કરોડ એકત્ર કરવા માગે છે. આ પહેલાં ગઈકાલે એટલે કે 13 ઑક્ટોબરે શેરબજારમાં તેજી રહી હતી. સેન્સેક્સ 1,109 પોઈન્ટ વધીને 73,034 પર બંધ થયો હતો.

# અમદાવાદમાં શ્વાસ લેવો પણ જોખમી બન્યો!: રાત્રે 7થી 11માં પ્રદૂષણમાં 20%નો ભયાનક ઉછાળો

## ધૂળિયા રસ્તા, બેફામ ટ્રાફિક અને ધુમાડાના ગોટેગોટાએ નાગરિકોના ફેફસાં રોળવ્યા: એરપોર્ટ વિસ્તારનો AQI 244 વિષચક્ર સમાન





અમદાવાદ

અમદાવાદવાસીઓ માટે એક અત્યંત ચિંતાજનક અને લાલબત્તી સમાન અહેવાલ સામે આવ્યો છે. 'સ્માર્ટ સિટી'નો દાવો કરતા અમદાવાદમાં હવે શુદ્ધ અને સ્વચ્છ હવા મેળવવી એક અશક્ય સપનું બની ગઈ છે. તાજેતરના ચોંકાવનારી વિગતો મુજબ, શહેરમાં રાત્રિના ૭થી ૧૧ વાગ્યાના સમયગાળા દરમિયાન હવાના પ્રદૂષણમાં ૨૦% જેટલો જંગી અને ભયાનક વધારો નોંધાયો છે! શહેરના ધૂળિયા રસ્તા, આડેધડ ચાલતા બાંધકામો અને પીક અવર્સ દરમિયાન થતા બેફામ ટ્રાફિકના કારણે અમદાવાદીઓના ફેફસાંમાં રોજ ઝેર ઘોળાઈ રહ્યું છે.

પ્રદૂષણના આંકડા સામે આવતાં જ નાગરિકો અને પર્યાવરણપ્રેમીઓમાં ફાળ પડી છે. શહેરના અલગ-અલગ વિસ્તારોમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) જોખમી સ્તરે પહોંચી ગયો છે: જ્યાં વિદેશી મહેમાનો અને દેશના મહાનુભાવો આવે છે, તેવા એરપોર્ટ વિસ્તારમાં AQI ૨૪૪ પર પહોંચી ગયો છે, જે 'ખરાબ' અને અત્યંત ઝેરી શ્રેણીમાં આવે છે.

પશ્ચિમ અમદાવાદના પોશ ગણાતા બોપલ વિસ્તારમાં પણ AQI ૧૫૫ નોંધાતા અહીંની હવા પણ લોકોના સ્વાસ્થ્ય માટે હાનિકારક બની ચૂકી છે. આ આંકડા દર્શાવે છે કે અમદાવાદમાં શ્વાસ લેવો એ હવે ધીમા ઝેર સમાન બની ગયું છે. નાના બાળકો, વૃદ્ધો અને અસ્થમાના દર્દીઓ માટે આ હવા જીવલેણ સાબિત થઈ રહી છે.

**ધૂળિયા રસ્તા અને વહીવટીતંત્રની લાપરવાહી: જવાબદાર કોણ? |** શહેરમાં ઠેર-ઠેર ચાલી રહેલા રોડ-રસ્તાના ખોદકામ, બ્રિજ અને બાંધકામના કારણે ઉડતી ધૂળ તેમ જ વાહનોમાંથી નીકળતો ઝેરી ધુમાડો હવાની ગુણવત્તાને સતત બગાડી રહ્યો છે. વહીવટીતંત્ર દ્વારા માત્ર મોટો દાવો કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે કોઈ નક્કર કે કડક પગલાં લેવામાં આવતાં નથી. પાણીના છંટકાવથી લઈને બાંધકામ ક્ષેત્રે નિયમોના પાલનની વાતો માત્ર કાગળ પર જ સીમિત રહી ગઈ છે.

**વિકાસની દોડમાં શુદ્ધ હવા ક્યાં ખોવાઇ રહી છે? |** આજે સૌથી મોટો સવાલ એ છે કે કરોડો રૂપિયાના પ્રોજેક્ટ્સ, સ્માર્ટ સિટીના દાવાઓ અને વિકાસની મોટી મોટી વાતો વચ્ચે અમદાવાદીઓ માટે જીવવા માટે જરૂરી શુદ્ધ હવા આખરે ક્યાં ખોવાઈ ગઈ છે? શહેરમાં જો નાગરિકોને સ્વચ્છ હવામાં શ્વાસ લેવા માટે પણ સંઘર્ષ કરવો પડતો હોય, તો આવા વિકાસની સાચી ઉપયોગિતા શું છે? એક તરફ આધુનિક સુવિધાઓ અને માળખાગત વિકાસની વાતો થઈ રહી છે, તો બીજી તરફ પ્રદૂષણના વધતા જોખમો નાગરિકોના સ્વાસ્થ્ય સામે ગંભીર પડકાર ઊભો કરી રહ્યા છે. હવે તંત્ર માત્ર આશ્વાસનો આપવાને બદલે પ્રદૂષણનાં કારણો શોધીને તેના નિવારણ માટે નક્કર અને અસરકારક પગલાં ક્યારે ભરશે? શું જવાબદાર વિભાગો હવાની ગુણવત્તા સુધારવા માટે કડક કાર્યવાહી કરશે કે પછી અમદાવાદીઓએ ઝેરી હવા વચ્ચે જ જીવવાની મજબૂરી સ્વીકારી લેવી પડશે? શહેરનો વિકાસ માત્ર ઊંચી ઈમારતો, નવા રસ્તાઓ અને મોટા પ્રોજેક્ટ્સથી નહીં, પરંતુ નાગરિકોને સ્વચ્છ હવા, સ્વસ્થ વાતાવરણ અને સુરક્ષિત જીવન મળે ત્યારે જ સાર્થક ગણાય.

# પોલીસની પ્લેટ લગાવી કારના બોનેટ પર કેક કાપવાનો શોખ ભારે પડ્યો!!

### અન્યની ગાડી ચોંટાડીને રોફ મારવાના ચક્કરમાં કાયદાના શિકંજામાં ફસાયો કિશન ભાલોડિયા

અમદાવાદ

અમદાવાદના ગૌરવ સમાન સાબરમતી રિવરફ્રન્ટ પર આજકાલ કેટલાક શોખીન અને કાયદાથી ઉપર સમજનારા તત્વો દ્વારા રીતસરનું મોરછલ ચલાવવામાં આવી રહ્યું છે. પોલીસ વિભાગ અને કાયદાની કઠોરતાને નેવે મૂકીને સોશિયલ મીડિયા પર પબ્લિસિટી મેળવવાના નામે ગતડે ચઢેલા નબીરાઓની હવે ખેર નથી. સાબરમતી રિવરફ્રન્ટ પર પોતાની બર્થડે (જન્મદિવસ)ની ઉજવણી કરવા માટે પોલીસની સરકારી નંબર પ્લેટ પોતાની ગાડી પર લગાવીને બોનેટ પર કેક કાપનાર એક મસ્તીખોર યુવકને રિવરફ્રન્ટ પોલીસે ધૂળ ચાટતો કરી દીધો છે! મળતી સચોટ વિગતો મુજબ, કીશન ભાલોડિયા નામના ૨૨ વર્ષીય યુવકે પોતાના જન્મદિવસને અંદાજપત્રથી હટકે અને 'રોયલ' બનાવવાની ઘેલછામાં તમામ હદો વટાવી દીધી હતી. તેણે સામાન્ય કાર પર પોલીસ વિભાગની ઓળખ આપતી નંબર પ્લેટ અથવા પ્રતીક લગાવી દીધું હતું. માત્ર એટલું જ નહીં, સાબરમતી રિવરફ્રન્ટ જેવા જાહેર અને અતિ સંવેદનશીલ વિસ્તારમાં પોતાની ગાડીના બોનેટ પર જાહેરમાં કેક મૂકીને બેફામ ઉજવણી કરી હતી. આ નબીરાનો આખો વીડિયો સોશિયલ મીડિયા પર આગની જેમ વાયરલ થઈ ગયો હતો. આ કિસ્સાની સૌથી ચોંકાવનારી વાત એ સામે આવી છે કે કિશન ભાલોડિયા પાસે પોતાની ગાડી પણ નહોતી! તેણે અન્ય કોઈ વ્યક્તિની ગાડી માંગીને કે ચોંટાડીને આ નાટક રચ્યું હતું અને તેના પર પોલીસની પ્લેટ લગાવીને સોશિયલ મીડિયા પર પોતાના 'સ્વેગ'ના રિલ્સ અપલોડ કર્યા હતા. કાયદાની આંખમાં ધૂળ નાખીને પોલીસના નામે ખોટો રૂઆબ જમાવવાની આ માનસિકતાએ વહીવટી તંત્રને પણ ચોંકાવી દીધું હતું. સોશિયલ મીડિયા પર આ ગેરકાયદેસર અને દબંગાઈભર્યો વીડિયો વાયરલ થતાં જ અમદાવાદ પોલીસના ઉચ્ચ અધિકારીઓ હરકતમાં આવી ગયા હતા. સાબરમતી રિવરફ્રન્ટ પોલીસ સ્ટેશનની ટીમે ટેક્નિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે ત્વરિત કાર્યવાહી કરીને આ વીડિયોના મુખ્ય પાત્ર એવા ૨૨ વર્ષીય કીશન ભાલોડિયાને શોધી કાઢ્યો હતો અને તેની ધરપકડ કરી લીધી હતી.

### 'અભયમ' ટીમની સમયસૂચકતાથી વૃદ્ધાનો બચાવ

# દીકરા-વહુના માનસિક ત્રાસ અને મારપીટથી કંટાળી 65 વર્ષીય માતા સાબરમતી નદીમાં આપઘાત કરવા પહોંચ્યા

અમદાવાદ

શહેરમાં વડીલો પ્રત્યે સંતાનોની સંવેદનશીલતા ઓસરી રહી છે તેવી વધુ એક હૃદયદ્રાવક ઘટના અમદાવાદ પશ્ચિમ વિસ્તારમાં સામે આવી છે. થોડીક રકમ અને મિલકતના વિવાદ તેમજ રોજીંદી જીઝ્ઝીઝથી કંટાળીને 65 વર્ષીય એક અસહાય માતાએ પોતાના જ દીકરા અને વહુના ત્રાસથી કંટાળીને જીવન ટૂંકાવવાનો ચરમ પગલું ભરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, 181 'અભયમ' ટીમની સમયસૂચકતા અને સતર્કતાને કારણે વૃદ્ધાનો જીવ બચી ગયો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, અમદાવાદ પશ્ચિમ વિસ્તારમાં રહેતા 65 વર્ષીય વૃદ્ધા સાથે તેમના દીકરો અને વહુ અવારનવાર નાની-નાની બાબતો અને તેમની પાસે રહેલી થોડી રકમને લઈને ઝઘડો અને મારપીટ કરતા હતા. પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ હતી કે ઘરમાં પૂરતું જમવાનું પણ આપવામાં આવતું ન હતું અને સતત માનસિક ત્રાસ ગુજારવામાં આવતો હતો. એટલું જ નહીં, અગાઉ બે મહિના પહેલાં પણ આ બાબતે રહેણાંક વિસ્તારના પોલીસ સ્ટેશને વહુ વિરુદ્ધ લેખિત અરજી કરવામાં આવી હતી, જેના કારણે વેવાઈ-વેવાણ પણ અવારનવાર ઝઘડા કરતા હતા. આ રોજીંદા ત્રાસ અને અપમાન થી કંટાળીને ગત રાત્રે આશરે 10 વાગ્યે વૃદ્ધા પોતાનું ઘર છોડીને સાબરમતી રિવરફ્રન્ટ પર આપઘાત કરવાના ઈરાદે પહોંચી ગયા હતા. રિવરફ્રન્ટ પર એક વડીલ મહિલાની શંકાસ્પદ અને ચિંતાજનક સ્થિતિ જોઈ ને ત્રાહિત વ્યક્તિએ ત્વરિત 181 'અભયમ' હેલ્પલાઈનને કોલ કર્યો હતો. કોલ મળતા જ એલિસબ્રિજ વિસ્તારની 181 અભયમની ટીમ પળનો પણ વિલંબ કર્યા વિના તાત્કાલિક સાબરમતી નદીના કિનારે પહોંચી ગઈ હતી. અભયમની કાઉન્સિલરે વૃદ્ધા સાથે હૂંફપૂર્વક વાતચીત કરી તેમનું સાંત્વનાભર્યું કાઉન્સેલિંગ કર્યું હતું. કાઉન્સેલિંગ દરમિયાન વૃદ્ધાએ રૂંધાયેલા અવાજે પોતાની આપવીતી વર્ણવતા જણાવ્યું હતું કે, 'દીકરો અને વહુ પૈસા બાબતે રોજ મારામારી કરે છે, મને જમવાનું પણ સરખી રીતે આપતા નથી અને વેવાઈ-વેવાણ પણ મને હેરાન કરે છે.'

### અમદાવાદમાં 158 શરણાર્થી પરિવારોનું દશકો જૂનું સ્વપ્ન સાકાર

# ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે અપાયા ભારતીય નાગરિકતાના સર્ટિફિકેટ!




અમદાવાદ

વર્ષોથી પોતાના અસ્તિત્વ, ઓળખ અને સુરક્ષિત ભવિષ્ય માટે સંઘર્ષ કરી રહેલા ૧૫૮ રેફ્યુજી (શરણાર્થી) પરિવારો માટે મંગળવારનો દિવસ નવજીવન અને વિજયનો ઉત્સવ બની રહ્યો હતો. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજિત એક વિશેષ અને ગૌરવપૂર્ણ કાર્યક્રમમાં રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવીના હસ્તે ૧૫૮ શરણાર્થી પરિવારોને વિધિવત રીતે ભારતીય નાગરિકતાના સર્ટિફિકેટ સુપ્રત કરવામાં આવ્યા હતા. પોતાના હાથમાં ભારત દેશની નાગરિકતાનું પ્રમાણપત્ર આવતાં જ લાભાર્થી પરિવારોના ચહેરા પર ખુશી અને આંખોમાં હર્ષના આંસુ છલકાઈ ગયા હતા. તંત્ર દ્વારા આપવામાં આવેલી સત્તાવાર માહિતી અનુસાર, નાગરિકતા મેળવનારા આ ૧૫૮ લાભાર્થીઓમાંથી ૧૨૬ લોકોને કેન્દ્ર સરકારના ઐતિહાસિક 'નાગરિકતા સુધારા કાયદા' (CAA) હેઠળ સન્માનજનક રીતે ભારતની નાગરિકતા આપવામાં આવી છે.

જ્યારે અન્ય ૩૨ લોકોને કલેક્ટર કચેરી દ્વારા નિયમાનુસાર જરૂરી પ્રક્રિયાઓ પૂર્ણ કરીને નાગરિકતા એનાયત કરવામાં આવી હતી. આ તમામ લાભાર્થીઓ પોતાના વતનમાં ભોગવેલા ધાર્મિક ઉત્પીડન, અસુરક્ષા અને અનેકવિધ યાતનાઓ સહન કર્યા બાદ પાકિસ્તાનથી સ્થળાંતર કરીને ભારત આવ્યા હતા.

વર્ષો સુધી અસ્થિરતામાં જીવ્યા બાદ આજે જ્યારે તેમને ભારત દેશના નાગરિક તરીકેના તમામ અધિકારો અને ઓળખ પ્રાપ્ત થઈ છે, ત્યારે તેઓએ ભારત સરકાર અને ગુજરાત વહીવટીતંત્રનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

## નવરાત્રીના ગરબાના થનગનાટ વચ્ચે વેજલપુર 'SHE ટીમ'ની સરાહનીય કામગીરી

અમદાવાદ

ખેલૈયાઓના થનગનાટ અને ગરબાની રમઝટ વચ્ચે નવરાત્રીના પવિત્ર તહેવાર દરમિયાન અમદાવાદ પોલીસની 'SHE ટીમ' દ્વારા એક અત્યંત પ્રશંસનીય અને માનવીય કામગીરી પાર પાડવામાં આવી છે. વેજલપુર પોલીસ સ્ટેશનની 'SHE ટીમ'ની જાગરૂકતા અને ત્વરિત કામગીરીને કારણે ગરબાના આયોજન સ્થળ કે ભીડભાડ વાળા વિસ્તારમાં પરિવારથી વિખૂટું પડી ગયેલું એક નાનું માસૂમ બાળક સુરક્ષિત રીતે તેના પરિવારજનોને પરત મળી શક્યું છે.

મળતી વિગતો મુજબ, નવરાત્રી દરમિયાન સુરક્ષા અને મહિલાઓની સલામતી માટે વેજલપુર વિસ્તારમાં 'SHE ટીમ' દ્વારા સતત પેટ્રોલીંગ અને સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન ભીડભાડ વાળા વિસ્તારમાં એક નાનું માસૂમ બાળક પોતાના પરિવારથી છૂટું પડી જતાં એકલું-અટૂલું ભટકતું અને રડતું નજરે પડ્યું હતું.

### અમદાવાદમાં શિક્ષણ ક્ષેત્રે નવો અધ્યાય

# મણિનગર અનુપમ (સ્માર્ટ) શાળા નં.1નું ભવ્ય લોકાર્પણ, બાળકોને મળશે હાઇટેક શિક્ષણની ભેટ!




અમદાવાદ

અમદાવાદ શહેરમાં પ્રાથમિક શિક્ષણનું સ્તર વધુ ઊંચું લાવવા અને ગરીબ તથા મધ્યમ વર્ગના બાળકોને પણ ખાનગી શાળાઓ જેવી જ આધુનિક સુવિધાઓ પૂરી પાડવાના ભગીરથ કાર્ય અંતર્ગત આજે એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ થઈ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે નવનિર્મિત 'મણિનગર અનુપમ (સ્માર્ટ) શાળા નં. ૧'નું આજે ખૂબ જ ધામધૂમથી અને ગૌરવપૂર્ણ વાતાવરણમાં લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ ગૌરવવંતા લોકાર્પણ પ્રસંગે અમદાવાદના મેયર શ્રી હિતેશ બારોટ, સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી કમલેશ પટેલ સહિતના ઉચ્ચ પદાધિકારીઓ અને અનેક ગણમાન્ય મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત તમામ મહાનુભાવોએ શાળાના નવનિર્મિત ભવન, સ્માર્ટ ક્લાસરૂમ્સ અને અન્ય શૈક્ષણિક સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રશંસા કરી હતી. મણિનગર ખાતે શરૂ થયેલી આ અનુપમ સ્માર્ટ શાળા માત્ર એક મકાન નથી, પરંતુ ગરીબ અને જરૂરિયાતમંદ વિધાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યની ગેરંટી છે. શાળામાં બાળકોને ડિજિટલ બોર્ડ, આધુનિક કોમ્પ્યુટર લેબ, મનોરંજક રમતો સાથે શિક્ષણ, સ્વચ્છ પીવાના પાણીની સુવિધા અને સલામત વાતાવરણ પૂરું પાડવામાં આવ્યું છે. ખાનગી શાળાઓની ભારેખમ ફી ભરી ન શકતા વાલીઓ માટે આ સરકારી સ્માર્ટ શાળા એક મોટો આશરો અને આશીર્વાદરૂપ સાબિત થશે. મેયર શ્રી હિતેશ બારોટ અને સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, શહેરના દરેક બાળકને ગુણવત્તાસભર અને આધુનિક શિક્ષણ મળે તે માટે તંત્ર કટિબદ્ધ છે.

## સંક્ષીપ્ત સમાચાર

### દારૂ અને એટ્રોસિટીના ગુનામાં દોઢ મહિનાથી ફરાર કુખ્યાત રાજાભાઈ ઉર્ફે લાલુ કાશીચંદાની આખરે જેલભેગો!

અમદાવાદ શહેરમાં ગુનાખોરી આચરતા અને કાયદાની આંખમાં ધૂળ નાખીને લાંબા સમયથી નાસતા ફરતા કુખ્યાત તત્વો પર હવે અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે સકંજો કસી દીધો છે. પોલીસની ઘાતક અને સઘન તપાસ વચ્ચે દારૂના એક ગુનામાં છેલ્લા દોઢ મહિનાથી ભૂગર્ભમાં ઉતરી ગયેલા અને અનેક ગંભીર ગુનાઓ આચરનાર માથાભારે આરોપી આખરે ક્રાઈમ બ્રાન્ચના હાથ ઝડપાઈ ગયો છે. પોલીસની આ આક્રમક કાર્યવાહીથી અપરાધીઓની ઊંઘ હરામ થઈ ગઈ છે. મળતી સચોટ વિગતો મુજબ, પકડાયેલા આરોપીની ઓળખ રાજાભાઈ ઉર્ફે લાલુ કાશીચંદાની તરીકે થઈ છે. આ કુખ્યાત શખ્સ વિરુદ્ધ અગાઉ દારૂની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવવા બદલ ગુનો નોંધાયેલો હતો અને તે છેલ્લા દોઢ મહિનાથી પોલીસ પકડથી બચવા માટે સતત ફરાર ચાલી રહ્યો હતો. એટલું જ નહીં, આ આરોપી માત્ર દારૂના ગુના પૂરતો મર્યાદિત નહોતો, પરંતુ તેની સામે એરપોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મારામારી (Assault) અને એટ્રોસિટી (Atrocity Act) જેવા અત્યંત ગંભીર ગુનાઓ પણ નોંધાયેલા હતા, જેમાં પણ તે લાંબા સમયથી વોન્ટેડ જાહેર કરાયો હતો.

### નિકોલ પોલીસ સ્ટેશનના છેતરપિંડીના ગુનામાં વોન્ટેડ સુરેશ વૈષ્ણવ રાજસ્થાનથી ઝડપાયો

નિકોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં વર્ષો પહેલા આચરવામાં આવેલા છેતરપિંડીના એક ગંભીર ગુનામાં લાંબા સમયથી નાસતા ફરતા આરોપીને પકડવામાં અમદાવાદ શહેર ઝોન 8 એલસીબી (LCB) ની ટીમને મોટી સફળતા મળી છે. છેલ્લા આઠ વર્ષથી પોલીસ પકડથી દૂર રહેલા આ કુશળ આરોપીને પોલીસે રાજસ્થાનના અંતરિયાળ વિસ્તારમાંથી દબાવી દીધો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, નિકોલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપિંડીના ગુનામાં ૩૬ વર્ષીય આરોપી સુરેશ વૈષ્ણવ લાંબા સમયથી વોન્ટેડ હતો અને ગુનાને અંજામ આપ્યા બાદથી તે સતત પોતાના ઠેકાણા બદલીને ફરાર થઈ ગયો હતો. આ કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અમદાવાદ શહેર પોલીસ કમિશનર તેમજ ઉચ્ચ અધિકારીઓ દ્વારા લાંબા સમયથી નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે વિશેષ ડ્રાઈવ શરૂ કરવામાં આવી હતી. આ સૂચનાના આધારે ઝોન 8 એલસીબીની ટીમ સક્રિય બની હતી અને ટેક્નોલોજી તેમજ હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી વોન્ટેડ આરોપીઓનું નેટવર્ક ટ્રેક કરવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન બાતમીદારો અને સતત ટેક્નિકલ સર્વેલન્સના આધારે પોલીસને ચોક્કસ માહિતી મળી હતી.

### કુબેર નગરમાં પરિણીતા સાથે વિધિના નામે ઢોંગી ભુવાનું દુષ્કર્મ, નોંધાઈ ફરિયાદ

અમદાવાદના કુબેરનગર વિસ્તારમાં સાસુની માંદગી અને ઘરની આર્થિક તંગી દૂર કરવાના બહાને વિધિ કરવાના નામે 27 વર્ષીય પરિણીતા સાથે શારીરિક અડપલાં કરી દુષ્કર્મ આચરી ભુવો ફરાર થઈ ગયો છે. મહાજનવાસમાં રહેતા મેલડી માતાના ભુવા દીપક પરમારે મહિલાના પતિને બહાર વિધિ માટે મોકલી એકલતાનો લાભ ઉઠાવી દુષ્કર્મ આચર્યું હતું. ઘટના બાદ ભુવાએ મેલી વિદ્યા કરવાની ધમકી પણ આપી હતી. આ મામલે શરૂઆતમાં સામાજિક સ્તરે સમાધાનના પ્રયાસો નિષ્ફળ રહેતાં આખરે ભોગ બનનાર પરિણીતાએ સરદારનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કુબેરનગરમાં રહેતી 27 વર્ષીય પરિણીતાના ઘરમાં લાંબા સમયથી આર્થિક સંકડામણ હતી અને તેના સાસુ સતત બીમાર રહેતા હતા. આથી પરિવારે કુબેરનગરના મહાજનવાસમાં રહેતા અને મેલડી માતાના ભુવા તરીકે ઓળખાતા દીપક પરમારનો સંપર્ક કર્યો હતો. ગત 3 ઓક્ટોબરની સાંજે દીપક પરમાર મહિલાના ઘરે પહોંચ્યો હતો.

### અમદાવાદના જગતપુરમાં બાંધકામ સાઈટે વીજ કરંટથી 15 વર્ષના સગીર શ્રમિકનું મોત, પોલીસમાં ફરિયાદ

અમદાવાદના જગતપુર વિસ્તારમાં આવેલી એક બાંધકામ સાઈટ પર 11 ઓક્ટોબરના રોજ કોન્ટ્રાક્ટર અને બિલ્ડરની બેદરકારીના કારણે 15 વર્ષીય સચિન નામના સગીર શ્રમિકનું વીજ કરંટ લાગવાથી કરુણ મોત નીપજ્યું હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે. સાઈટ પર કોઈપણ પ્રકારના સુરક્ષાના અભાવે અને પાણી વચ્ચે ખુલ્લા મુકાયેલા જોખમી વીજ વાયરોના કારણે સર્જાયેલી આ દુર્ઘટના અંગે મૃતકના મોટા ભાઈ મીસમ ગરાસીયાએ મુખ્ય કોન્ટ્રાક્ટર, સુપરવાઈઝર અને જવાબદાર બિલ્ડર વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી કાર્યવાહીની માંગ કરી છે. ફરિયાદી મીસમ રમેશભાઈ ગરાસીયા અને તેમનો 15 વર્ષીય નાનો ભાઈ સચિન અન્ય શ્રમિકો સાથે 11 ઓક્ટોબરના રોજ જગતપુર ખાતે આવેલી બ્લ્યુ વેલ બાંધકામ સાઈટ પર મજૂરીકામ માટે ગયા હતા. સાઈટના મુખ્ય કોન્ટ્રાક્ટર કાંતીભાઈ મિસ્ત્રી અને સુપરવાઈઝર નાનજીભાઈ સોલંકી દ્વારા સચિનને લોખંડના ઘોડા ઊંચકીને પહોંચાડવાનું કામ સોંપવામાં આવ્યું હતું. બપોરે આશરે સચિન અન્ય એક શ્રમિક સાથે લોખંડનો ઘોડો લઈને જઈ રહ્યો હતો ત્યારે જમીન પર પાણી ભરાયેલું હતું અને ત્યાંથી પસાર થતા મશીનના ખુલ્લા વીજ વાયર પર તેનો પગ પડી ગયો હતો.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI